# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
પેપરાઝી પર ભડકી નતાશા સ્ટેનકોવિક...



પેજ-09
ટીમ ઇન્ડિયાના હેડ કોચ કેમ ન બન્યા VVS લક્ષ્મણ, બોર્ડે આઝાદી આપી છતાં...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 26.00 |
| વડોદરા | 28.00 | 26.00 |
| સુરત | 28.00 | 26.00 |

પેજ 5



ઈરાન યુદ્ધના બહાને માર્કેટ મેનિપ્યુલેશન કરે છે : ડોનાલ્ડ ટ્રમ્પ

**11** AUGUST-2026 TUESDAY

ઇઝરાયલી વડાપ્રધાને પેલેસ્ટાઇન દેશ બનાવવાની યોજના ફગાવી



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 78542.44 | ▲ | 43.27 |
| નિફ્ટી | 24583.80 | ▲ | 13.15 |
| સોનું | 151989.00 | ▲ | 169.00 |
| ચાંદી | 233592.00 | ▲ | 2126.00 |


વર્ષ-15 । અંક-268 । વિક્રમ સંવત-2082 । અષાઢ વદ - 13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### પોલીસના લાખ પ્રયત્નો છતાં વિદ્યાર્થીઓનો જુસ્સો જરાય ડગ્યો ન હતો

# ઝારખંડમાં વિધાનસભાના ઘેરાવ વખતે પોલીસ દ્વારા વોટર કેનનનો મારો ચલાવાતા વિદ્યાર્થીઓ ડરવાના બદલે નાચવા લાગ્યા

(એજન્સી) રાંચી | તા 10

દેશના વિવિધ રાજ્યોમાંથી અવારનવાર વિરોધ પ્રદર્શનના અનોખા કિસ્સાઓ સામે આવતા હોય છે, પરંતુ ઝારખંડની રાજધાની રાંચીમાંથી એક એવો વાયરલ દ્રશ્ય સામે આવ્યો છે જેને જોઈને સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા છે. વિધાનસભાનો ઘેરાવ કરવા માટે નીકળેલા હજારો પરીક્ષા ઉમેદવારોને વિખેરવા માટે જ્યારે પોલીસે વોટર કેનનનો ઉપયોગ કર્યો, ત્યારે વિદ્યાર્થીઓ ગભરાઈને ભાગવાને બદલે પાણીની ધાર નીચે જ મસ્તીમાં નાચવા અને ઝૂમવા લાગ્યા હતા.રાંચીના ધુરવા મોડ અને જગન્નાથપુર મંદિરની આસપાસ સુરક્ષા દળો દ્વારા ભારે બેરિકેડિંગ કરવામાં આવ્યું હતું. બપોરના સમયે જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમથી નીકળેલો હજારો વિદ્યાર્થીઓનો કાફલો જેવો જ આ બેરિકેડ્સ પાસે પહોંચ્યો, કે તરત જ પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ ગઈ



હતી. સ્થિતિને નિયંત્રણમાં લાવવા માટે તંત્ર દ્વારા પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો, પરંતુ યુવાનોએ આ પ્રહારને પણ એક મનોરંજક ઉત્સવમાં ફેરવી નાખ્યો હતો.પાણીનો મારો શરૂ થતાં જ વિદ્યાર્થીઓના ડઝનબંધ જૂથોએ એકબીજાનો હાથ પકડી લીધો અને સૂત્રોચ્ચાર કરતાં-કરતાં પાણી વચ્ચે જ થિરકવા લાગ્યા. જોતજોતામાં મુખ્ય રાજમાર્ગ કોઈ વોટર પાર્કમાં ફેરવાઈ ગયો હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. આંદોલન કરી રહેલા એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે તેઓ છેલ્લા સત્તર દિવસથી તડકા અને વરસાદમાં ભૂખ્યા-તરસ્યા બેઠા છે અને સિસ્ટમે ભરતી પરીક્ષાઓના નામે જે અન્યાય કર્યો છે તેને પોલીસનું આ પાણી બુઝાવી શકે તેમ નથી.આ અનોખા વિરોધ પ્રદર્શન પાછળ યુવાનોની લાંબી વેદના અને સરકાર સામેનો રોષ છુપાયેલો છે. પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓ અને વિલંબથી કંટાળીને આ યુવાનો રસ્તા પર ઉતર્યા હતા.

### ઈથેનોલ મિશ્રણના વિરોધ પર મર્યાદા વટાવી

## ભાજપ સાંસદ જનાર્દન મિશ્રાનું વિવાદિત નિવેદન વાયરલ

રીવા: મધ્ય પ્રદેશની રીવા લોકસભા બેઠકના ભારતીય જનતા પાર્ટીના સાંસદ જનાર્દન મિશ્રા ફરી એકવાર પોતાના વિવાદિત અને મર્યાદાહીન નિવેદનને કારણે દેશભરમાં ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. રીવા એરપોર્ટ પર આયોજિત એક સત્તાવાર કાર્યક્રમ દરમિયાન ઈથેનોલ મિશ્રણનો વિરોધ કરનારા અને શુદ્ધ પેટ્રોલની માંગ કરનારા લોકો સામે તેમણે જાહેર મંચ પરથી અત્યંત આક્રમક અને અશોભનીય ભાષાનો પ્રયોગ કર્યો હતો, જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ભારે વાઈરલ થઈ રહ્યો છે. રીવા એરપોર્ટ પર કોલકાતા-રીવા-ભોપાલ હવાઈ સેવાનો પ્રારંભ કરાવવા માટે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સરકારની નીતિઓ અને વિકાસકાર્યોની પ્રશંસા કરતા સાંસદ જનાર્દન મિશ્રાએ પેટ્રોલમાં વીસ ટકા ઈથેનોલ મિશ્રણની નીતિનું જોરદાર



સમર્થન કર્યું હતું. તેમણે બ્રાઝિલનું ઉદાહરણ આપતાં દાવો કર્યો હતો કે ભારતીય વાહનો પણ હવે ઈથેનોલ પર સરળતાથી ચાલવા માટે સક્ષમ છે, અને આ નીતિ દેશના હિતમાં છે.ઈથેનોલ મિશ્રણનો વિરોધ કરનારા અને શુદ્ધ પેટ્રોલની માંગ કરનારાઓ પર નિશાન સાધતા સાંસદ મિશ્રા પોતાની મર્યાદા ભૂલી ગયા હતા.

તેમણે મંચ પરથી ઉશ્કેરાઈને જાહેરમાં સવાલ કર્યો હતો કે, "શુદ્ધ પેટ્રોલ શું તમારા બાપના ઘરેથી આવશે?" જે સમયે સાંસદ આ પ્રકારનું નિવેદન આપી રહ્યા હતા, તે જ સમયે મંચ પર મધ્ય પ્રદેશના નાયબ મુખ્યમંત્રી રાજેન્દ્ર શુક્લા, રાજ્ય મંત્રી પ્રતિભા બાગરી, સતના સાંસદ ગણેશ સિંહ સહિત અનેક વરિષ્ઠ ધારાસભ્યો અને નેતાઓ ઉપસ્થિત હતા. નોંધનીય છે કે જનાર્દન મિશ્રા અગાઉ પણ અનેક વખત પોતાના અજીબોગરીબ અને વિવાદિત નિવેદનોને કારણે રાષ્ટ્રીય સ્તરે વિવાદોમાં ઘેરાઈ ચૂક્યા છે. આ તાજા વીડિયો સામે આવ્યા બાદ રાજકીય વર્તુળો અને સામાન્ય જનતામાં રોષની લાગણી ફેલાઈ છે. વિપક્ષી દળો દ્વારા સત્તાધારી પક્ષના નેતાઓની આ પ્રકારની ભાષા સામે કડક પ્રહારો કરવાની તૈયારીઓ ચાલી રહી છે, જે આગામી સમયમાં રાજકારણને વધુ ગરમાવી શકે છે.

## News Brief

### રેસ્ટોરન્ટવાળા સાથે કેમ ઝઘડો કર્યો?' PM મોદીએ બોક્સર લવલીનાને પૂછ્યો સવાલ!



(એજન્સી) નવી દિલ્હી | તા 10

ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં સિલ્વર મેડલ જીતનારી ભારતીય બોક્સર લવલીના બોરગોહેનની પીએમ મોદીએ ખાસ પ્રશંસા કરી છે. લવલીનાએ કોમનવેલ્થ ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કરીને મેડલ તો જીત્યો જ, પણ સાથે જ ગ્લાસગોના એક રેસ્ટોરન્ટમાં ભારતનો ખોટો નકશો જોઈને તેની સામે વિરોધ પણ નોંધાવ્યો હતો. મહિલાઓના 75 કિગ્રા વજન વર્ગમાં સિલ્વર મેડલ જીત્યા બાદ ભારતીય બોક્સિંગ ટીમ ગ્લાસગોના 'મિસ્ટર સિંઘ્સ ઈન્ડિયા' રેસ્ટોરન્ટમાં ઉજવણી કરવા પહોંચી હતી. મુલાકાત દરમિયાન પીએમ મોદીએ હળવા અંદાજમાં લવલીનાને પૂછ્યું, 'શું થયું, તમે રેસ્ટોરન્ટવાળા સાથે ઝઘડો કરી રહ્યા હતા?' જેના પર લવલીના હસી પડી અને આખી ઘટના જણાવી. લવલીનાએ કહ્યું કે, 'ઉજવણીના માહોલમાં પણ ભારતનો ક્ષતિગ્રસ્ત નકશો જોઈને મને દુઃખ થયું હતું, તેથી મેં શાલીનતાથી રેસ્ટોરન્ટ મેનેજમેન્ટ સમક્ષ વિરોધ નોંધાવ્યો હતો.' વડાપ્રધાને લવલીનાની સજાગતા અને દેશપ્રેમની પ્રશંસા કરતાં કહ્યું કે, 'જીતના જશ્ન વચ્ચે પણ દેશના નકશાનું મહત્ત્વ ઓળખવું ખૂબ જ ખાસ બાબત છે.'રેસ્ટોરન્ટે ભારતીય ટીમની યજમાની કરવા બદલ ગૌરવ અનુભવ્યું હતું અને ખેલાડીઓને કોમનવેલ્થ ગેમ્સમાં તેમના ભવ્ય પ્રદર્શન માટે અભિનંદન પણ પાઠવ્યા હતા.

### CGL પરીક્ષા રદ કરવા અને CBI તપાસ પર મામલો અટક્યો

# 'Gen-Z' રાંચીમાં ઝારખંડ વિધાનસભાને ઘેરશે, કલમ 163 લાગુ, CBI તપાસ પર મામલો ગુંચવાયો

(એજન્સી) રાંચી | તા 10

રાંચીમાં વિદ્યાર્થી પ્રતિનિધિઓ અને મંત્રીઓ વચ્ચે 5 કલાકની મંત્રણા નિષ્ફળ રહેતા, 10 ઓગસ્ટે વિદ્યાર્થીઓ 'વિધાનસભા ઘેરાવ' કરશે. JSSC-CGL પરીક્ષા રદ કરવા અને CBI તપાસની મુખ્ય માંગ પર વિદ્યાર્થીઓ અડગ છે. આંદોલન ઉગ્ર બનતા 3 JPSC સભ્યોએ રાજીનામા આપ્યા છે. રાંચીમાં કલમ 163 લાગુ કરી 2,000થી વધુ પોલીસ જવાનો તહેનાત કરાયા છે. રાંચીમાં રવિવારે રાજ્યના મંત્રીઓની વિશેષ કમિટી અને આંદોલનકારી વિદ્યાર્થી પ્રતિનિધિઓ વચ્ચે ત્રણ તબક્કામાં આશરે 5 કલાક સુધી ચાલેલી મેરેથોન બેઠક સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. જેથી વિદ્યાર્થીઓએ આજે, 10 ઑગસ્ટે અગાઉથી નક્કી કરેલા 'વિધાનસભા ઘેરાવ'ના કાર્યક્રમ સાથે આગળ વધવાનો નિર્ણય લીધો છે.વિદ્યાર્થી સંગઠનોએ પ્રદર્શનકારીઓને કોઈ પણ અફવા કે ભ્રમિત થયા વિના સવારે 10 વાગ્યા પહેલા જૂની વિધાનસભા પાસે એકઠા થવા અપીલ કરી છે, જ્યાંથી તેઓ એકજૂથ થઈને નવી વિધાનસભા



તરફ શાંતિપૂર્ણ પદયાત્રા યોજશે. આ ઘેરાવને પગલે રાંચી જિલ્લા પ્રશાસને સુરક્ષાના કડક બંદોબસ્ત ગોઠવી દીધા છે અને નવી વિધાનસભા પરિસરના 750 મીટરના વિસ્તારમાં BNSની કલમ 163 લાગુ કરી દેવામાં આવી છે. રવિવારે આંદોલનકારી વિદ્યાર્થીઓ સાથે યોજાયેલી બેઠકમાં સરકાર તરફથી મંત્રી સુદિવ્ય કુમાર સોનુ, દીપિકા પાંડે સિંહ, સંજય પ્રસાદ યાદવ અને ચમરા લિંડા હાજર રહ્યા હતા. વાટાઘાટો બાદ સરકારે દાવો કર્યો છે કે વિદ્યાર્થીઓની લગભગ 98% જેટલી માગણીઓ સ્વીકારી લેવામાં આવી છે. આ માગણીઓમાં 14મી JPSC PT અને ACF પરીક્ષા રદ કરવી, TDPL એજન્સી દ્વારા લેવાયેલી પરીક્ષાઓની તપાસ કરાવવી તેમજ પરીક્ષા પદ્ધતિ સુધારવા માટે નિષ્ણાતોની એક કમિટી બનાવવી વગેરે બાબતોનો સમાવેશ થાય છે. બીજી તરફ, વિદ્યાર્થીઓના સતત વધતા જતા આક્રોશ અને ઉગ્ર બનતા આંદોલનને જોતાં JPSCના ત્રણ સભ્યો - અજીતા ભટ્ટાચાર્ય, જમાલ અહેમદ અને અનિમા હાંસદાએ પણ રાજ્યપાલને પોતાના રાજીનામા સોંપી દીધા છે. સરકારના દાવા છતાં વિદ્યાર્થી પ્રતિનિધિઓ JSSC-CGL પરીક્ષા રદ કરવા અને સમગ્ર પ્રક્રિયાની CBI તપાસ કરાવવાની પોતાની માગ પર અડગ રહ્યા છે. વાટાઘાટો બાદ જેએમએમ મંત્રી સુદિવ્ય કુમાર સોનુએ સ્પષ્ટતા કરી હતી કે CGL પરીક્ષા હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટની સીધી દેખરેખ હેઠળ યોજાઈ હતી, તેથી રાજ્ય સરકાર પાસે તેને રદ કરવાનો કે સીધી CBI તપાસનો આદેશ આપવાનો અધિકાર નથી. સરકારે વિકલ્પ તરીકે નાણાકીય વ્યવહારોની તપાસ EDને સોંપવા, નિવૃત્ત જજની અધ્યક્ષતામાં તપાસ કમિટી રચવા અને 90 દિવસમાં રિપોર્ટ માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

### "ગૃહમંત્રી સંસદમાં નિવેદન ન આપે ત્યાં સુધી ડેડલોક ચાલુ રહેશે," : પ્રિયંકા ગાંધી વાડ્રા

નવી દિલ્હી: સંસદમાં ચાલી રહેલા ભારે ગતિરોધ વચ્ચે કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ સોમવારે સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી કેન્દ્રીય ગૃહમંત્રી સંસદમાં સત્તાવાર નિવેદન નહીં આપે, ત્યાં સુધી સરકાર અને વિપક્ષ વચ્ચેનો આ વર્તમાન ડેડલોક અને વિવાદ યથાવત રહેશે. રાષ્ટ્રીય રાજધાનીમાં પત્રકારો સાથે વાતચીત કરતા કોંગ્રેસ નેતાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સંસદીય કાર્યવાહીને ફરીથી સુચારુ રૂપે શરૂ કરવા માટે ગૃહમંત્રી તરફથી સ્પષ્ટતા આવવી અત્યંત આવશ્યક છે.સંસદના બંને ગૃહોમાં વિવિધ વિવાદાસ્પદ મુદ્દાઓને લઈને વારંવાર કાર્યવાહી સ્થગિત કરવામાં આવી છે અને વિપક્ષી પક્ષો દ્વારા ગૃહની અંદર સરકાર પાસે સત્તાવાર પ્રતિક્રિયાની માંગ કરવામાં આવી રહી છે. આ દરમિયાન કોંગ્રેસના અન્ય નેતા ઈમરાન મસૂદે વિદેશી ભંડોળ નિયમન અધિનિયમ (FCRA) સુધારા બિલ અને આગામી સીમાંકન પ્રક્રિયાને લઈને કેન્દ્ર સરકાર પર આક્રમક પ્રહાર કર્યા છે અને શાસક પક્ષ પર તાનાશાહી શાસન સ્થાપવાનો પ્રયાસ કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે.ચાલુ ચોમાસા સત્ર દરમિયાન લોકસભામાં ફોરેન કન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એમેન્ડમેન્ટ બિલ, 2026 પુનઃ રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય વિદેશી ફંડિંગના નિયમનમાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ વધારવાનો છે. આ કાયદા અંતર્ગત એક નિયુક્ત સત્તાધિકારીની નિમણૂક કરવાની જોગવાઈ છે, જે સંસ્થાઓના રજૂ કરાયેલા દસ્તાવેજો અને ફંડ્સની દેખરેખ રાખશે. આ ઉપરાંત, વૈધાનિક ઉલ્લંઘનો માટે મહત્તમ સજા પાંચ વર્ષથી ઘટાડીને એક વર્ષ કરવાની પણ દરખાસ્ત કરવામાં આવી છે.

ગૃહ મંત્રાલયના આંકડા મુજબ, વર્ષ 2019 થી 2022 વચ્ચે હજારો સંસ્થાઓને કરોડો રૂપિયાનું વિદેશી ભંડોળ પ્રાપ્ત થયું હતું. જ્યારે જુલાઈ 2026 સુધીના સત્તાવાર રેકોર્ડ મુજબ દેશમાં હજારો સક્રિય રજિસ્ટ્રેશન કાર્યરત છે, તો સામે પક્ષે અનેક રજિસ્ટ્રેશન રદ પણ થયા છે. સરકાર અને વિપક્ષ વચ્ચેના આ અસંતુલનને કારણે સંસદીય કામકાજ પર અસર પડી રહી છે અને રાજકીય માહોલ ગરમાયો છે.

## મોંઘવારીનો રાઉન્ડ ટુ : બિસ્કિટથી લઈને સાબુ સુધી દરેક વસ્તુ મોંઘી થશે

નવી દિલ્હી: વૈશ્વિક તણાવ અને કાચા માલના ઊંચા ભાવને કારણે FMCG કંપનીઓ સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ફરી ભાવવધારો કરશે. એપ્રિલ-જૂનમાં 2-5% વધારા બાદ, હવે કંપનીઓ પેકેટની કિંમત સમાન રાખી વસ્તુનું પ્રમાણ ઘટાડશે. આ 'શ્રીન્કફ્લેશન' રૂ. 5 અને રૂ. 10ના બિસ્કિટ પેકમાં જોવા મળશે, જે ગ્રાહકોના ઘરખર્ચ પર અસર કરશે. વૈશ્વિક ભૌગોલિક તણાવ અને તેના કારણે કાચા માલના ઊંચા ભાવને કારણે દેશની એફએમસીજી કંપનીઓ સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ફરી એકવાર ભાવ વધારવાની તૈયારીઓ કરી રહી છે. કંપનીઓના માર્જિન પર વધતા ખર્ચના દબાણ છે પરંતુ, મજબૂત માંગની આશા સાથે કંપનીઓ ભાવવધારો કરી રહી છે. એફએમસીજી સેક્ટરે એપ્રિલ-જૂન ક્વાર્ટર દરમિયાન એવરેજ 2 થી 5 ટકા સુધી



ભાવવધારો કર્યો હતો. હવે, કંપનીઓ વધુ એક રાઉન્ડમાં સીધો ભાવવધારો કરવાની જગ્યાએ શ્રીન્કફ્લેશનનો સહારો લઈ શકે છે એટલે કે, પેકેટની કિંમત સમાન રાખીને તેમાં રહેલી વસ્તુનું પ્રમાણ ઘટાડશે. રૂ. 5 અને રૂ. 10 ના બિસ્કિટ પેકમાં ક્વોન્ટીટી ઘટાડીને કિંમત અગાઉ જેવી રાખવામાં આવશે.આ ભાવવધારાની અસર ગ્રાહકોના ઘરખર્ચ પર પડી શકે છે. બિસ્કિટ, સાબુ, પર્સનલ કેર, પેકેજ્ડ ફૂડ અને અન્ય રોજિંદી વપરાશની કેટલીક વસ્તુઓમાં ક્યાંક સીધો ભાવવધારો જોવા મળી શકે છે. કંપનીઓની નજર ક્રૂડ ઓઈલના ભાવ, ચોમાસા અને અલ નીનોની સંભાવનાઓ પર પણ છે. બીજી તરફ, પ્રીમિયમ પ્રોડ્ક્ટસની વધતી માંગને કારણે ભાવ વધારો કરવા તરફ આગળ વધી રહી છે.

### કે.સી. વેણુગોપાલે આપી કડક ચેતવણી

## શશી થરૂરના વધુ એક નિવેદનથી કોંગ્રેસમાં ડખો!



(એજન્સી) નવી દિલ્હી | તા 10

કોંગ્રેસ સાંસદ શશી થરૂરે રાહુલ ગાંધીના 'છાત્રોં કી ગૂંજ' કાર્યક્રમની તુલના જંતર-મંતરના પ્રદર્શન સાથે કરતા કહ્યું કે, તે યુવાનો પર ઓછી અસર છોડી શક્યો. આ નિવેદનથી પાર્ટીમાં હડકંપ મચ્યો છે. કોંગ્રેસ મહાસચિવ કે.સી. વેણુગોપાલે નેતાઓને જાહેરમાં નિવેદન આપતી વખતે સાવચેતી રાખવાની કડક ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે, ભાજપને કોંગ્રેસ પર નિશાન બનાવવાની તક ન આપવી જોઈએ. કોંગ્રેસના વરિષ્ઠ સાંસદ શશી થરૂરના એક નિવેદનથી પાર્ટીની અંદર દખો થઈ ગયો છે. થરૂરે રાહુલ ગાંધીના 'છાત્રોં કી ગૂંજ' કાર્યક્રમની તુલના જંતર-મંતર પર થયેલા કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતૃત્વ હેઠળના પ્રદર્શન સાથે કરતા સ્વીકાર્યું હતું કે, કોંગ્રેસનો આ કાર્યક્રમ યુવાનો, ખાસ કરીને Gen Z વચ્ચે એટલો પ્રભાવ ન છોડી શક્યો. હવે પાર્ટીના મહાસચિવ કેસી વેણુગોપાલે તમામ કોંગ્રેસી નેતાઓને જાહેરમાં નિવેદન આપતી વખતે સાવચેતી રાખવાની કડક ચેતવણી આપી છે. વેણુગોપાલે થરૂરના નિવેદન પર સીધો હુમલો કરવાનું ટાળતા કહ્યું કે, 'મેં આ ટિપ્પણી માત્ર મીડિયા રિપોર્ટ્સ દ્વારા જ જોઈ છે અને થરૂરે ખરેખર શું કહ્યું હતું તે હું સ્પષ્ટપણે સાંભળી શક્યો નથી.' જોકે, તેમણે પક્ષના નેતાઓને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, 'એવાં નિવેદનો ન આપવાં જોઈએ જેનાથી ભાજપને કોંગ્રેસ કે રાહુલ ગાંધી પર નિશાન સાધવાની તક મળે.'વેણુગોપાલે કહ્યું કે, 'કોંગ્રેસના નેતાઓએ પક્ષની વિચારધારા અને શિસ્તના દાયરામાં રહીને નિવેદનો આપવાં જોઈએ. જો કોઈ કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીની ટીકા કરે છે અથવા તો તેમના વિરુદ્ધ નકારાત્મક ટિપ્પણી કરે છે તો તેનાથી ભાજપને ખુશી થશે.'

### ઈથેનોલ પેટ્રોલ | સરકાર પાસે પ્યોર ઓઈલના ભાવ ઘટાડવા માંગ

# પંજાબી ગાયક રેશમ સિંહ અનમોલના ઈથેનોલ પેટ્રોલ સામે સવાલ



ચંદીગઢ: દેશભરમાં હાલમાં ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ એટલે કે ઈ-ટ્વેન્ટી ફ્યુઅલને લઈને ચર્ચાઓ અને વિવાદોનો દોર ચાલી રહ્યો છે, ત્યારે પ્રખ્યાત પંજાબી ગાયક રેશમ સિંહ અનમોલ આ મુદ્દે ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. હરિયાણામાં પોતાની લક્ઝરી ડિફેન્ડર કારમાં હાઈ-એન્ડ પ્રીમિયમ પેટ્રોલ ભરાવ્યા બાદ ગાયકે સરકાર સમક્ષ સ્પષ્ટ માંગ કરી છે કે સામાન્ય નાગરિકોના હિતને ધ્યાનમાં રાખીને પ્યોર પેટ્રોલના ભાવ ઓછા કરવામાં આવે અને તેની ઉપલબ્ધતા દરેક પેટ્રોલ પંપ પર સુનિશ્ચિત કરવામાં આવે.થોડા દિવસો અગાઉ રેશમ સિંહ અનમોલે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને દાવો કર્યો હતો કે ઈ-ટ્વેન્ટી ઓઈલના ઉપયોગના કારણે તેમની લક્ઝરી કાર ચાલુ રસ્તે અચાનક બંધ પડી ગઈ હતી અને સર્વિસ સ્ટેશને તપાસ કરાવતા કારનો ફ્યુઅલ પંપ બગડી ગયો હોવાનું સામે આવ્યું હતું. આ ઘટના બાદ તેમને સોશિયલ મીડિયા પર કેટલાક લોકો તરફથી ધમકીઓ પણ મળી હોવાના આક્ષેપો થયા હતા, પરંતુ તેમણે પોતાના દાવાને સાબિત કરવા માટે ગાડીના રિપેરિંગનું બિલ પણ જાહેરમાં રજૂ કર્યું હતું.તાજેતરના ઘટનાક્રમ મુજબ, આ કલાકાર એક સ્થાનિક પેટ્રોલ પંપ પર પહોંચ્યા હતા અને પોતાની ગાડીમાં અંદાજે તેર હજાર રૂપિયાનું પ્રીમિયમ ઓઈલ ભરાવ્યું હતું, જેનો પ્રતિ લીટર ભાવ આશરે એક સો સડસઠ રૂપિયા જેટલો હતો. આ દરમિયાન તેમણે વીડિયો બનાવીને જણાવ્યું હતું કે તેઓ તો આટલી મોંઘી કિંમતે પણ પેટ્રોલ ખરીદી શકે છે, પરંતુ સામાન્ય માણસનું શું થશે? તેમણે સરકારને અપીલ કરી છે કે મોંઘા પ્રીમિયમ પેટ્રોલની કિંમતો સામાન્ય વાહનચાલકોના ખિસ્સા પર ભારે પડી રહી છે તેથી તેમાં રાહત આપવામાં આવે.માત્ર આ કલાકાર જ નહીં પરંતુ દેશભરમાં અનેક વાહનચાલકો દ્વારા ઈથેનોલ મિશ્રિત ઓઈલના વપરાશ બાદ ગાડીઓનું માઈલેજ ઘટી જવાની અને એન્જિન મેન્ટેનન્સનો ખર્ચ વધી જવાની વ્યાપક ફરિયાદો કરવામાં આવી રહી છે. સરકારે અગાઉ સંસદમાં સ્વીકાર્યું હતું કે જૂના વાહનોના માઈલેજ પર તેની નકારાત્મક અસર પડી શકે છે અને તેનાથી રબરના પાર્ટ્સ પણ ખરાબ થઈ શકે છે. આ ખુલાસા બાદ સામાન્ય જનતામાં અસંતોષની લાગણી પ્રવર્તી રહી છે.

આગામી સમયમાં ઓટોમોબાઈલ ઉદ્યોગ અને ઈંધણ નીતિઓને લઈને સરકાર પર યોગ્ય પગલાં ભરવાનું દબાણ વધી રહ્યું છે. જો વાહનચાલકોની આ સમસ્યાઓનું નિવારણ નહીં આવે તો આ વિવાદ વધુ ઉગ્ર બની શકે છે. નાગરિકો અને વિશેષજ્ઞોનું માનવું છે કે વૈકલ્પિક ઈંધણ અપનાવતી વખતે સામાન્ય જનતાના વાહનોની સુરક્ષા અને આર્થિક બોજને ધ્યાનમાં રાખવું પણ એટલું જ અનિવાર્ય છે.


Nippon India Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 11 August, 2026 | 6:30 PM | Rajkot |

Venue : The Pinevinta Hotel Gondal Road, opposite Samruddhi Bhawan near Bombay Petrol Pump in Rajkot, Gujarat

Name : Shashwat Sood | Mobile : 9687767006

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# સરકાર કંપનીઓની દલાલ બનીને અધિકારીઓને હુકમ કરે છે કે "જો ખેડૂતો ન માને તો ધોકાવાળી કરો": ઈસુદાન

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ આજે ભરૂચ ખાતે આયોજિત ખેડૂત સ્વાભિમાન સંમેલનમાં હાજરી આપી હતી. આ દરમિયાન પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, આજે એક ખેડૂત સંમેલનમાં હાજરી આપવા માટે હું ભરૂચ ખાતે પધાર્યો છું. કંપનીઓ સાથે મળીને સરકાર બેફામપણે ખેડૂતોની સહમતિ વગર અને ખેડૂત સાથે વાતચીત કર્યા વગર હાઈટેન્શન લાઈનો નાખી રહી છે, તેના વિરોધમાં આજે ખેડૂત સંમેલન યોજાયું હતું. ચાર જેટલી હાઈટેન્શન લાઇન નખાઈ છે અને છ નોટિફિકેશન પડ્યા છે. આ હાઈટેન્શન લાઈનો કરોડીયાના જાળાની જેમ ભરૂચ અને તેની આસપાસના વિસ્તારમાં ફેલાવાની છે. લગભગ અંદાજે 250થી વધારે ગામોમાં ખેડૂતો અસરગ્રસ્ત છે. અહીંયા બુલેટ ટ્રેન સહિત બીજી કેટલી યોજનાઓમાં ખેડૂતોની જમીન ગઈ છે, હવે બાકી જમીન હાઈટેન્શન લાઈનના નામે આ લોકો પચાવી પાડવા માંગે છે. ખેડૂતો અને કંપનીએ મળીને આ કામ કરવું જોઈએ અને ખેડૂતોને પોસાય એ ભાવ આપીને કંપનીઓએ આ કામ શરૂ કરવું જોઈએ પરંતુ કંપની ખેડૂત પાસે જવાની જગ્યાએ સરકાર પાસે જાય છે. ત્યારબાદ સરકાર કંપનીની દલાલ બનીને અધિકારીઓને હુકમ કરે છે કે "જો ખેડૂતો ન માને તો ધોકાવાળી કરો". તો અહીંયા સવાલ પેદા થાય છે કે સરકાર ખેડૂતોની છે કે કંપનીની છે?વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, કંપનીઓ શું મફતમાં વીજળી આપશે? નહિ આપે. તો ખેડૂતોને યોગ્ય વળતર મળવું જોઈએ. ખેડૂતોની બીજી એ પણ માંગણી છે કે જ્યાં સુધી અમે વળતર મુદ્દે સહમત ન થઈએ ત્યાં સુધી કંપનીના માણસો કે સરકારના માણસો ખેતરમાં પગ ન મૂકે. અંગ્રેજોનો કાયદો દેખાડીને તંત્રને આગળ કરીને કંપનીઓની દલાલી કરવામાં આવી રહી છે, એ શરમની બાબત છે. આજે મેં માંગણી કરી છે કે બજાર કિંમતની ચાર ગણી રકમનું વળતર મળવું જોઈએ અથવા તો 25 વર્ષ પછીના ભાવ પ્રમાણે રકમ ચૂકવવામાં આવે અથવા દર મહિને ખેડૂતોને ભાડું ચૂકવવામાં આવે અથવા તો ખેડૂતોને પ્રોફિટમાં ભાગ આપવામાં આવે. આટલા આંદોલનો બાદ ભાજપે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત બનાવી એટલા માટે ભાજપને અહંકાર આવી ગયો છે. પરંતુ હવે ખેડૂતો એક થઈ ગયા છે. એક ગામમાં લાઈન નખાતી હોય ત્યાં આખું ગામ એક થઈ ગયું છે અને લોકોને પોસ્ટર લગાવી રહ્યા છે. ફક્ત ભરૂચમાં જ નહીં પરંતુ 23 જિલ્લાઓમાંથી હાઈટેન્શન લાઈન નીકળશે. તો હવે આ વખતે ગુજરાતના તમામ 54 લાખ ખેડૂતોના પરિવારો એક થશે અને ખેડૂતો નક્કી કરશે કે આગામી સમયમાં પોતાની જાતિ કે જ્ઞાતિનો ભાજપનો આગેવાન આવશે એને અમે મત નથી આપવાના. જો આવું થશે તો જ ભાજપ ખેડૂતોની વાત માનશે.

# મહિલા સુરક્ષા મુદ્દે AAP દ્વારા આયોજિત કેન્ડલ માર્ચ પહેલા જ નેતાઓ અને કાર્યકર્તાઓની અટકાયત

અમદાવાદ | આમ આદમી પાર્ટી દ્વારા રાજ્યમાં મહિલાઓની સુરક્ષાને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરતાં આજે કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા બે દિવસમાં દુષ્કર્મની ત્રણ ગંભીર ઘટનાઓ સામે આવી હોવાના વિરોધમાં AAP ના નેતાઓ અને કાર્યકર્તાઓ દ્વારા શાંતિપૂર્ણ રીતે કેન્ડલ માર્ચ યોજીને સરકારને મહિલાઓની સુરક્ષા માટે જવાબદાર બનાવવાની માંગ કરવામાં આવવાની હતી. પરંતુ કેન્ડલ માર્ચ શરૂ થાય તે પહેલાં જ ભાજપ સરકારના ઈશારે પોલીસ દ્વારા AAPના નેતાઓ અને કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી. AAP નેતા રાજુ દીક્ષિત, દીપક દેસાઈ, નેહા ખટવાણી, ગુલામ ફરીદ, ભૌમિક પાઠક, રીના પંચાલ અને જુબેર શેખ સહિત અનેક કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી. AAP આગેવાને આ ઘટનાને લઈને ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, એક તરફ ભાજપ સરકાર મહિલાઓની સુરક્ષાની મોટી મોટી વાતો કરે છે, પરંતુ જ્યારે મહિલાઓ સાથે થઈ રહેલા અત્યાચાર અને દુષ્કર્મની ઘટનાઓ સામે અવાજ ઉઠાવવામાં આવે છે ત્યારે સરકાર શાંતિપૂર્ણ કેન્ડલ માર્ચને પણ દબાવવાનો પ્રયાસ કરે છે. આ ઘટનાથી ભાજપ સરકારની મહિલા સુરક્ષાને લઈને કરવામાં આવતી વાતોની પોલ ખુલી ગઈ છે. શાંતિપૂર્ણ રીતે કેન્ડલ માર્ચ યોજીને મહિલાઓની સુરક્ષાનો મુદ્દો ઉઠાવવો એ લોકશાહી અધિકાર છે. પરંતુ સરકાર અને પોલીસ દ્વારા આ પ્રકારના શાંતિપૂર્ણ કાર્યક્રમને પણ રોકવામાં આવી રહ્યો છે. ભાજપ શાસકો અને પોલીસ પોતાની નિષ્ફળતા છુપાવવા માટે વિરોધના અવાજને દબાવી રહી છે અને સમગ્ર મામલે ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ કરી રહી છે. અમારી માંગ છે કે રાજ્યમાં મહિલાઓ અને દીકરીઓની સુરક્ષા માટે સરકાર દ્વારા નક્કર અને અસરકારક પગલાં લેવામાં આવે. દુષ્કર્મ જેવી ગંભીર ઘટનાઓમાં આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને મહિલાઓની સુરક્ષાના મુદ્દે સરકાર માત્ર નિવેદનો નહીં પરંતુ જમીન પર અસરકારક કામગીરી કરે.

# 30 વર્ષથી ભાજપ સરકાર મહિલાઓને સુરક્ષા આપવામાં નિષ્ફળ : પાયલ સાકરિયા

અમદાવાદ | રાજ્યમાં દિવસેને દિવસે વધી રહેલી દુષ્કર્મની ઘટનાઓ અને કથળતી મહિલા સુરક્ષા સામે આમ આદમી પાર્ટીએ વિરોધ દર્શાવ્યો છે. ગાંધીનગરમાં તાજેતરમાં બનેલી ઘટનાઓ અને છેલ્લાં 30 વર્ષના ભાજપ શાસનમાં મહિલા સલામતીના પ્રશ્ને 'આપ' મહિલા મોરચાના પ્રદેશ પ્રમુખ પાયલ સાકરિયા, પ્રદેશ સંગઠન મંત્રી મહેશ અણઘણ, કોર્પોરેટરો રચના હિરપરા, અસ્મિતા ધોરાજીયા સહિત સુરત શહેરના હોદ્દેદારો અને મહિલા કાર્યકરો સુરતમાં ગૃહમંત્રી હર્ષ સંઘવીના કાર્યાલયે સવાલો પૂછવા પહોંચ્યા હતા. હાથમાં પ્લેકાર્ડ્સ લઈને ગૃહમંત્રી મહિલા સુરક્ષા માટે શું એક્શન પ્લાન બનાવી રહ્યા છે તેનો જવાબ માંગવા જઈ રહેલી



મહિલાઓ અને નેતાઓની પોલીસે કાર્યાલયે પહોંચે તે પહેલાં જ બળજબરીપૂર્વક અટકાયત કરી હતી.પોલીસ અને કાર્યકરો વચ્ચે ભારે ઘર્ષણ તથા ઝપાઝપી બાદ અટકાયત કરાયેલા તમામ નેતાઓને પોલીસ વાનમાં બેસાડી હજીરા પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યા હતા. આ તકે 'આપ' મહિલા મોરચાના અધ્યક્ષ પાયલ સાકરિયાએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં દુષ્કર્મની ઘટનાઓ બની રહી છે. ભાજપની 30 વર્ષ જૂની સરકાર જો મહિલાઓને સુરક્ષા આપી શકતી ન હોય તો બીજું શું કરી શકે? અમે ગૃહમંત્રીને કોઈ હિંસક વિરોધ માટે નહીં પણ માત્ર મહિલા સુરક્ષાના એક્શન પ્લાન અંગે સવાલ પૂછવા જઈ રહ્યા હતા, ત્યારે સરકારે લોકશાહી ઢબે સવાલ પૂછવાનો હક પણ છીનવી લીધો છે.

## દ્વારકા જિલ્લામાં ખેડૂતોના દેવા માફ કરવા જોઈએ: ઈસુદાન ગઢવી

# મુખ્યમંત્રી અને સિંચાઈ મંત્રીને ખેડૂતોની મજાક કરવા માટે નથી બેસાડ્યા: ઈસુદાન ગઢવીAAP

**ખેડૂતો અને તેમના પરિવારો હવે જાતિ-જ્ઞાતિ અને ધર્મમાં પડ્યા વગર ભાજપ વિરુદ્ધ મતદાન કરીને જવાબ આપશે : સરકાર ફરીથી સૌની યોજના હેઠળ પાણી છોડે, દ્વારકા જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરે અને ઘાસચારાની વ્યવસ્થા કરવામાં આવે: ઈસુદાન ગઢવી**

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, દેવભૂમિ દ્વારકામાં અત્યારે ખેડૂતોની હાલત ખૂબ જ ખરાબ છે. વરસાદ થયો નથી અને સરકારે દ્વારકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવું જોઈતું હતું, જે કર્યું નથી. ખેડૂતોએ ખૂબ મોંઘું બિયારણ લાવીને વાવેતર કર્યું હતું, પણ બિયારણ લગભગ બરબાદ થઈ ગયું છે.

હવે જે પચાસ ટકા જેટલો પાક ઊભો છે, તેમાં 'સૌની યોજના'નું પાણી છોડવા માટે સ્થાનિક નેતાઓ અને ખેડૂતોએ માંગ કરી હતી. સરકારે વધામણા કરવા માટે માત્ર એક દિવસ પાણી છોડ્યું અને પછી બંધ કરી દીધું! ભાજપ સરકારને શરમ નથી આવતી કે તેઓ ખેડૂતોની આવી મજાક ઉડાવીને તેમના બળતા ઘા પર મીઠું ભભરાવવાનું કામ કરી રહ્યા છે? તમને સન્માન જોઈતું હોય તો અમે ફૂલહાર કરી દઈશું, પરંતુ ખેડૂતોને વંગડી ડેમ, સાની ડેમ અને 'સૌની યોજના' હેઠળના તમામ ડેમોમાં પાણી આપવાના વાયદા આપીને પછી પાણી બંધ કરી દો, તો ખેડૂતો અને તેમના પરિવારની ભાવનાઓ સાથે કેટલો મોટો ખીલવાડ કહેવાય!

'આપ' નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે સ્થાનિક નેતાઓ ભલે ડરના લીધે કંઈ ન કહી શકતા હોય, પણ હું મુખ્યમંત્રી અને સિંચાઈ મંત્રીને પૂછવા માંગું છું કે તમને એટલા માટે તો



### સૌની યોજનાનું પાણી 1 દિવસ માટે છોડ્યું, પછી ભાજપ સરકારે પાણી કર્યું બંધ: ઈસુદાન ગઢવી, પ્રદેશ પ્રમુખ AAP

સત્તા પર નથી બેસાડ્યા કે તમે ખેડૂતોની મજાક ઉડાવો. એક દિવસ પાણી છોડીને બંધ કરી દેનારા તે વળી કેવા મુખ્યમંત્રી? કૃષિ મંત્રી, સિંચાઈ મંત્રી અને મુખ્યમંત્રીએ તાત્કાલિક દ્વારકાની મુલાકાત લઈને આ કટોકટીની પરિસ્થિતિ જાણવી જોઈએ, અધિકારીઓને કડક સૂચનાઓ આપવી જોઈએ, દેવા માફીની જાહેરાત કરવી જોઈએ અને ઘાસચારાની વ્યવસ્થા કરવી જોઈએ.

જો થોડું પણ પાણી સિંચાઈ માટે મળી જાય તો ખેડૂતો પોતાનો પાક બચાવી શકે તેમ છે. પરંતુ આવી ક્રૂર મજાક કરનારી ભાજપ સરકારને હવે રાજ્યના ૫૪ લાખ ખેડૂતો અને તેમના સંતાનો જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદભાવ ભૂલીને મતદાન દ્વારા સખત જવાબ આપશે.

મારી મુખ્યમંત્રીને વિનંતી અને માંગ છે કે તાત્કાલિક સૌની યોજનાનું પાણી ફરી છોડવામાં આવે અને દ્વારકા જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરીને ખેડૂતોને યોગ્ય મદદ પૂરી પાડવામાં આવે.

# ગુજરાતમાં ખેડૂતોની માસિક આવક ₹12,600; જ્યારે પંજાબમાં ₹26,700: પ્રવીણ રામ

**ભાજપ સરકારે ખેડૂતોની આવક બમણી કરવા વાયદો કર્યો હતો પણ ખર્ચા બમણા થયા: પ્રવીણ રામ, પ્રદેશ કિસાન મોરચા પ્રમુખ AAP**

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ અને કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ પ્રવીણ રામે ખેડૂતોની ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપના શાસનમાં ખેડૂતોની પરિસ્થિતિ દિવસેને દિવસે કફોડી થતી જાય છે. આ વાત માત્ર હું નથી કહેતો પરંતુ તાજેતરના આંકડા પણ એ જ દર્શાવે છે. છેલ્લા આંકડા મુજબ ગુજરાતમાં ખેડૂતોની માસિક આવક માત્ર ૧૨,૬૦૦ની આસપાસ નોંધાઈ છે. ભાજપ ખેડૂતોના મત લેવા માટે ડંફાસો મારતું હતું કે અમે ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરી દઈશું. આજે ૨૦૨૬ આવવા છતાં આવક તો બમણી થઈ નથી, પરંતુ દવા, બિયારણ અને ખાતરના ભાવ વધવાથી ખેડૂતોનો ખર્ચ ચોક્કસ બમણો થઈ ગયો છે. 'આપ' નેતા પ્રવીણ રામે વધુમાં જણાવ્યુ હતુ કે બીજી તરફ, પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર બન્યા બાદ ખેડૂતોની માસિક આવક ૨૬,૭૦૦ નોંધાઈ છે, જે ગુજરાત કરતાં ઘણી વધારે છે



અને આખા દેશમાં બીજા નંબરે આવે છે. તેથી હું ગુજરાતના ખેડૂતોને નમ્ર અપીલ કરું છું કે હવે આપણે સમજવાની જરૂર છે. ખેડૂતોની આવક બમણી કરવાની વાતો કરનારાઓએ પોતાની આવક બમણી કરી પોતાના બંગલા બનાવી લીધા છે અને ખેડૂતોને ૧૨,૦૦૦ની આવકે રઝળતા છોડી દીધા છે. આમ આદમી પાર્ટીએ પંજાબમાં ટૂંક સમયમાં ખેડૂતોની આવક વધારી આપી છે. તેથી આપણી માસિક આવકમાં સુધારો કરવા માટે તમામ ખેડૂતો આવનારા દિવસોમાં આમ આદમી પાર્ટીને સમર્થન આપે અને ગુજરાતમાં સત્તા પરિવર્તન કરે.

# 2 દિવસમાં 3 દીકરીઓ પર દુષ્કર્મ, એક મોતને ભેટી: પાયલ સાકરીયા AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના મહિલા મોરચાના અધ્યક્ષ પાયલ સાકરીયાએ ગુજરાતમાં કથળતી મહિલા સુરક્ષા અંગે ગંભીર સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ચૂંટણી પ્રચાર વખતે મહિલા સલામતીના મોટા મોટા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા સાવ અલગ છે. ઉત્તર ગુજરાતમાં ૧૮ વર્ષથી નાની વયની દીકરીઓ ગર્ભવતી બનવાના આંકડા હોય કે તાજેતરમાં બનેલી ઘટનાઓ, ગુજરાતની સ્થિતિ અત્યંત ચિંતાજનક છે. શાંત અને સલામત ગણાતા ગાંધીનગર અને અમદાવાદ જેવા શહેરોમાં પણ દુષ્કર્મની દર્દનાક ઘટનાઓ બની રહી છે, જ્યારે બીજી તરફ રાજ્યના ગૃહમંત્રી માત્ર ભાષણબાજી અને ફોકટના વાયદાઓ કરી રહ્યા છે. લોકોએ સરકારને માત્ર વાયદાઓ આપવા કે ભાષણબાજી કરવા માટે સત્તા નથી આપી. ભાજપ સરકારની આટલા વર્ષોની નિષ્ફળતાનો ભોગ આજે ગુજરાતની નિર્દોષ દીકરીઓ અને મહિલાઓ બની રહી છે.

'આપ' નેતા પાયલ સાકરીયાએ વધુમાં આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું કે, અમદાવાદમાં ૧૭-૧૮ વર્ષની દીકરી સાથે બળાત્કાર થતાં અતિશય રક્તસ્રાવને કારણે હોસ્પિટલમાં તેનું મૃત્યુ થયું અને બીજી ઘટનામાં હોસ્ટેલમાં રહીને ભણતી દીકરી પર સિક્યોરિટી ગાર્ડ દ્વારા દુષ્કર્મ આચરવામાં આવ્યું, તેમજ આણંદમાં ભાજપ યુવા મોરચાના કાર્યકરો સામે પણ આવી ઘટનામાં સંડોવણી સામે આવી છે. ગુનેગારોને કાયદા કે સરકારનો કોઈ ડર રહ્યો નથી, કારણ કે તેમને ખબર છે કે નેતાઓ માત્ર ભાષણબાજી કરીને વાત પૂરી કરી દેશે. જ્યારે આવી દર્દનાક ઘટનાઓ બને છે.

# સિંહના બદલાયેલા સ્વભાવ માટે ગીરના સ્થાનિકો પર દોષારોપણ કરવું તદ્દન અયોગ્ય : પ્રવીણ રામ

**વિશ્વ સિંહ દિવસ પર 'આપ' નેતા પ્રવીણ રામે કહ્યું "સિંહોના સંરક્ષણના સાચા હકદાર ગીરના માલધારીઓ અને ખેડૂતો છે"**

અમદાવાદ | આજે વિશ્વ સિંહ દિવસ નિમિત્તે 'આપ' ના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે સિંહ સંરક્ષણ અને ગીરના સ્થાનિકોના પ્રશ્નો અંગે પોતાની વાત રજૂ કરી હતી. તેમણે જણાવ્યું કે, વિશ્વ સિંહ દિવસની સાચી શુભકામનાના હકદાર ગીરના માલધારીઓ અને આસપાસના ખેડૂતો છે, જેમના સહયોગથી જ સિંહોની વસ્તી વધીને આજે ૮૦૦થી વધુ થઈ છે. સરકારી કર્મચારીઓ ફરજના પૈસા લે છે, પરંતુ આ સ્થાનિકો કોઈપણ આર્થિક વળતર વિના પોતાના કિંમતી પશુઓના ભોગ અને નુકસાન વેઠીને પણ સિંહોનું જતન કરે છે. શહેરમાં બેસીને સિંહપ્રેમ દર્શાવવો સરળ છે, પણ ખરી પરિસ્થિતિ સમજવા ગીરના ગામડાંમાં પરિસ્થિતિઓ વચ્ચે રહેવું પડે. તાજેતરમાં સિંહ દ્વારા માણસનો શિકાર કરવાની બનેલી ઘટનાઓ દુઃખદ છે; પરંતુ વાસ્તવિકતા તપાસ્યા વગર ગીરના ખેડૂતો કે માલધારીઓ પર સિંહને હેરાન કરવાનો આક્ષેપ મૂકવો તદ્દન ખોટો અને અયોગ્ય છે.'આપ' નેતા પ્રવીણ રામે ઉમેર્યું કે, સિંહ ક્યારેય સહજ રીતે માણસની શિકાર કરતો નથી; જો સિંહના સ્વભાવમાં આવો ફેરફાર આવ્યો હોય, તો સરકારે અને સિંહપ્રેમીઓએ તેના સાચા કારણોનો અભ્યાસ કરવો જોઈએ. જંગલમાં યોગ્ય કટિંગ અને જાળવણીના અભાવે ઘાટી ઝાડીઓ વધી જતાં સિંહોને પ્રાકૃતિક શિકાર મેળવવામાં મુશ્કેલી પડે છે, જેના કારણે તેઓ માનવ વસાહતો તરફ આવી રહ્યા છે. સરકારે સાચાં કારણો શોધવાના બદલે ગીરનાર ચડવા પર રજિસ્ટ્રેશન કે સ્થાનિક રોજીરોટી આપતા બિનકાયદેસર રિસોર્ટ બંધ કરવા જેવા પગલાં લીધા છે. હું બિનકાયદેસર પ્રવૃત્તિઓને સમર્થન નથી આપતો, પરંતુ સરકારે તેને નિયમિત કરીને સ્થાનિકોની રોજગારી બચાવવી જોઈએ. વિશ્વ સિંહ દિવસ નિમિત્તે મારી સરકારને અપીલ છે કે જેમણે સિંહને સાચવ્યા છે તેવા ખેડૂતો અને માલધારીઓની રોજીરોટી પર લાત ન મારો, સ્થાનિકો સાથે બેસીને સમસ્યા સમજો અને સિંહ સંરક્ષણ માટે યોગ્ય નીતિ બનાવો.

# સૂચના અને પ્રસારણ મંત્રાલય હેઠળના વિભાગો અને એન.એસ.એસ.ના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો







દસક્રોઈ | ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલય હેઠળના પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો (PIB), સેન્ટ્રલ બ્યુરો ઓફ કમ્યુનિકેશન (CBC) અને પબ્લિકેશન ડિવિઝન દ્વારા સામાજિક વનીકરણ વિભાગ તથા નેશનલ સર્વિસ સ્કીમ (NSS) ના સહયોગથી દસક્રોઈ તાલુકાના લપકામણ ગામ ખાતે એક વિશાળ વૃક્ષારોપણ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને હરિયાળા ભવિષ્ય માટે વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવાનો હતો. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત સદસ્ય શ્રી રાજેશભાઈ ઠાકોર, પી.આઈ.બી., સી.બી.સી. અને પબ્લિકેશન ડિવિઝનના અધિકારીઓ અને કર્મચારીઓ, આસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (ACF) શ્રી હિતેન્દ્રસિંહ ચાવડા, વનરક્ષક શ્રી મેહુલભાઈ ભગોરા, ગામના સામાજિક આગેવાનો તેમજ NSS ના વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને સક્રિય ભાગીદારી નોંધાવી હતી. તમામ સહભાગીઓએ સાથે મળીને ગામના પસંદગી કરેલા વિસ્તારમાં વિવિધ પ્રકારના છોડ વાવીને પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો હતો. આ વૃક્ષારોપણ કાર્યક્રમ ભારત સરકારની અતિ મહત્ત્વકાંક્ષી ઝુંબેશ 'એક પેડ મા કે નામ' અને 'પર્યાવરણ બચાવો' પહેલને સાર્થક કરવાના ભાગરૂપે યોજવામાં આવ્યો હતો. માતા પ્રત્યે આદર વ્યક્ત કરવાની સાથે પર્યાવરણની જાળવણી કરવાનો આ એક સુંદર અને અનોખો પ્રયાસ છે. આ પહેલને જમીની સ્તરે સફળ બનાવવા માટે અનેક વિશેષ પગલાં લેવામાં આવ્યા હતા. લપકામણ વિસ્તારની આબોહવા અને જમીનને અનુકૂળ હોય તેવા છાંયડો આપતા તેમજ ફળદાયી વૃક્ષોની પસંદગી કરીને તેમનું રોપણ કરવામાં આવ્યું હતું. માત્ર વૃક્ષ વાવવા પૂરતું સીમિત ન રહેતા, વાવેલા છોડનું સતત યોગ્ય જતન થાય અને તે પૂર્ણપણે વિકસિત થાય તે માટે NSS ના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને સંયુક્ત રીતે જાળવણીની જવાબદારી સોંપવામાં આવી હતી. આ ઉપરાંત, ઉપસ્થિત અધિકારીઓ દ્વારા ગ્રામજનો અને યુવાનોને દૈનિક જીવનમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા અને પ્રકૃતિ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા, જેથી આ અભિયાન લાંબા ગાળે પર્યાવરણ પરિરૂપમાં સકારાત્મક બદલાવ લાવી શકે.

# News Brief

## શટલરિક્ષા ગેંગે વૃદ્ધાને ધમકાવી 2 લાખની લૂંટ ચલાવી




અમદાવાદ | મુંબઈથી ભાભીની અંતિમવિધિ પતાવી અમદાવાદ પરત ફરેલા 69 વર્ષીય વૃદ્ધા ઈલાબેન શાહને કાલુપુર રેલવે સ્ટેશન બહારથી રિક્ષા ભાડે કરવી ભારે પડી હતી. મેમનગર જવા માટે રિક્ષામાં બેઠેલા ઈલાબેનને રિક્ષાચાલક અને તેની સાથે પેસેન્જરના સ્વાંગમાં બેઠેલી ગેંગે રસ્તામાં ધમકાવીને લૂંટી લીધા હતા. ગઠિયાઓ તેમની પાસેથી સોનાનું મંગળસૂત્ર અને રૂ.8 હજાર રોકડા મળી કુલ 2.18 લાખ રૂપિયાનો મુદ્દામાલ લૂંટી ફરાર થઈ ગયા હતા. ગુરુકુળ રોડ પર રહેતા ઈલાબેન કાલુપુર સ્ટેશને ઊતર્યા બાદ મેમનગર જવા રિક્ષામાં બેઠા હતા

જેમાં પહેલેથી જ બે શખ્સો બેઠેલા હતા. રિક્ષાચાલકે રસ્તાનું કામ ચાલતું હોવાનું બહાનું બતાવી રિક્ષા મેમ્કો તરફ વાળી દીધી હતી. ઈલાબેનને શંકા જતાં રિક્ષા ઊભી રાખવા કહ્યું ત્યારે ગઠિયાઓએ તેમને પકડી લઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ દાગીના તથા રોકડ લૂંટીને તેમને રિક્ષામાંથી ધક્કો મારી ઉતારી દીધા હતા. બનાવ બાદ ઈલાબેને પરિવારજનોને જાણ કરી કાલુપુર પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ નોંધાવી હતી. કાલુપુર પોલીસે રિક્ષાચાલક અને તેની ગેંગ વિરુદ્ધ ગુનો નોંધી, રૂટ પરના તેમજ આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## અસારવા-ખાતીપુરા એક્સપ્રેસનો બિજયનગર સ્ટેશન પર પ્રાયોગિક ધોરણે સ્ટોપેજ

રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર 12982/12981 આસારવા-ખાતીપુરા એક્સપ્રેસને ઉત્તર પશ્ચિમ રેલવેના બિજયનગર (BJNR) સ્ટેશન પર તાત્કાલિક અસરથી પ્રાયોગિક ધોરણે સ્ટોપેજ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે: બિજયનગર સ્ટેશન પર ટ્રેનના સ્ટોપેજનો સમય નીચે મુજબ રહેશે: ટ્રેન નંબર 12982 આસારવા-ખાતીપુરા એક્સપ્રેસનું બિજયનગર સ્ટેશન પર આગમન 03:53 કલાકે અને પ્રસ્થાન 03:55 કલાકે થશે. ટ્રેન નંબર 12981 ખાતીપુરા-આસારવા એક્સપ્રેસનું બિજયનગર સ્ટેશન પર આગમન 23:43 કલાકે અને પ્રસ્થાન 23:45 કલાકે થશે.ટ્રેનોના સમય, સ્ટોપેજ તથા કોચની રચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને માહિતી મેળવી શકે છે.

## રાજ્યકક્ષાની તિરંગા યાત્રાનું ગાંધીનગરમાં CMના હસ્તે પ્રસ્થાન કરવામાં આવી

ગાંધીનગર | ગાંધીનગરમાં જિલ્લા વહીવટીતંત્ર અને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા 'હર ઘર તિરંગા અભિયાન' અંતર્ગત આજે(10 ઓગસ્ટ) રાજ્યકક્ષાની ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે 10 વાગ્યે G-6 સર્કલ ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું અને તેઓ પોતે પણ યાત્રામાં જોડાયા હતા.

રાજ્યકક્ષાની તિરંગા યાત્રાનો રૂટ G-6 સર્કલથી શરૂ થઈ GH-6 સર્કલ, CH-6 સર્કલ થઈ નમસ્તે સર્કલ સુધીનો નિર્ધારિત કરવામાં આવ્યો હતો. યાત્રામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, નાગરિકો અને વિવિધ ક્ષેત્રના લોકો તિરંગા સાથે જોડાયા હતા.

યાત્રાને પ્રસ્થાન કરાવતા પહેલાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને મળેલી મહામૂલી આઝાદીનું ગૌરવગાન કરવા અને આઝાદીના લડવૈયાઓના બલિદાનને ચિરંજીવ રાખવા માટે 'હર ઘર તિરંગા અભિયાન'ની પ્રેરણા આપી છે. તિરંગા યાત્રા ભારતની એકતા અને અખંડિતતાની યાત્રા છે. હાથમાં તિરંગો અને હૃદયમાં ભારતભક્તિ સાથે સૌ આ યાત્રામાં જોડાયા છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે તિરંગા સાથે દેશને જે સ્વરાજ્ય મળ્યું તેને સ્વરાજ્યથી ગુડ ગવર્નન્સમાં પલટાવવાનું નેતૃત્વ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું છે. અશોક ચક્ર દેશને અવિરત વિકાસની ગતિ માટે પ્રેરણા આપતું રહે છે. વર્ષ 2047માં આઝાદીની શતાબ્દી ઉજવવાની છે અને તે પહેલાંનો સમય દેશ માટે અમૃતકાળ છે. આજની યુવા પેઢીને આઝાદીના જંગમાં બલિદાન આપનારા દેશભક્તોનું સતત સ્મરણ થાય.

## સરદાર ભવન-નવા સચિવાલય ગાંધીનગર ખાતે ભોયરામાં લાગેલી આગની ઘટના અંગે સ્પષ્ટતા

ગાંધીનગર | ગાંધીનગર સ્થિત સરદાર ભવન, નવા સચિવાલયના બ્લોક નં-૯ ના ભોયરામાં આજે સવારે આગ લાગવાની એક ઘટના બનવા પામી હતી. ઘટનાની જાણ થતાં જ સ્ટેન્ડબાય ફાયર બ્રિગેડની ટીમોએ તાત્કાલિક સ્થળ પર પહોંચીને ત્વરિત કામગીરી હાથ ધરી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો છે. હાલ સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય અને નિયંત્રણ હેઠળ છે. ઉલ્લેખનીય છે કે, સચિવાલયના બ્લોક નં-૯ માં હાલમાં *નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ* *મહિલા અને બાળ વિકાસ વિભાગ* તથા *રાજ્ય ચૂંટણી આયોગ* ની કચેરીઓ કાર્યરત છે. આગ લાગવાના કારણે ભોયરામાં રાખવામાં આવેલા ભૌતિક સરકારી રેકોર્ડને આંશિક નુકસાન પહોંચ્યું છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# નારેશ્વરના શ્રી રંગઅવધૂત મંદિર પાસે દીપડાના આંટા ફેરાથી ગ્રામજનો ભયભીત

(એજન્સી) વડોદરા । તા. 10

વડોદરા જિલ્લાની નજીક આવેલા સુપ્રસિદ્ધ અને પવિત્ર યાત્રાધામ નારેશ્વર ખાતે દીપડાની હાજરી જોવા મળતા આસપાસના ગ્રામજનો અને ભક્તોમાં ભારે ભય અને ફફડાટ ફેલાઈ ગયો છે. કરજણ તાલુકાના આ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી રાત્રિના સુમારે અવારનવાર દીપડો આંટાફેરા મારી રહ્યો હોવાની ઘટનાઓ સામે આવી રહી છે. ગત રાત્રિના સમયે પવિત્ર શ્રી રંગઅવધૂત મંદિરની આસપાસના વિસ્તારમાં ફરીથી દીપડો નજરે પડતા સ્થાનિક ગ્રામજનોમાં ચિંતાની લહેર દોડી ગઈ છે. ગ્રામજનો દ્વારા વન વિભાગ (ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ) સામે તાત્કાલિક ધોરણે સઘન તપાસ અને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી જોરદાર માંગ ઉઠાવવામાં આવી છે, જેથી ભવિષ્યમાં કોઈ મોટી જાનહાનિ કે દુર્ઘટના ટાળી શકાય.

### રાત્રિના સમયે મંદિર નજીક દીપડો દેખાતા વીડિયો વાયરલ

વડોદરા જિલ્લાના અનેક ગ્રામીણ વિસ્તારોમાં અગાઉ મગરોનો ત્રાસ જોવા મળતો હતો, પરંતુ હવે



છેલ્લા કેટલાક સમયથી દીપડાઓની સતત અવરજવરને કારણે ખેડૂતો, પશુપાલકો અને સ્થાનિક નાગરિકોમાં ગભરાટનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગત રાત્રે નારેશ્વર મંદિરની નજીક એક દીપડો ખુલ્લેઆમ ફરતો નજરે પડ્યો હતો, જેનો એક વીડિયો સ્થાનિક ગ્રામજને પોતાના મોબાઈલ ફોનમાં કેદ કરી લીધો હતો.

વાયરલ થયેલા આ વીડિયોમાં દીપડો રસ્તા પાસે આવેલા એક નાળાની પાળી ઉપર આરામથી બેઠેલો નજરે પડે છે અને થોડીવાર ત્યાં રોકાયા બાદ બાજુની ઝાડીઓમાં સરી જતો જોવા મળે છે. આ વિસ્તારમાં ભક્તો અને શ્રદ્ધાળુઓની સતત અવરજવર રહેતી હોવાથી રાત્રિના સમયે દીપડાનું આ પ્રકારે ખુલ્લેઆમ ફરવું ખૂબ જ જોખમી સાબિત થઈ શકે છે.

### ગ્રામજનો અને મંદિર ટ્રસ્ટની સતર્કતા અને વન વિભાગ પાસે અપેક્ષા

આ સમગ્ર ઘટના અંગે નારેશ્વર મંદિરના યોગેશભાઈ વ્યાસે જણાવ્યું છે કે ગ્રામજનોએ આ બાબતે અત્યંત સતર્ક રહેવાની જરૂર છે અને રાત્રે બહાર નીકળતી વખતે સાવચેતી રાખવી અનિવાર્ય છે. તેમણે વન વિભાગ સમક્ષ ઉગ્ર રજૂઆત કરી છે કે વહીવટી તંત્ર દ્વારા આ વિસ્તારમાં સતત નજર રાખવામાં આવે અને દીપડાને પકડવા માટે યોગ્ય પિંજરા કે સુરક્ષાત્મક પગલાં ભરવામાં આવે, જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને લોકો સુરક્ષિત રહી શકે.

## તહેવારો ટાણે ખાંડ અને સીંગતેલના ભાવમાં વધારો, ગૃહિણીઓનું બજેટ ખોરવાયું, ખાદ્યતેલ મોંઘા થયા



રાજકોટ | દેશભરમાં આગામી તહેવારોની મોસમ શરૂ થાય તે પૂર્વે જ સામાન્ય જનતા માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે, જેમાં ખાંડ અને સીંગતેલ સહિતના ખાદ્યતેલના ભાવમાં ભારે ઉછાળો જોવા મળ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટ બજારમાં સીંગતેલનો ડબ્બો બાવીસ સો રૂપિયાને પાર પહોંચી ગયો છે, જ્યારે દેશભરમાં ખાંડના સરેરાશ છૂટક ભાવમાં પણ નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે મધ્યમ વર્ગના પરિવારોનું માસિક બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. મીડિયા અહેવાલ મુજબ, ગત સાત ઓગસ્ટના રોજ દેશમાં ખાંડનો સરેરાશ છૂટક ભાવ વધીને પચાસ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે, જે અગાઉ સડત્રીસ રૂપિયા આસપાસ હતો. એક તરફ તેલીબિયાંનું મબલખ ઉત્પાદન થયું હોવા છતાં અને વાવેતરમાં વધારો નોંધાયો હોવા છતાં બજારમાં તેલના ભાવો સતત ઉપર જઈ રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં જ સીંગતેલ અને કપાસિયા તેલના ડબ્બા દીઠ રૂ ૧૦ થી ૪૦ સુધીનો વધારો ઝીંકવામાં આવ્યો છે, જેનાથી ગૃહિણીઓની મુશ્કેલીઓમાં વધારો થયો છે.



## એનાલોગ પનીર બટર ચીઝ પર પ્રતિબંધથી મોંઘવારી વધી

(એજન્સી) રાજકોટ । તા. 10

રાજ્ય સરકાર દ્વારા એનાલોગ પનીર, બટર અને ચીઝના વપરાશ તેમજ વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવતા સમગ્ર ફૂડ માર્કેટમાં સ્વૈચ્છિક લોકડાઉન જેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. મીડિયા અહેવાલ મુજબ, આ કડક નિર્ણય બાદ ફૂડ વિભાગ દ્વારા રાજ્યભરમાં ધમધમાટ દરોડા પાડવામાં આવી રહ્યા છે, જેના કારણે હોટલો, રેસ્ટોરન્ટો, પીઝા પાર્લર, કેફે, કેટરર્સ તેમજ લારી-ગલ્લાના સંચાલકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

ફૂડ માર્કેટનો મોટો હિસ્સો અત્યાર સુધી આ એનાલોગ પ્રોડક્ટ્સ પર નિર્ભર હતો, પરંતુ હવે અચાનક પ્રતિબંધ લદાતા મોટી મુશ્કેલી ઊભી થઈ છે. પૂરતા પૈસા ચૂકવવા છતાં બજારમાં અસલી પનીર, બટર અને ચીઝ પૂરતી માત્રામાં ઉપલબ્ધ થતા નથી. મહારાષ્ટ્ર બાદ ગુજરાત સરકારે લીધેલા આ કડક પગલાના કારણે રાજ્યની અસંખ્ય હોટલો અને રેસ્ટોરન્ટોમાં સોપો પડી ગયો છે અને સંચાલકોએ મજબૂર થઈને મેનુમાંથી પનીર વાળી વાનગીઓ હટાવી લેવી પડી છે.

અસલી અને એનાલોગ પ્રોડક્ટ્સના ભાવોમાં બમણાથી લઈને ત્રણ ગણા સુધીનો મોટો તફાવત હોવાના કારણે ધંધાર્થીઓને આર્થિક ભારણ સહન કરવું અશક્ય બની ગયું છે.

## સુરતમાં આપઘાત કરનારા રેસિડેન્ટ ડૉક્ટરનું રેગિંગ થયાનો ઘટસ્ફોટ: 4 સીનિયર ડૉક્ટર સસ્પેન્ડ

(એજન્સી) સુરત । તા. 10

સુરત નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં બનેલી એક અત્યંત દુઃખદ અને હચમચાવી નાખનારી ઘટનામાં રેસિડેન્ટ ડૉક્ટરના રહસ્યમય આપઘાત મામલે એક મોટો અને ગંભીર ઘટસ્ફોટ સામે આવ્યો છે. સિવિલ



હોસ્પિટલના બોયઝ પીજી હોસ્ટેલમાં માઈક્રોબાયોલોજી વિભાગમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા અસાવીસ વર્ષીય રેસિડેન્ટ ડૉ. હર્ષ સુભાષચંદ્ર પંડ્યાએ પોતાના રૂમમાં ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું. આ મામલે પોલીસ અને એન્ટી રેગિંગ કમિટી દ્વારા હાથ ધરાયેલી સઘન તપાસમાં મૃતક ડૉક્ટરનું સીનિયર તબીબો દ્વારા માનસિક ત્રાસ આપીને રેગિંગ કરવામાં આવતું હોવાનું સ્પષ્ટપણે બહાર આવ્યું છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને હોસ્પિટલ પ્રશાસને ત્વરિત કાર્યવાહી કરતા ચાર સીનિયર ડૉક્ટરોને છ મહિના માટે સસ્પેન્ડ કરી દીધા છે અને પોલીસ દ્વારા પણ કાયદેસરની ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. એન્ટી રેગિંગ કમિટી દ્વારા તૈયાર કરવામાં આવેલા વિગતવાર અહેવાલ અને ગંભીર બેદરકારીને ધ્યાનમાં રાખીને હોસ્પિટલ વહીવટી તંત્ર દ્વારા ચાર રેસિડેન્ટ ડૉક્ટરો–ડૉ. નિરાલી વસાવે, ડૉ. અનુજ મહેશ્વરી, ડૉ. દીક્ષિતા ઘેવરિયા અને ડૉ. હિના ભુત વિરુદ્ધ સખત કાર્યવાહી કરવામાં આવી છે. આ તમામ ચારેય તબીબોને આગામી છ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેમજ તેમને તાત્કાલિક હોસ્ટેલ ખાલી કરી દેવા અને કોઈપણ પ્રકારની શૈક્ષણિક કે તબીબી પ્રવૃત્તિઓમાં ભાગ ન લેવા માટે સખત આદેશો જારી કરવામાં આવ્યા છે.

## ચાંદીપુરાનો હાહાકારઃ રિપોર્ટમાં વિલંબ વચ્ચે વધુ એક 'શંકાસ્પદ' બાળકનું મોત, શંકાસ્પદ બાળકનું મોત અપડેટ્સ

(એજન્સી) રાજકોટ । તા. 10

ગુજરાત રાજ્યમાં બાળભક્ષી તરીકે ઓળખાતા ઘાતક ચાંદીપુરા વાયરસનો હાહાકાર હજુ પણ યથાવત જોવા મળી રહ્યો છે. અત્યાર સુધીમાં અનેક માસૂમ ભૂલકાંઓને ભરખી જનાર આ જીવલેણ રોગનો ચોક્કસ તોડ કે વેક્સિન હજુ સુધી મળી નથી, ત્યાં વધુ એક માસૂમ બાળકે પોતાનો જીવ ગુમાવ્યો છે. ધ્રોલ પંથકમાંથી સારવાર અર્થે રાજકોટ લાવવામાં આવેલા છ વર્ષીય બાળકનું સારવાર દરમિયાન કરૂણ મોત નીપજ્યું છે. સૌથી ગંભીર અને આશ્ચર્યજનક બાબત એ છે કે જામનગર જિલ્લામાં ચાંદીપુરાના શંકાસ્પદ કેસમાં મૃત્યુઆંક વધીને છ પર પહોંચી ગયો છે, પરંતુ તંત્ર દ્વારા મોકલવામાં આવેલા સેમ્પલના રિપોર્ટ્સ હજુ સુધી આવ્યા નથી.

અગાઉ થયેલા પાંચ મૃત્યુ બાદ રિપોર્ટ્સ નેગેટિવ આવવાને કારણે આ જીવલેણ રોગના નિદાન અને વહીવટી પ્રક્રિયા સામે અનેક રહસ્યો અને ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.

જામનગર જિલ્લામાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસોએ ફરી એકવાર ભારે ફફડાટ ફેલાવ્યો છે. ધ્રોલ તાલુકાના ડાંગરા સીમ વિસ્તારમાંથી ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો જણાતા રાજકોટની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલા છ વર્ષીય માસૂમ બાળકે અંતિમ શ્વાસ લીધા હતા. તબીબી વિજ્ઞાન અને અદ્યતન સ્વાસ્થ્ય સેવાઓના મોટા દાવાઓ વચ્ચે હજુ સુધી સમયસર રિપોર્ટ ન મળવાથી સરકાર અને આરોગ્ય તંત્રની ગંભીરતા સામે પ્રશ્નાર્થ ચિહ્નો સર્જાયા છે.

તબીબી સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, હાલ જામનગરની જી.જી. હોસ્પિટલમાં ત્રણ શંકાસ્પદ બાળદર્દીઓ સારવાર હેઠળ છે, જેમાં કાલાવડ પંથકમાંથી લાવવામાં આવેલા બે વર્ષીય માસૂમ બાળકનો પણ સમાવેશ થાય છે. આમાંથી એક બાળક અત્યંત નાજુક સ્થિતિમાં વેન્ટિલેટર પર જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યું છે. આ ઉપરાંત, રાજકોટ સિવિલ હોસ્પિટલના બાળરોગ વિભાગમાં પણ અન્ય બે શંકાસ્પદ બાળકો સારવાર મેળવી રહ્યા છે.

## વરસાદ ખેંચાતા રાજકોટ શહેરમાં ગંભીર જળસંકટ, રાજકોટમાં પાણીની અછત સર્જાવાની પૂરી ભીતિ



રાજકોટ | સૌરાષ્ટ્રના પાટનગર સમાન રાજકોટ શહેરમાં લાંબા સમયથી વરસાદ ખેંચાતા આગામી દિવસોમાં પીવાના પાણીનું ગંભીર સંકટ સર્જાવાની દહેશત ઊભી થઈ છે. મીડિયા અહેવાલ અનુસાર, શહેરની જળજરૂરિયાત પૂરી પાડતા મુખ્ય આજી-વન અને ન્યારી-વન ડેમમાં હવે માંડ આગામી દસમી સપ્ટેમ્બર સુધી જ ચાલે તેટલો જ પાણીનો જથ્થો બાકી બચ્યો છે, જેના કારણે સ્થાનિક વહીવટી તંત્ર અને નાગરિકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. શહેરભરમાં પીવાનો પાણીનો પુરવઠો પૂરો પાડતા આજી-વન ડેમમાં હાલ પાણીની સપાટી બાવીસ ફૂટ આસપાસ અને ન્યારી-વન ડેમમાં સોળ ફૂટ આસપાસ નોંધાઈ છે. અગાઉ નર્મદાના નીરથી આ ડેમો છલકાયા હતા, પરંતુ સમયસર સારો વરસાદ ન વરસવાના કારણે જળસ્તરમાં ઝડપથી ઘટાડો થઈ રહ્યો છે. જો આગામી દિવસોમાં મેઘરાજા મન મૂકીને નહીં વરસે, તો પરિસ્થિતિ વધુ વિકટ બની શકે છે અને શહેરમાં પાણી કાપ મૂકવાની ફરજ પડી શકે છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગરપાલિકાનું તંત્ર પહેલેથી જ એલર્ટ થઈ ગયું છે.

### ગુજરાતભરમાં FDCAના દરોડા

## બે દિવસમાં 5.28 લાખનો 1705 કિલો બનાવટી 'ડેરી એનાલોગ'નો જથ્થો ઝડપાયો



(એજન્સી) ગાંધીનગર । તા. 10

ગુજરાત રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરતા અસામાજિક તત્વો અને વેપારીઓ સામે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (FDCA) દ્વારા અત્યંત કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. રાજ્યમાં દૂધ, પનીર અને ચીઝ જેવી રોજિંદી જરૂરી ચીજવસ્તુઓના નામે બજારમાં વેચાતા બનાવટી અને હાનિકારક 'ડેરી-એનાલોગ્સ' સામે તંત્ર દ્વારા એક વિશેષ અને સઘન તપાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ બે દિવસીય આકસ્મિક અભિયાન દરમિયાન રાજ્યભરમાંથી આરોગ્ય માટે જોખમી એવો કુલ ૧૭૦૫ કિલોગ્રામ શંકાસ્પદ જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો અને સ્થળ પર જ તેનો નાશ કરવામાં આવ્યો હતો.

નાગરિકોને બજારમાં શુદ્ધ, ગુણવત્તાયુક્ત અને સલામત ખાદ્યપદાર્થો મળી રહે તેવા મુખ્ય ઉદ્દેશ્ય સાથે ૦૬ અને ૦૭ ઑગસ્ટ, ૨૦૨૬ દરમિયાન સમગ્ર ગુજરાતમાં ખાસ દરોડાની ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બે દિવસ દરમિયાન એફડીસીએની અલગ-અલગ ટીમોએ રાજ્યભરમાં કુલ ૮૪૨ જેટલી વાણિજ્યિક પેઢીઓ, ડેરીઓ અને ખાદ્ય સામગ્રીના વેચાણ કેન્દ્રો પર જઈને આકસ્મિક તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન અનેક સ્થળોએથી નકલી અને ડેરી એનાલોગનો જથ્થો મળી આવતા તંત્ર દ્વારા ત્વરિત કાર્યવાહી કરવામાં આવી હતી.

આ બે દિવસીય ડ્રાઈવ દરમિયાન વિવિધ મહાનગરપાલિકાઓ અને જિલ્લાઓમાં પકડાયેલા હાનિકારક જથ્થાની વિગતો નીચે મુજબ છે:

### ૦૬ ઑગસ્ટના દરોડા:

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન: ૪૭૧ કિલોગ્રામ (અંદાજિત કિંમત આશરે રૂ. ૧.૫ લાખ)

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન: ૨૩૫ કિલોગ્રામ (અંદાજિત કિંમત આશરે રૂ. ૫૮ હજારથી વધુ)

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન: ૧૧૫ કિલોગ્રામ (અંદાજિત કિંમત આશરે રૂ. ૩૦ હજારથી વધુ)

### ૦૭ ઑગસ્ટના દરોડા:

જૂનાગઢ જિલ્લો: ૫૮૫ કિલોગ્રામ (અંદાજિત કિંમત આશરે રૂ. ૨.૦૪ લાખથી વધુ)

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન: ૨૭ કિલોગ્રામ (અંદાજિત કિંમત આશરે રૂ. ૬,૭૫૦)

જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન: ૨૯ કિલોગ્રામ (અંદાજિત કિંમત આશરે રૂ. ૬,૫૦૦)

આમ, માત્ર બે જ દિવસના ટૂંકા સમયગાળામાં અંદાજે રૂપિયા ૫.૨૮ લાખની મિલકત સમાન હાનિકારક પનીર અને ચીઝ એનાલોગના જથ્થાને જપ્ત કરીને નાશ કરવાની મોટી સફળતા તંત્રને મળી છે.

## સુરતમાં જહાંગીરપુરાના સાંસ્કૃતિક આવાસમાં ગટરની સમસ્યા નહીં સુધરે તો પાલિકા કચેરીએ 10 હજાર લોકો ધરણા પર બેસશે

(એજન્સી) સુરત । તા. 10

સુરત શહેરને દેશભરમાં સ્વચ્છતા માટે નંબર વન બનાવટા હોવાના મોટા દાવાઓ વચ્ચે તંત્રની વાસ્તવિક કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. શહેરના જહાંગીરપુરા વિસ્તારમાં આવેલા રાંદેર ઝોન અંતર્ગત સુડા સાંસ્કૃતિક આવાસના દસ હજારથી વધુ રહીશો છેલ્લા દોઢ વર્ષથી ઉભરાતી ગટર, ફેલાયેલી ગંદકી અને અસહ્ય દુર્ગંધ વચ્ચે મુશ્કેલ જીવન જીવવા માટે મજબૂર બન્યા છે. પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે ગટરનું ગંદુ પાણી સીધું બોરિંગના પાણીમાં ભળી રહ્યું છે, જેના કારણે રહીશોના પીવાના પાણી સામે મોટું જોખમ ઊભું થયું છે. વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાને બદલે માત્ર આશ્વાસનો આપવામાં આવતા હવે સ્થાનિક રહીશોનો ધીરજનો બંધ તૂટી ગયો છે અને આગામી એક અઠવાડિયામાં કાયમી ઉકેલ નહીં આવે તો પાલિકા કચેરીએ ધરણા પર બેસવાની ઉગ્ર ચીમકી આપવામાં આવી છે.



સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન હેઠળ આવતા જહાંગીરપુરાના સુડા સાંસ્કૃતિક આવાસમાં આશરે ચોવીસ જેટલી મોટી બિલ્ડિંગો આવેલી છે, જેમાં દસ હજારથી વધુ નાગરિકો વસવાટ કરે છે. આવાસના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ લાંબા સમયથી ગટર લાઈન બેક મારી રહી છે. ગટરનું ગંદુ પાણી સતત રસ્તા પર ફરી વળતું હોવાથી સમગ્ર વિસ્તારમાં ગંભીર દુર્ગંધ ફેલાય છે અને મચ્છરોનો ઉપદ્રવ પણ અસાધારણ રીતે વધી ગયો છે. પાણી ભરાયેલા રહેવાને કારણે લીલ જામી ગઈ છે, જેનાથી અકસ્માતનું જોખમ પણ રહે છે. શુદ્ધ રસ્તો અને પીવાનું ચોખ્ખું પાણી પૂરું પાડવાની પ્રાથમિક જવાબદારી ધરાવતા સ્થાનિક તંત્રની નિષ્ક્રિયતા સામે સ્થાનિકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. આ સમગ્ર પરિસ્થિતિમાં સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે ગટરનું દૂષિત પાણી બોરિંગના પાણી સાથે ભળી રહ્યું છે, જેના લીધે પીવાના પાણીની શુદ્ધતા સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો સર્જાયા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, દૂષિત પાણીના વપરાશના કારણે આવાસમાં તાવ, મેલેરિયા અને અન્ય પાણીજન્ય બીમારીઓના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. સ્થાનિક એડવોકેટ મમતાબેને જણાવ્યું હતું કે તેમના પોતાના પરિવારના સભ્યો પણ આ ગંદકી અને દૂષિત પાણીના કારણે બીમાર પડ્યા છે. અનેક લોકો હોસ્પિટલના ધક્કા ખાવા મજબૂર બન્યા છે છતાં સત્તાધીશો દ્વારા આ ગંભીર બાબત તરફ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે જ્યારે પણ ગટર ઉભરાવાની કે પાણી ભરાવાની ફરિયાદ નોંધાવવામાં આવે છે, ત્યારે કોઈ પણ પ્રકારની સ્થળ તપાસ કે કામગીરી કર્યા વિના જ ઓનલાઈન પોર્ટલ પર ફરિયાદ રીઝોલ્વ થઈ ગઈ હોવાનું દર્શાવી દેવામાં આવે છે. જો ખરેખર સમસ્યા ઉકેલાઈ ગઈ હોય તો છેલ્લા દોઢ વર્ષથી ગટરનું ગંદુ પાણી રસ્તાઓ પર કેમ ફરી રહ્યું છે તેવો સીધો સવાલ નાગરિકો તંત્રને પૂછી રહ્યા છે.

### સોહમ હાઈટ્સ છાણી અપડેટ્સ

## વડોદરાના દશરથ ખાતે ફ્લેટમાંથી ચોરો 15 લાખ ઉપરાંતની મતા ચોરી ફરાર

(એજન્સી) વડોદરા । તા. 10

વડોદરા શહેરના છાણી વિસ્તારમાં આવેલા દશરથ વિસ્તારમાં તસ્કરોનો ત્રાસ ફરી એકવાર વધ્યો હોવાનું સામે આવ્યું છે. દશરથ ખાતે આવેલા સોહમ હાઈટ્સ નામક રેસિડેન્શિયલ એપાર્ટમેન્ટમાં એક બંધ ફ્લેટને નિશાન બનાવીને તસ્કરોએ મોટો હાથફેરો કર્યો છે. પરિવાર પોતાના વતન કે અન્ય કોઈ સ્થળે બહારગામ ગયો હોવાનો પૂરો લાભ લઈને તસ્કરોએ રાત્રિના સુમારે મકાનના તાળા તોડીને ઘરમાં પ્રવેશ કર્યો હતો. ઘરમાંથી સોના-ચાંદીના કિંમતી દાગીના તેમજ રોકડા રૂપિયા અઢી લાખ મળીને કુલ રૂપિયા પંદર લાખથી વધુની મતા ચોરી કરીને તસ્કરો ફરાર થઈ ગયા છે. આ બનાવ અંગે છાણી પોલીસ સ્ટેશન દ્વારા ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સોહમ હાઈટ્સ ખાતે રહેતા સુનિલભાઈ પટેલ ગત આઠમી તારીખે પોતાના પરિવાર સાથે સાયલા ભગતના ગામે ગયા હતા અને તેઓ ત્યાં જ રાત્રિ રોકાણ કરવાના હતા. દરમિયાન વહેલી સવારે ફ્લેટના પ્રમુખ તેમજ સુનિલભાઈના એક મિત્ર દ્વારા ફોન કરીને મકાનના મુખ્ય દરવાજાના તાળા તૂટેલા હોવાની ગંભીર જાણ કરવામાં આવી હતી. આ માહિતી મળતા જ પરિવાર ચિંતામાં મુકાયો હતો અને બપોર સુધીમાં તાત્કાલિક પોતાના ઘરે પરત દોડી આવ્યો હતો. ઘરે આવીને તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આગલી રાત્રે અંદાજે અગિયાર વાગ્યા સુધી મકાનનો દરવાજો સંપૂર્ણપણે સલામત અને બંધ હતો, પરંતુ ત્યારબાદ મધરાત્રે ત્રાટકેલા અજાણ્યા તસ્કરોએ દરવાજાનો નકુચો અને ઘરની અંદર આવેલી તિજોરીના તાળા તોડી નાખ્યા હતા. તસ્કરો ઘરમાંથી સોનાના બાર તોલા ઉપરાંતના કિંમતી દાગીના, ચાંદીની ચીજવસ્તુઓ અને રોકડા રૂપિયા ૨.૫ લાખ સહિત કુલ રૂ. ૧૫ લાખથી વધુની કિંમતી મિલકત ચોરી કરીને ફરાર થઈ ગયા હતા.બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને છાણી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

### વડોદરા વડીવાડી ભુવો ટ્રક વિગતો

## વડોદરા શહેરના વડીવાડી ગામમાં ભુવો પડતા કન્સ્ટ્રક્શન સામાન ભરેલો ટ્રક ફસાયો

(એજન્સી) વડોદરા । તા. 10

વડોદરા શહેરમાં માર્ગોની નબળી ગુણવત્તા અને ઠેરઠેર પડી રહેલા ભુવાઓને કારણે નાગરિકો અને વાહનચાલકોની મુશ્કેલીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. તાજેતરમાં શહેરના વોર્ડ નંબર-૮ અંતર્ગત આવતા વડીવાડી ગામના મુખ્ય માર્ગ પર કન્સ્ટ્રક્શનનો સામાન ભરેલો એક આઈસર ટ્રક અચાનક મોટો ભુવો પડવાને કારણે ફસાઈ ગયો હતો. ટ્રકનું પાછળનું ટાયર જમીનમાં અચાનક ખૂપી જવાથી માર્ગ પરનો વાહનવ્યવહાર પણ થોડા સમય માટે ખોરવાઈ ગયો હતો. ડ્રાઈવરના જણાવ્યા મુજબ વાહનમાં વધારે વજન પણ ભરેલું નહોતું, છતાં સામાન્ય વજનથી રસ્તો ધસી પડતા સ્થાનિક તંત્ર દ્વારા કરવામાં આવતી રોડ-રસ્તાની કામગીરીની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થયા છે.

ઘટના અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, કન્સ્ટ્રક્શન સામાન ભરેલો આઈસર ટ્રક વડીવાડી ગામના મુખ્ય રસ્તા પરથી પસાર થઈ




રહ્યો હતો તે દરમિયાન અચાનક જમીન બેસી જવાથી મોટો ખાડો એટલે કે ભુવો પડી ગયો હતો. ટ્રકનું પાછળનું વજનદાર ટાયર આ ખાડામાં ઊતરી જવાથી વાહન આગળ વધી શક્યું નહોતું. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે ટ્રેક્ટર મંગાવવામાં આવ્યું હતું અને ટ્રકમાં રહેલો કન્સ્ટ્રક્શનનો સામાન ખાલી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ક્રેનની મદદથી ભારે જહેમત બાદ ફસાયેલા આઈસર ટ્રકને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારી પ્રચંડ બૌદ્ધિક ક્ષમતા તમને વિકલાંગતા સામે લડવામાં મદદ કરશે. માત્ર હકારાત્મક વિચારો રાખીને તમે સમસ્યા સામે લડી શકો છો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે.

**વૃષભ : બ. વ. ઉ.**

મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે.

**મિથુન : ક. છ. ઘ.**

લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. પરિવારના સભ્યો સાથે વિતાવવા માટે તમને ખાસ્સો સમય મળશે. પ્રિયતમ આજે તમારી પાસે થી કંઈ માંગ કરી શકે છે .

**કર્ક : ડ. હ.**

ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. તમારૂ પ્રિયપાત્ર તમારી પાસેથી ભેટ-સોગાદો ઉપરાંત તમારા સમયની પણ અપેક્ષા રાખશે.

**સિંહ : મ. ટ.**

તમારૂ શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. છેલ્લા થોડા સમયથી તમારૂ અંગત જીવન તમારા ધ્યાનનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ.

**તુલા : ર. ત.**

તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો.

**મકર : ખ. જ.**

તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈઓ પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માટે આજે લાભ થશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશો પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. આજે તમે ડેટ પર જવાના હો તો,વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો.

### જાગૃત નાગરિકોએ કલેક્ટરથી લઈને ગામના તલાટી સુધી લેખિત રજૂઆત કરી

# સંખેડા તાલુકાના ભાટપુર ગામમાં છ મહિના પહેલા બનેલો RCC રોડ વરસાદમાં ઊખડી ગયો, ગ્રામજનોમાં રોષ

| કમલેશ પટેલ | સંખેડા





સંખેડા તાલુકાના ભાટપુર ગામમાં છ મહિના પહેલા બનેલો આરસીસી રોડ પર ઉપયોગમાં લેવાયેલી કપચી પહેલા જ વરસાદમાં ઉખડી ગઈ. દૂધ ડેરીથી સ્વામિનારાયણ મંદિર સુધીના આ રોડ પરથી કપચી બહાર નીકળી આવતા તેની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. ગ્રામજનોએ ભ્રષ્ટાચારના આક્ષેપો કરીને ઉચ્ચ કક્ષાની તપાસની માંગ કરી છે.રોડ ઊખડી જવાથી રાહદારીઓના પગમાં કપચી વાગવાના બનાવો બન્યા છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોને અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે. વાહનચાલકોને પણ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.આ રોડ ગામના સ્ટેટ બેંક પાસેથી સ્વામિનારાયણ મંદિર સુધી લોકહિતાર્થ રોયલ્ટી ગ્રાન્ટમાંથી વર્ષ 2025-26માં બનાવવામાં આવ્યો હતો. નિર્માણના માત્ર છ મહિનામાં જ તેની આવી હાલત થતા ગ્રામજનોમાં રોષ વ્યાપ્યો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે રોડ બનાવવામાં હલકી ગુણવત્તાનો સિમેન્ટ અને અન્ય સામગ્રીનો ઉપયોગ થયો છે. વરસાદ પડતા જ રોડની સપાટી ઊખડી ગઈ અને ઠેર ઠેર કપચી દેખાઈ રહી છે. રોડ પાસે લગાવેલા શિલાન્યાસ પાટિયામાં પણ 'લોકહિતાર્થ રોયલ્ટી ગ્રાન્ટ, વર્ષ 2025-26' નો ઉલ્લેખ છે, જે દર્શાવે છે કે આ રોડ તાજેતરમાં જ બન્યો છે. આ મામલે ગામના જાગૃત નાગરિકોએ કલેક્ટરથી લઈને ગામના તલાટી સુધી લેખિત રજૂઆત કરી છે. તેમણે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાત્કાલિક તપાસ કરીને કોન્ટ્રાક્ટર તેમજ સંબંધિત અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.ગ્રામજનોનું કહેવું છે કે સરકારી ગ્રાન્ટના કરોડો રૂપિયાનો વેડફાટ થયો છે અને જવાબદારોને છોડવામાં આવશે નહીં. તેઓએ તંત્ર દ્વારા તાત્કાલિક ગુણવત્તાયુક્ત રોડ ફરીથી બનાવવાની અને બેદરકારી દાખવનારાઓ સામે કડક પગલાં લેવાની માંગ કરી છે.

## કેશોદમા ભારત વિકાસ પરિષદની ટીમે અટલ આવાસ, ગૌશાળા અને એસટી ડેપો સહિતના વિસ્તારોમાં સફાઈ અભિયાન સાથે વૃક્ષોરોપણ. કર્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ તા. 10

ભારત વિકાસ પરિષદ કેશોદ દ્વારા પર્યાવરણના સંવર્ધન અને સંરક્ષણના સંદેશ સાથે વૃક્ષારોપણ તથા સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ સ્થળોએ વૃક્ષોનું વાવેતર કરી સ્વચ્છતા જાળવવા અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. કેશોદના અગત્યના રોડ પર આવેલ અટલ આવાસ યોજના રેસિડેન્સી ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાધે કૃષ્ણ ગૌશાળા ટ્રસ્ટની ગૌશાળા ખાતે પણ વિવિધ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ દ્વારા હરિયાળી વધારવા તેમજ પર્યાવરણનું જતન કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત કેશોદ બસ સ્ટેન્ડ ખાતેના ગેરેજ વિસ્તાર, ખુલ્લા મેદાન તેમજ મુસાફરો માટેના વિવિધ વિસ્તારોમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. એસટી ડેપોના મેનેજર ભીલ સાહેબ તથા સિદ્ધરાજસિંહ રાયજાદાના સહકારથી બસ સ્ટેન્ડના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન સફળતાપૂર્વક યોજાયું હતું.

ભારત વિકાસ પરિષદના સ્થાપક પ્રમુખ ડો. સ્નેહલ તન્ના, પ્રમુખ આર.પી. સોલંકી સહિતની ટીમે સમગ્ર કાર્યક્રમમાં સક્રિય ભાગ લઈ વૃક્ષારોપણ અને સફાઈના મહત્વ અંગે લોકોને પ્રેરણા આપી હતી. પર્યાવરણનું જતન અને સ્વચ્છતા જાળવવાની જવાબદારી દરેક નાગરિકની છે તેવો સંદેશ પણ આ કાર્યક્રમ દ્વારા આપવામાં આવ્યો હતો.

### તકરાર

## જામનગરમાં બે મિત્રો વચ્ચે પડી તકરાર : એક મિત્રએ પાઇપ અને છરીથી હુમલો કરતાં યુવકને ચાર ટાંકા લેવા પડ્યા

જામનગર : જામનગરમાં મિત્રની પત્નીએ પતિ નશો કરે છે કે કેમ તે અંગે પૂછતાં તેની જાણ મિત્રને કરનાર યુવક પર હુમલો થયાની ઘટના સામે આવી છે. તીરૂપતિ પાર્ક-2માં રહેતા રીજવાનખાન ઈસરારખાન પઠાણ (ઉં.વ.28) ગત તા.8 ઓગસ્ટની રાત્રે સાડા દસ વાગ્યાના અરસામાં તીરૂપતિ સોસાયટી-2માં આઈશ્રી ખોડિયાર દુકાને દૂધ લેવા ગયા હતા. ત્યારે ત્યાં તેમના મિત્ર સોહીલ હાજીભાઈ પતાણી આવી ગાળો બોલી ઝઘડો કરવા લાગ્યો હતો.ફરિયાદ મુજબ સોહીલના હાથમાં રહેલા પાઈપ વડે રીજવાનખાનને શરીરે આડેધડ માર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ સોહીલે છરી કાઢીને હુમલો કરતાં છરી રીજવાનખાનના જમણા પડખામાં વાગી હતી. ઈજાગ્રસ્તને તેમના નાના ભાઈ અબરારે મોટરસાઈકલ પર જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. સારવાર દરમિયાન જમણા પડખાની ઈજામાં ચાર ટાંકા આવ્યા હતા, જ્યારે શરીર પર મુંઢ ઈજાઓ પણ થઈ હતી.ફરિયાદમાં વધુમાં જણાવ્યા મુજબ સોહીલે 'તું મારા ઘરમાં શું કામ દખલગીરી કરે છે? હવે પછી આમ કરીશ તો તને જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી હતી. બનાવનું કારણ એવું જણાવાયું છે કે સોહીલની પત્નીએ રીજવાનખાનને ફોન કરીને સોહીલ નશો કરે છે કે કેમ તે અંગે પૂછ્યું હતું. આ અંગે રીજવાનખાને સોહીલને તેની પત્નીને તેના પર શંકા હોવાનું જણાવ્યું હતું. આ બાબતે સોહીલ રીજવાનખાન ઉપર ખોટી શંકા કરવા લાગ્યો હતો અને 'તું મારું ઘર તોડાવવા માંગે છે' કહી હુમલો કર્યો હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

### ફરિયાદ

## જામનગરની પરિણીત શિક્ષિકાએ પતિ સહિત સાસરિયાં સામે માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી

જામનગર : જામનગરની વતની અને હાલ કચ્છમાં સરકારી શિક્ષિકા તરીકે ફરજ બજાવતી 35 વર્ષીય પરિણીતાએ પોતાના પતિ સહિત સાસુ, સસરા અને નણંદ સામે શારીરિક તથા માનસિક દુઃખ ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, મહિલાના લગ્ન તા. 29 જાન્યુઆરી, 2017ના રોજ અમરેલીના વિશાલભાઈ અનીલભાઈ ગળીયેલ સાથે સમાજના રીતરિવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ પતિ-પત્ની અમરેલીમાં સંયુક્ત પરિવારમાં રહેતા હતા. લગ્નના થોડા સમય બાદથી જ સાસુ દક્ષાબેન ઘરકામ અને રસોઈ જેવી નાની બાબતોમાં ઝઘડો કરી ગાળો આપતા હોવાનો આક્ષેપ છે. સસરા અનીલભાઈ પણ સાસુનો સાથ આપી પતિને તેની પત્નીને માવતરે મૂકી આવવાનું કહેતા તથા નાની બાબતોમાં ઝઘડા કરતા હોવાની ફરિયાદમાં જણાવાયું છે.નણંદ શિલ્પાબેનના લગ્ન થઈ ગયા હોવા છતાં તેઓ રીસામણે હોવાથી સાસરે જ રહેતા હતા અને પતિને પત્ની વિરુદ્ધ ચડામણી કરતા તેમજ ઘરકામ બાબતે ઝઘડો કરી ગાળો આપતા હોવાનો પણ આક્ષેપ કરાયો છે. આ કારણે લગ્નના આશરે બે મહિના બાદ પતિ-પત્ની અલગ રહેવા લાગ્યા હતા. જોકે, પતિની નોકરી છૂટી જતા બંને ફરી સંયુક્ત પરિવારમાં રહેવા ગયા હતા અને તે દરમિયાન પણ કથિત ત્રાસ ચાલુ રહ્યો હતો.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોન્ચ કર્યું RDI ફંડ

## નખત્રાણામાં કચ્છ પત્રકાર વેલ્ફેર ફાઉન્ડેશનની સામાન્ય સભા યોજાઈ



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા સર્કિટ હાઉસ ખાતે કચ્છ પત્રકાર વેલ્ફેર ફાઉન્ડેશન (કચ્છ પત્રકાર સંગઠન)ની સામાન્ય સભા તાજેતરમાં જિલ્લા પ્રમુખ શ્રી વિમલભાઈ સોનીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકમાં નખત્રાણા તાલુકા સહિત કચ્છ જિલ્લાના બહોળી સંખ્યામાં પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકના પ્રારંભે નવનિયુક્ત જિલ્લા પ્રમુખ શ્રી વિમલભાઈ સોનીનું પાઘડી પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ભુજથી પધારેલા પત્રકાર અગ્રણીઓનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. રાજુભાઈ જોષી, ભરતભાઈ જોષી, છગનભાઈ ઠક્કર અને અશ્વિનભાઈ રૂપારેલ દ્વારા સ્વાગત પ્રવચન કરી વિવિધ પ્રશ્નો અંગે રજૂઆતો કરવામાં આવી હતી. કચ્છ પત્રકાર વેલ્ફેર ફાઉન્ડેશનના જિલ્લા અગ્રણીઓ રાજુભાઈ ઠક્કર, મહેશભાઈ પંડ્યા અને નીતિનભાઈ ગરવા દ્વારા સંગઠનની આગામી કામગીરી, આયોજન અને સંગઠન પ્રક્રિયા અંગે માહિતી આપવામાં આવી હતી.સામાન્ય સભામાં શ્રી નવલસિંહ સવાઈસિંહ સોઢાની કચ્છ પત્રકાર વેલ્ફેર ફાઉન્ડેશનના નખત્રાણા તાલુકા પ્રમુખ તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. તેમજ શ્રી રાજુભાઈ જોષીની જિલ્લા કારોબારીમાં વરણી કરવામાં આવી હતી. બંનેની વરણીને ઉપસ્થિત પત્રકારોએ સર્વાનુમતે વધાવી અભિનંદન પાઠવ્યા હતા.બેઠકમાં પત્રકારોના હિત, સુરક્ષા અને વિવિધ વીમા યોજનાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. પત્રકારોના પ્રશ્નો અને મુશ્કેલીઓના સમયે પરસ્પર સહયોગ આપવા તેમજ સંગઠનને વધુ મજબૂત બનાવવા અંગે પણ મહત્વપૂર્ણ ચર્ચા થઈ હતી.સંગઠન સાથે જોડાયેલા પત્રકારોને મળનારા વિવિધ લાભો અને સુવિધાઓ અંગે ચર્ચા કરી, પત્રકારિતાના ક્ષેત્રમાં સક્રિય રીતે કાર્યરત પત્રકારોને સંગઠનના નિયમો મુજબ યોગ્ય લાભો મળી રહે તે માટે કામગીરી કરવાનો નિર્ણય લેવાયો હતો.

### 'રા નવઘણ'થી 'અબડા જામ' સુધી... ગ્રામ્ય નાટ્યક્ષેત્રે છવાયેલા વિશાભાઈ હવે યાદોમાં

# આહીર સમાજના યુવાનના અકાળે અવસાનથી આમારા ગામ સહિત સમગ્ર સમાજમાં શોકની લાગણી



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના આમારા ગામના આહીર સમાજના યુવાન સ્વ. વિશાભાઈ લખાનું ટૂંકી બીમારી બાદ દુઃખદ અવસાન થતાં આમારા ગામ સહિત સમગ્ર આહીર સમાજ, મિત્રો અને સ્નેહીજનોમાં શોકની લાગણી પ્રસરી છે. તેમના અકાળે અવસાનથી પરિવારજનો તથા સમાજને અપૂરણીય ખોટ પડી છે.સ્વ. વિશાભાઈ સામાજિક પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર રહેતા અને લોકોને મદદરૂપ બનતા હતા. સામાજિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તેઓ સક્રિય રીતે જોડાયેલા રહેતા હતા.ગ્રામ્ય નાટ્યક્ષેત્રે વિશાભાઈએ પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી. 'રા નવઘણ', 'પાજો કચ્છ' સહિતના નાટકોમાં વિવિધ પાત્રો ભજવી તેમણે પોતાની અભિનય પ્રતિભાથી દર્શકોના દિલમાં સ્થાન બનાવ્યું હતું. ખાસ કરીને 'અબડા જામ' નાટકમાં ચનેસરનું પાત્ર તેમજ સામાજિક નાટક 'મૈયરની ચુંદડી'માં અમરનું પાત્ર ભજવી તેમણે યાદગાર અભિનય કર્યો હતો.

મંચ પર વિવિધ પાત્રોને જીવંત બનાવનાર વિશાભાઈનું અકાળે અવસાન ગ્રામ્ય નાટ્યક્ષેત્ર માટે પણ મોટી ખોટ સમાન છે. તેમનો સરળ અને મળતાવડો સ્વભાવ, સામાજિક સેવા તથા કલા-સંસ્કૃતિ ક્ષેત્રે આપેલું યોગદાન હંમેશા લોકોની યાદોમાં જીવંત રહેશે.વિશાભાઈના નિધનથી પરિવારજનો, મિત્રો, સ્નેહીજનો તથા સમગ્ર આહીર સમાજમાં ઘેરા શોકની લાગણી છવાઈ છે. પરમાત્મા દિવંગત આત્માને શાંતિ અર્પે અને પરિવારજનોને આ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

## નખત્રાણા ધોડમ ટેકરી સ્થિત શ્રી મોમાઈ (દશામાં )માતાજી મંદિરે ૧૬ ઓગસ્ટે ભવ્ય મહાઆરતીનું આયોજન

નખત્રાણા : ભક્તિ, રાસ-ગરબા અને ઓર્કેસ્ટ્રા સાથે ઉજવાશે દશામાં માતાજીના વ્રતનખત્રાણા નગરની આસ્થાના પ્રતીક ધોડમ ટેકરી ઉપર બિરાજમાન શ્રી મોમાઈ માતાજી ( દશામાં) મંદિર ખાતે દશા માં માતાજી વ્રતનો શુભારંભ તા.12/08/2026, બુધવારથી થઈ રહ્યો છે.વ્રત દરમિયાન રોજ સાંજે 4 થી 6 કલાક સુધી મોમાઈ મહિલા મંડળ તેમજ શિવ મહિલા મંડળ દ્વારા ભવ્ય રાસ-ગરબાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તારીખ 16/08/2026, રવિવારના રોજ દિપક મિસ્ત્રી પ્રસ્તુત સાંજબિટ્સ એન્ડ ઓર્કેસ્ટ્રાના સથવારે ભવ્ય સંગીતમય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે.આ પાવન અવસરે શ્રી મોમાઈ મિત્ર મંડળ દ્વારા નખત્રાણા નગર તેમજ આસપાસના વિસ્તારોના સર્વે ભક્તજનોને માતાજીના દર્શન અને મહા આરતીમાં સહપરિવાર પધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સંસ્કૃત ભારતી, સૌરાષ્ટ્ર પ્રાંતના જુનાગઢ વિભાગનો કાર્યકર્તા અભ્યાસ વર્ગ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ , તા.10,

સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને સંસ્કૃત કાર્યકર્તાઓના પ્રશિક્ષણના હેતુથી ગાયત્રી શક્તિપીઠ, જૂનાગઢ ખાતે આયોજીત સંસ્કૃત ભારતી, સૌરાષ્ટ્ર પ્રાંતના જુનાગઢ વિભાગનો કાર્યકર્તા અભ્યાસ વર્ગમાં જુનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લાના દાયિત્વવાન કાર્યકર્તાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઉપસ્થિતી નોંધાવી હતી. અભ્યાસ વર્ગ ઉદ્ઘાટન સત્રના અધ્યક્ષ અને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ડો. પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યુ હતુ કે સંસ્કૃત ભાષાના પ્રચાર અને પ્રસારમાં નિષ્ઠાવાન કાર્યકર્તાઓનું યોગદાન પાયાનું અને અત્યંત મહત્વપૂર્ણ છે. સંભાષણ શિબિરોનું આયોજન, ઘરે-ઘરે સંસ્કૃત વાત-ચીત, સરળ સાહિત્યનું નિર્માણ અને યુવાનો તથા બાળકોમાં સંસ્કૃત પ્રત્યે રૂચિ જગાવીને કાર્યકર્તાઓ આપણી પ્રાચીન ભાષાને લોકભોગ્ય બનાવી રહ્યા છે. ત્યારે આપણે સૌ ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનપરંપરાની વૈશ્વિક ઓળખ સમાન સંસ્કૃત ભાષાના સંરક્ષણ, સંવર્ધન અને પ્રચાર-પ્રસારનો સંકલ્પ લઈએ. આ અભ્યાસવર્ગમાં, સંસ્કૃત ભારતી ગીર સોમનાથના અધ્યક્ષ તથા શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલસચિવ ડો. મહેશભાઈ મેત્રા, શ્રી ગાયત્રી શક્તિપીઠ, જૂનાગઢના સંરક્ષક નાગભાઈ વાળા, પ્રાંત પ્રચાર પ્રમુખ ડો. કિશોર શેલડીયા, વિભાગ સંયોજક ડો. મૌલિક કેલૈયા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જૂનાગઢના વિવેકાનંદ ઉપનગરના કાર્યવાહ ડો.હરેશભાઈ બાલસ, ગીર સોમનાથ જિલ્લા સંયોજક ડો. ડાયાભાઈ મોકરીયા, ડો. કિરણભાઈ ડામોર તેમજ જૂનાગઢ જિલ્લાના સંયોજક ડો. દિનેશભાઈ પંડ્યા સહિત વિવિધ જવાબદારીઓ સંભાળતા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અભ્યાસ વર્ગ દરમિયાન સંસ્કૃત ભાષાના વ્યાપક પ્રચાર- પ્રસાર માટેની કાર્યદિશા, સંગઠનના કાર્યની સમીક્ષા તથા આગામી વર્ષ માટેની આયોજનબદ્ધ કામગીરી અંગે વિવિધ સત્રો યોજાયા હતા..

### સંકલ્પ

## પશ્ચિમ કચ્છ યુવા કોંગ્રેસ દ્વારા સ્થાપના દિવસની ઉજવણી



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

પશ્ચિમ કચ્છ જિલ્લા યુવા કોંગ્રેસ દ્વારા યુવક કોંગ્રેસના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્રસંગે કોંગ્રેસ સમિતિના પ્રમુખ વી.કે. હુંબલ સાહેબ, પશ્ચિમ કચ્છ જિલ્લા યુવા કોંગ્રેસના પ્રમુખ રાજદીપ દેવધર, જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા રાજેશભાઈ આહીર સહિત કોંગ્રેસના સિનિયર આગેવાનો તથા હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

સ્થાપના દિવસ નિમિત્તે ઉપસ્થિત આગેવાનોએ યુવા કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે પશ્ચિમ કચ્છ જિલ્લા યુવા કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોએ કોંગ્રેસ પક્ષના સિદ્ધાંતો અને વિચારધારાને જીવંત રાખવાનો સંકલ્પ લીધો હતો.આ પ્રસંગે જિલ્લા યુવા કોંગ્રેસ પ્રમુખ રાજદીપ દેવધરે કાર્યકરોને આહવાન કરતાં જણાવ્યું હતુ કે, કોંગ્રેસની નીતિઓ અને પક્ષની વિચારધારા ગામની છેલ્લી વ્યક્તિ સુધી પહોંચાડવા માટે યુવા કાર્યકરોએ સંગઠિત થઈને સક્રિય કામગીરી કરવી પડશે. જનહિતના પ્રશ્નોને વાચા આપવા તેમજ સામાન્ય લોકોના પ્રશ્નો માટે સતત અવાજ ઉઠાવવાનો પણ સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.સ્થાપના દિવસની ઉજવણી દરમિયાન યુવા કોંગ્રેસના કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને આગામી દિવસોમાં સંગઠનને વધુ મજબૂત બનાવી જનસેવાના કાર્યોને વેગ આપવાનો નિર્ધાર કરવામાં આવ્યો હતો.

### રેલી દરમિયાન આદિવાસીઓમાં અનેરો ઉત્સાહ તથા એકતા જોવા મળી

# સંખેડામાં વિશ્વ આદિવાસી દિવસની ઉત્સાહભેર ઉજવણી, વિશાળ રેલી અને સમૂહ ભોજનનું આયોજન

| કમલેશ પટેલ | સંખેડા





સંખેડામાં વિશ્વ આદિવાસી દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે તાલુકા પંચાયતથી તડવી સમાજની વાડી સુધી એક વિશાળ રેલીનું આયોજન કરાયું હતું.આ રેલીમાં સંખેડા તાલુકા અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં આદિવાસી ભાઈ-બહેનો પરંપરાગત પહેરવેશમાં જોડાયા હતા. ડીજેના તાલે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું, અને રેલી દરમિયાન આદિવાસીઓમાં અનેરો ઉત્સાહ તથા એકતા જોવા મળી હતી.રેલી સમાપ્ત થયા બાદ, તડવી સમાજની વાડી ખાતે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ભોજન લીધા બાદ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.આદિવાસી સંસ્કૃતિ, પરંપરા અને એકતાના પ્રતીક સમાન આ ઉજવણીમાં મોટી સંખ્યામાં લોકો જોડાતા સમગ્ર સંખેડા આદિવાસી રંગે રંગાઈ ગયું હતું. સંખેડા તાલુકાના હરેશ્વર વસાહત ખાતે વિશ્વ આદિવાસી દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે આજુબાજુના ગામોના આદિવાસી સમાજના લોકો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા.

કાર્યક્રમની શરૂઆત આદિવાસી સમાજના પ્રેરણાસ્ત્રોત ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી.દીપ પ્રાગટ્ય બાદ હરેશ્વર વસાહતમાં ડીજેના તાલે એક વિશાળ રેલીનું આયોજન કરાયું હતું. પરંપરાગત પહેરવેશમાં સજ્જ આદિવાસી યુવાનો અને મહિલાઓએ આ રેલીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર વાતાવરણ દેશભક્તિ અને આદિવાસી સંસ્કૃતિના ગીતોથી ગુંજી ઉઠ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ આદિવાસી એકતા અને સંસ્કૃતિના જતનનો સંકલ્પ લીધો હતો. આ ઉજવણીથી હરેશ્વર વસાહત અને આજુબાજુના વિસ્તારમાં આદિવાસી ગૌરવનો માહોલ જોવા મળ્યો હતો.

### હાઉસી ગેમ રમાડવામાં આવેલ હતી

## શ્રી જુનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી. સંસ્થાની ૩૪ મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.10.

શ્રી જુનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી. સંસ્થાની ૩૪ મી વાર્ષિક સાધારણ સભા તા.૦૮/૦૮/૨૦૨૬ ને શનિવારનાં રોજ સાંજનાં ૪:૩૦ કલાકે ગાર્ડન કાફે માં યોજવામાં આવેલ જેમાં મુખ્ય મહેમાન તરીકે બ્રહ્માકુમારી સંસ્થાનાં બીનાદીદી અને રીનાદીદી પધારેલ હતાં આ કાર્યક્રમમાં પ્રાર્થના અમિષાબેન માંકડે રજુ કરેલ સ્વાગત પ્રવચન સંસ્થાનાં ઉપપ્રમુખ સાધનાબેન નિર્મળે કરેલ બાદમાં સંસ્થાનાં વાર્ષિક હિસાબો કૃપાલીબેન જીકરીયા તથા નમ્રતાબેન પરમારે રજુ કરેલ હતાં સંસ્થાનાં પ્રમુખશ્રી રસીલાબેન સોઢા એ દરેક શેરહોલ્ડરને દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૪ ટકા ડિવિડન્ડ આપવાની જાહેરાત કરેલ અને સાથે દરેક શેરહોલ્ડરને રૂ.૩૦૦/- ની ભેટ તા.૨૦/૦૮/૨૦૨૬ થી સંસ્થાની ઓફિસેથી મેળવી લેવાં જણાવેલ અને વર્ષ દરમ્યાન સંસ્થા દ્વારા કરવામાં આવેલ વિવિધ સેવાકીય કાર્યોની વિગતો જાહેર કરેલ હતી આદરણીય બીનાદીદીએ સ્ટ્રેશમુક્તિ માટે વક્તવ્ય આપેલ અને પ્રેકટીકલ કરાવી સ્ટ્રેશમુકત કરી બહેનોને આનંદમાં લાવેલ જેથી બહેનોનાં મોઢા પર હાસ્ય રેલાય ગયેલ અને આદરણીય રીનાદીદી એ વ્યસન મુક્તિ વિશે સમજાવેલ હતું બાદમાં હાઉસી ગેમ રમાડવામાં આવેલ હતી બાદમાં સહુ સભાસદ બહેનોએ સાથે ભોજનનો આનંદ લીધેલ બહોળી સંખ્યામાં સભાસદ બહેનો હાજર રહેલ હતાં આ કાર્યક્રમમાં અંધ કન્યા છાત્રાલયની દીકરીઓને જમાડવામાં આવેલ હતી.

## ‘ટ્રુથ સોશિયલ’ પર $100,000 નું સબસ્ક્રિપ્શન અને ઈનસાઈડર ટ્રેડિંગનો આરોપ

# ઈરાન યુદ્ધના બહાને માર્કેટ મેનિપ્યુલેશન કરે છે : ડોનાલ્ડ ટ્રમ્પ



(એજન્સી) નવી દિલ્હી | તા 10

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર ઈરાન યુદ્ધને લઈ ગંભીર આરોપ લાગ્યા છે. ડેમોક્રેટિક સીનેટર ક્રિસ મર્ફીએ દાવો કર્યો કે, ટ્રમ્પ શાંતિ કરારના ખોટા સંકેતો આપી મિત્રો-પરિજનોને નાણાકીય ફાયદો કરાવી રહ્યા છે. ટ્રમ્પ 6 મહિનામાં 11 વખત યુદ્ધ સમાપ્તિની ખોટી જાહેરાતો કરી ચૂક્યા છે. મર્ફીએ ‘ટ્રુથ સોશિયલ’ના $100,000ના સબસ્ક્રિપ્શનને ‘ઈનસાઈડર ટ્રેડિંગ’ ગણાવી, યુદ્ધ તાત્કાલિક સમાપ્ત કરવાની માંગ કરી છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર ઈરાન યુદ્ધને લઈને દેશની જનતાને મહિનાઓથી ગેરમાર્ગે દોરવાનો અને માર્કેટને પ્રભાવિત કરવાનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે. ડેમોક્રેટિક સીનેટર ક્રિસ મર્ફીએ સેનેટમાં આકરા પ્રહારો કરતા દાવો કર્યો છે કે, ટ્રમ્પ ઈરાન સાથે શાંતિ કરાર થવાના ખોટા સંકેતો આપીને પોતાના મિત્રો અને પરિજનોને નાણાકીય ફાયદો કરાવી રહ્યા છે.મર્ફીના જણાવ્યા મુજબ, ઈરાન સાથે ચાલતી જંગને હવે 6 મહિના જેટલો સમય થઈ ચૂક્યો છે અને આ દરમિયાન એક સ્પષ્ટ પેટર્ન જોવા મળી છે. ટ્રમ્પ અવારનવાર રવિવારે રાત્રે અથવા સોમવારે સવારે – શેરબજાર (માર્કેટ) ખૂલે તે પહેલાં જ – એવી જાહેરાત કરે છે કે ઈરાન સાથે યુદ્ધ પૂરું થવાનું છે અથવા સમજૂતી નજીક છે. મર્ફીએ ઉમેર્યું કે, વિતેલા સમયમાં ટ્રમ્પે 11 અલગ-અલગ પ્રસંગોએ આવા દાવા કર્યા હતા, પરંતુ તેમાંથી એક પણ વાસ્તવિક સાબિત થયા નહોતા.સીનેટર ક્રિસ મર્ફીએ સીનેટમાં એક નવો જ ધડાકો કરતાં કહ્યું કે, આ યુદ્ધ માત્ર બેદરકારીના કારણે લાંબુ ખેંચાઈ રહ્યું નથી, પરંતુ પ્રમુખ ટ્રમ્પે આમાંથી પૈસા બનાવવાનો નવો રસ્તો શોધી લીધો છે. તેમણે ટ્રમ્પના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘ટ્રુથ સોશિયલ’ ના તાજેતરમાં શરૂ થયેલા $100000 (આશરે 1 લાખ યુએસ ડોલર) પ્રતિ માસના સબસ્ક્રિપ્શન પ્લાનનો ઉલ્લેખ કર્યો હતો. મર્ફીના આરોપ મુજબ, આ મોંઘું સબસ્ક્રિપ્શન લેનારા લોકોને ટ્રમ્પના વિદેશ નીતિ સંબંધિત નિર્ણયોની જાણકારી અન્ય લોકો કરતાં પહેલાં મળી જાય છે. સીનેટરે આ સેવાને ‘ઈનસાઈડર ટ્રેડિંગ માટેનું સબસ્ક્રિપ્શન’ ગણાવ્યું હતું અને સવાલ ઉઠાવ્યો હતો કે, શું કોઈ પણ રિપબ્લિકન સીનેટર યુદ્ધ વચ્ચે વ્હાઈટ હાઉસમાંથી $1 લાખ પ્રતિ મહિનામાં દેશની ગુપ્ત જાહેરાતો વેચવાના આ કૃત્યનો બચાવ કરી શકશે?

સીનેટર મર્ફીએ ઈરાન સાથેના આ યુદ્ધને એક મોટું ‘ડિઝાસ્ટર’ (આપત્તિ) ગણાવતાં તેને તાત્કાલિક અને સાચા અર્થમાં સમાપ્ત કરવાની માંગ કરી છે. તેમણે સ્વીકાર્યું કે જૂન મહિનામાં થયેલા અસ્થાયી યુદ્ધવિરામની શરતો એવી હતી કે તે લાંબો સમય ટકી શકે તેમ નહોતી. હવે ભલે ઈરાન કોઈપણ શરત સાથે પોતાની જીતનો દાવો કરે, પણ અમેરિકા માટે આગળ કોઈ સ્પષ્ટ રસ્તો ન હોવાથી આ વિવાદનો કાયમી અંત લાવવો જરૂરી બની ગયો છે.

# એરટેલ બિઝનેસ અને આઈટીઆઈ લિમિટેડ વચ્ચે વ્યૂહાત્મક કરાર

નવી દિલ્હી: ભારતીય ટેલિકોમ અને ટેકનોલોજી ક્ષેત્રે એક મોટા સમાચાર સામે આવ્યા છે, જેમાં ભારતી એરટેલની એન્ટરપ્રાઈઝ આર્મ ‘એરટેલ બિઝનેસ’ અને સરકારી કંપની ‘આઈટીઆઈ લિમિટેડ’ દ્વારા સંયુક્ત રીતે ભારતીય ઉદ્યોગોના ડિજિટલ પરિવર્તનને વેગ આપવા માટે એક મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદારી કરવામાં આવી છે.વર્તમાન સમયમાં દેશના ઉદ્યોગો ક્લાઉડ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) અને નેક્સ્ટ જનરેશન કનેક્ટિવિટી તરફ ઝડપથી આગળ વધી રહ્યા છે. આ બદલાતા સમયમાં જૂની સિસ્ટમોને આધુનિક બનાવવા, સાઈબર સુરક્ષાને મજબૂત કરવા અને વ્યવસાયિક કામગીરીને વધુ સરળ બનાવવા માટે આ ભાગીદારી ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

આ ભાગીદારી હેઠળ એરટેલ બિઝનેસની અદ્યતન કનેક્ટિવિટી ક્ષમતાઓ અને આઈટીઆઈ લિમિટેડની એન્જિનિયરિંગ તથા મેન્યુફેક્ચરિંગ કુશળતાને એકસાથે લાવવામાં આવશે. બંને કંપનીઓ મળીને એન્ટરપ્રાઈઝ કનેક્ટિવિટી, ડેટા સેન્ટર્સ, સાર્વભૌમ ક્લાઉડ (સોવરિન ક્લાઉડ), IoT, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સાઈબર સુરક્ષા અને લો અર્થ ઓરબિટ (LEO) સેટેલાઈટ સેવાઓ વિકસાવશે. આનાથી બેન્કિંગ અને જાહેર ક્ષેત્રના ઉપક્રમો જેવા નિયંત્રિત ક્ષેત્રોને વધુ સુરક્ષિત અને અદ્યતન ડિજિટલ માળખું મળી રહેશે.આ સહયોગ દ્વારા દેશભરમાં ઓપ્ટિકલ ફાઈબર કેબલ (OFC), ગીગાબીટ પેસિવ ઓપ્ટિકલ નેટવર્ક (GPON), પ્રાઈવેટ 4G અને 5G નેટવર્ક જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. આઈટીઆઈ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર રાજેશ રાય તથા એરટેલ બિઝનેસના સીઈઓ શરત સિન્હાએ જણાવ્યું હતું કે આ પહેલથી દેશના ઉદ્યોગોને સુરક્ષિત, રેગ્યુલેટરી કમ્પ્લાયન્ટ અને ભવિષ્ય માટે તૈયાર ટેકનોલોજી સોલ્યુશન્સ મળી રહેશે. વ્યાપારી ઉપયોગ ઉપરાંત, આ ભાગીદારી દ્વારા ‘મેક ઈન ઈન્ડિયા’ અને ‘આત્મનિર્ભર ભારત’ અભિયાન અંતર્ગત દેશની સંરક્ષણ અને સુરક્ષા જરૂરિયાતો માટે પણ નવીન ઉકેલો શોધવામાં આવશે.

## News Brief

### BC જિંદાલ ગ્રુપની જિંદાલ ઈન્ડિયા પાવરે 160 MW વિંડ ટર્બાઈન જનરેટર માટે SANY વિંડ એનર્જી ઈન્ડિયા સાથે ટર્મ શીટ પર હસ્તાક્ષર કર્યા

નવી દિલ્હી:ભારતના અગ્રણી બિઝનેસ ગ્રુપ પૈકીના એક BC જિંદાલ ગ્રુપે જાહેરાત કરી છે કે તેની પાવર કંપની જિંદાલ ઈન્ડિયા પાવર લિમિટેડે 160 MW વિન્ડો ટર્બાઈન જનરેટર(WTGs)ના સપ્લાઈ માટે SANY વિન્ડો એનર્જી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ સાથે એક ટર્મ શીટ પર હસ્તાક્ષર કર્યાં છે. આ સમજૂતી જિંદાલ ઈન્ડિયા પાવર લિમિટેડના 150 MWના રાઉન્ડ-ધ-ક્લોક(RTC) રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટને પૂરો કરવાની દિશામાં એક મહત્વનું પગલું છે. આ પ્રોજેક્ટને સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા(SECI) દ્વારા મંજૂરી આપવામાં આવી હતી અને તેને કર્ણાટકના દાવણગેરેમાં વિકસિત કરવામાં આવી રહ્યો છે. વિંડ ટર્બાઈન જનરેટર ઈન્ટીગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટનો એક મહત્વનો ભાગ હશે. આ પ્રોજેક્ટમાં વિન્ડો, સોલર અને બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમને સાથે મળી ચોવીસ કલાક વિશ્વાસપાત્ર અને રિન્યુએબલ ક્લિન એનર્જી આપવામાં આવશે. આ એકબીજાની પૂરક ટેકનોલોજીને સાથે સમન્વય કરીને આ પ્રોજેક્ટને એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે કે વિવિધ રિન્યુએબલ સોર્સ સાથે જોડીને વધઘટને લગતી સમસ્યાનો યોગ્ય ઉકેલ મેળવી શકાય અને તે સાથે જ રિન્યુએબલ એનર્જીના વિશ્વાસપાત્ર સપ્લાઈને પણ સુનિશ્ચિત કરી શકાય. આ ફેરફાર અંગે ટિપ્પણી કરતાં BC જિંદાલ ગ્રુપના પ્રવક્તાએ જણાવ્યું કે ‘SANY વિંડ એનર્જી ઈન્ડિયા સાથે ટર્મ શીટ પર હસ્તાક્ષર કરવા, SECI દ્વારા અમને આપવામાં આવેલ રાઉન્ડ-ધ-ક્લોક એટલે કે ચોવીસ કલાક રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટને પૂરો કરવાની દિશામં એક અત્યંત સીમાચીન્હરૂપ બાબત છે.

## ૧૦૦ ટકા ટેરિફની લટકતી તલવારને પગલે અમેરિકા ખાતેથી પૂરવઠો હજુ વધવા સંભવ

# ભારતની LPG આયાતમાં અખાતી દેશોના હિસ્સામાં ઘટાડો

(એજન્સી) મુંબઈ | તા 10

પશ્ચિમ એશિયાના યુદ્ધને કારણે ભારતના ઈંધણના પૂરવઠેદારોમાં પણ ફેરબદલ જોવા મળી રહ્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે હોર્મુઝ ખાડી બંધ પડી જવાને પરિણામે અમેરિકા ખાતેથી ભારતની લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) ખરીદીમાં નોંધપાત્ર વધારો થયો છે. ભારતની એલપીજીની આયાતમાં અમેરિકાના હિસ્સામાં જોરદાર વધારો થયો છે.૧૦૦ ટકા ટેરિફની લટકતી તલવારને પગલે આવનારા દિવસોમાં આ હિસ્સામાં વધારો થવાની પણ શકયતા રહેલી છે.અખાતી વિસ્તારમાંથી ભારતની એલપીજી આયાત ઘટી ગઈ છે જ્યારે અમેરિકા ખાતેથી પૂરવઠામાં વધારો થયો હોવાનું એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં જણાવાયું હતું.વર્તમાન વર્ષના જાન્યુઆરીથી જુલાઈના ગાળામાં અમેરિકા ખાતેથી ભારતે ૩૬ લાખ ટન એલપીજીની આયાત કરી છે જ્યારે આજ ગાળામાં અખાતી વિસ્તારમાંથી આયાત ઘટી ૫૩ લાખ ટન રહી છે. પશ્ચિમ એશિયા યુદ્ધ પહેલા ભારત




એલપીજીની ૯૦ ટકા આયાત યુએઈ, સાઉદી અરેબિયા, કતાર તથા કુવૈત જેવા અખાતી દેશો ખાતેથી કરતું હતું.એલપીજીની એકંદર આવશ્યકતામાંથી ૬૦ ટકા આયાત મારફત પૂરી કરે છે.

જૂનની સરખામણીએ જુલાઈમાં અમેરિકા ખાતેથી એલપીજી આયાત ૨૪ ટકા વધી ૮.૯૬ લાખ ટન રહી છે. જ્યારે યુએઈ ખાતેથી આયાત ૩૫ ટકા ઘટી ૧.૦૨ લાખ ટન રહી છે અને સાઉદી ખાતેથી ગત મહિને એલપીજીની આયાત જરા પણ થઈ નહીં હોવાનો રિપોર્ટમાં દાવો કરાયો છે.કુવેત ખાતેથી પણ આયાત ૪૩ ટકા ઘટી ૩૩૦૦૦ ટન રહી છે જ્યારે કતાર ખાતેથી માત્ર ૧૯૦૦૦ ટન એલપીજીની ખરીદી શકય બની છે.યુદ્ધ પહેલા જાન્યુઆરીમાં અમેરિકા પાસેથી ભારતે ૨.૬૮ લાખ ટન અને યુએઈ પાસેથી ૮.૨૬ લાખ ટન એલપીજીની ખરીદી કરી હતી.જાન્યુઆરીમાં ૧૨ ટકાની સામે જુલાઈમાં એલપીજી આયાતમાં અમેરિકાનો હિસ્સો વધી ૭૩ ટકા પર આવી ગયો છે, જ્યારે યુએઈનો હિસ્સો ૩૭ ટકા પરથી ઘટી ૮.૨૦ ટકા અને કતારનો ૧૮.૭૦ ટકાથી ઘટી ૧.૫૦ ટકા જ રહ્યો છે.

જો કે ક્રુડ તેલની આયાતની દ્રષ્ટિએ જુલાઈમાં રશિયા ખાતેથી ભારતની ક્રુડ તેલની આયાત ઊંચી રહીને પ્રતિ દિન સરેરાશ ૨૮ લાખ બેરલ સાથે વિક્રમી સપાટીએ રહી હતી. ગત મહિને ભારતના રિફાઈનરોની કુલ ખરીદીમાંથી પચાસ ટકાથી વધુ ક્રુડ તેલની ખરીદી રશિયા પાસેથી કરાઈ હતી.દરમિયાન રશિયા પાસેથી ક્રુડની ખરીદી કરનારા દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લાગુ કરવાના અમેરિકાના નિર્ણયને જોતા આવનારા દિવસોમાં અમેરિકા પાસેથી ભારતની ઈંધણ ખરીદીમાં વધારો થવાની શકયતા નકારાતી નથી.

## નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં રેમન્ડ રિયલ્ટીની મજબૂત કામગીરી

નવી દિલ્હી: નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં રેમન્ડ રિયલ્ટીની નાણાકીય કામગીરીએ ઊંચો વૃદ્ધિદર જાળવી રાખ્યો હતો અને નોંધપાત્ર કામગીરી કરી હતી. નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં કંપનીની કુલ આવક વાર્ષિક ધોરણે 37 ટકા વધીને 536 કરોડ થઈ હતી, જે નાણાકીય વર્ષ 2025-26ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં 392 કરોડ હતી. આ વધારા માટે ઊંચી માગ અનેઅમારા તમામ પ્રોજેક્ટમાં ડિલિવરી માટેની મજબૂત પાઈપલાઈન જવાબદાર હતી. નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ગાળામાં કંપનીની EBITDA વાર્ષિક ધોરણે 70 ટકા વધીને 70 કરોડ થઈ હતી, જે નાણાકીય વર્ષ 2025-26ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં 41 કરોડ હતી, જે માટે અસરકારક મિશ્ર પ્રોડક્ટ જવાબદાર હતી. સમીક્ષાના ગાળામાં કંપનીનું EBITDA માર્જિન 13 ટકા હતું, જે નાણાકીય વર્ષ 2025-26ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં 11 ટકા હતું, જે માટે સિઝનની અપેક્ષિત અસર જવાબદાર હતી અને આ માર્જિન અમારી અપેક્ષાને સુસંગત હતું. અમારું પ્રોજેક્ટના તબક્કા અને લૉંચ સમયથી માર્જિનમાં વધઘટ સ્વાભાવિક છે, કારણ કેશરૂઆતમાં નફાકારકતા અપફ્રન્ટ માર્કેટિંગ અને નિર્માણ સેટઅપના ખર્ચને દર્શાવે છે. આવક પ્રારંભિક મર્યાદાથી વધ્યા પછી પ્રોજેક્ટ નિર્માણની સાથે આગામી ત્રિમાસિક ગાળાઓમાં માર્જિન તબક્કાવાર રીતે સામાન્ય થશે. અમને નાણાકીય વર્ષ 2026-27 માટે અમારું EBITDA માર્જિન ગાઈડન્સ 17થી 19 ટકા રહેવાની ખાતરી છે. વ્યૂહાત્મક પોર્ટફોલિયો અને કામગીરીની સમીક્ષા અમારી વ્યૂહાત્મક રૂપરેખા સાથે સુસંગત રીતે પરેલમાં કંપનીએ ₹ 8,500 કરોડનો JDA પ્રોજેક્ટ મેળવવાનું સીમાચિહ્ન સર કર્યું છે, જે અમારી એસેટ-લાઈટ વૃદ્ધિ મોડલ તરફ વ્યૂહાત્મક આગેકૂચને દર્શાવે છે. આ સીમાચિહ્નરૂપ સમજૂતી સાઉથ મુંબઈમાં અમારી કામગીરીનાં વિસ્તરણને વેગ આપશે, જે મહાનગરના હાઈ-એન્ડ હાઉસિંગ સેક્ટરના ટકાઉ મૂલ્યમાં મજબૂત ભરોસો દર્શાવે છે.

## ટેકનોલોજી અને સુરક્ષા સુવિધાઓ

# હ્યુન્ડાઈની કનેક્ટેડ કારનું વેચાણ વધ્યું



નવી દિલ્હી: ભારતીય ઓટોમોબાઈલ ક્ષેત્રે સ્માર્ટ અને કનેક્ટેડ મોબિલિટીને પ્રોત્સાહન મળી રહ્યું છે, જેમાં હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા દ્વારા આગામી વર્ષ ૨૦૨૭ સુધીમાં સંયુક્ત રીતે ૧ મિલિયન (૧૦ લાખ) કનેક્ટેડ કાર વેચવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક જાહેર કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા વાહન-થી-વાહન (V2V) કમ્યુનિકેશન માટે પ્રસ્તાવિત માળખાકીય નીતિ બાદ આ જાહેરાત કરવામાં આવી છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા માર્ગ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે V2V સિસ્ટમના તબક્કાવાર અમલીકરણ અંગેનું ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. આ પૃષ્ઠભૂમિમાં હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા દ્વારા સોમવારે જાહેરાત કરવામાં આવી છે કે તેણે ભારતમાં ૦.૮ મિલિયન (૮ લાખ) કનેક્ટેડ કાર વેચવાનો આંકડો પાર કરી લીધો છે. વર્ષ ૨૦૧૯માં પોર્ટફોલિયોમાં કનેક્ટેડ વાહનોનું પ્રમાણ માત્ર ૪ ટકા હતું, જે વધીને વર્ષ ૨૦૨૬માં ૨૦ ટકા સુધી પહોંચી ગયું છે.સરકારના નવા પ્રસ્તાવ મુજબ ઓક્ટોબર ૨૦૨૮ પછી ઉત્પાદિત થતા વાહનોમાં AIS-230 માનક મુજબની V2V સિસ્ટમ ફિટ કરવી ફરજિયાત બનશે. આ ટેકનોલોજીના માધ્યમથી વાહનો ગતિ, સ્થિતિ અને દિશા જેવી વાસ્તવિક સમયની માહિતીની આપલે કરી શકશે, જેનાથી અચાનક બ્રેક મારવી, આગળ અથડાવાનું જોખમ અટકાવવું અને એમ્બ્યુલન્સ વાહનોની નજીક આવવાની ચેતવણી જેવી સુવિધાઓ મળી રહેશે. હ્યુન્ડાઈ દ્વારા ૨૦૧૯માં વેન્યુ કાર સાથે બ્લૂલિંક (Bluelink) ટેકનોલોજીની શરૂઆત કરવામાં આવી હતી અને હવે તેમાં ૭૦થી વધુ ફીચર્સ ઉપલબ્ધ છે.આ સિસ્ટમ દ્વારા રિમોટ વ્હીકલ મોનિટરિંગ, હેલ્થ ડાયગ્નોસ્ટિક્સ, લોકેશન ટ્રેકિંગ, હ્યુન્ડાઈ પે દ્વારા પેમેન્ટ અને ડિજિટલ કી જેવી અનેક સુવિધાઓ મળે છે. આ ઉપરાંત, પાંચ ભાષાઓમાં ૪૫૦થી વધુ AI-સંચાલિત વૉઈસ કમાન્ડ્સ પણ સપોર્ટ કરે છે.

# ઈન્ડેલ રેમિટને ટ્રેડ રેમિટન્સ સર્વિસ માટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા પાસેથી મંજૂરી મળી

(એજન્સી) મુંબઈ | તા 10

ઈન્ડેલ મની લિમિટેડના ફોરેન એક્સચેન્જ ડિવિઝન ઈન્ડેલ રેમિટને ટ્રેડ રેમિટન્સ સર્વિસ આપવા માટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) પાસેથી મંજૂરી મળી ગઈ છે. આ પર્મનેન્ટ લાઈસન્સ કંપનીની ફોરેન એક્સચેન્જ ક્ષમતાને વધારે છે અને ભારતના વધતા ક્રોસ-બોર્ડર પેમેન્ટ ઈકોસિસ્ટમમાં તેની ઉપસ્થિતિને મજબૂત કરે છે. મુંબઈમાં હેડક્વાર્ટર ધરાવતી કંપની ઈન્ડેલ રેમિટ પાસે અત્યારે વિદેશી હૂંડિયામણના કારોબાર માટે RBI પાસેથી ઓથરાઈઝ્ડ ડીલર કેટેગરી-II લાઈસન્સ છે. આ નવા લાઈસન્સની સાથે ઈન્ડેલ રેમિટ હવે કાયદા અંતર્ગત મંજૂર કોઈ પણ નોન-ટ્રેડ કરન્ટ અકાઉન્ટ ટ્રાન્ઝેક્શન (ગિફ્ટ ડોનેશન અને વિદેશી વ્યાપાર ટ્રાન્ઝેક્શન સિવાય)ને કરી શકે છે, જેની મર્યાદા પ્રતી ટ્રાન્ઝેક્શન રૂપિયા 25 લાખ સુધી છે. તેને લીધે ભારતમાં ઝડપથી વિકસિત રહેલ ક્રોસ-બોર્ડર પેમેન્ટ સિસ્ટમમાં




કંપનીની ભૂમિકા મજબૂત થઈ છે. હવે ટ્રેડર ’ઈન્ડેલ મની’ મારફતે દરેક ટ્રાન્ઝેક્શન રૂપિયા 25 લાખ સુધીના પેમેન્ટથી ઝડપભેર, સુરક્ષિત અને વિશ્વાસપાત્ર રીતે કરી શકાય છે.આ ઘટનાક્રમ અંગે ટિપ્પણી કરતાં ઈન્ડેલ મનીના ED અને CEO શ્રી ઉમેશ મોહનન એ જણાવ્યું હતું કે ‘ભારતીય બિઝનેસ જે પ્રકારે વૈશ્વિક બજાર સાથે જોડાયેલ છે તેમાં ઝડપથી ફેરફાર થઈ રહ્યા છે અને સરળતાથી થતા ક્રોસ-બોર્ડર પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મહત્વતા વધી રહી છે. આ મંજૂરી એક વિશ્વાસપાત્ર અને વ્યાપક ફોરેન એક્સચેન્જ પ્લેટફોર્મ બનાવવાની અમારી યાત્રામાં એક મોટો પડાવ છે. અમારું ધ્યાન ઈન્ટરનેશનલ ટ્રાન્ઝેક્શનને વધારે સરળ, કુશળ અને પારદર્શી બનાવવા પર છે. આ સાથે જ રેગ્યુલેટરી નિયમોના પાલન અને કસ્ટમર સર્વિસના ઉચ્ચ ધોરણો પણ જાળવી રાખવાનું ઈચ્છે છે. અમે તેને ભારતના વધતા વૈશ્વિક ટ્રેડ ઈકોસિસ્ટમને સપોર્ટ કરવાની દિશામાં એક મહત્વનું પગલું માનવામાં આવે છે.

## કૃત્રિમ બુદ્ધિમત્તાના આગમનથી નોકરીઓ ઘટવાને બદલે મોટા પ્રમાણમાં કૌશલ્ય વર્ધન અને પુનઃપ્રશિક્ષણને વેગ મળશે

નવી દિલ્હી: આધુનિક ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઝડપી વિકાસને લઈને દુનિયાભરમાં નોકરીઓ છીનવાઈ જવાની ચર્ચાઓ ચાલી રહી છે, ત્યારે એક રાહતદાયક અહેવાલ સામે આવ્યો છે. એક તાજા સર્વેક્ષણ અહેવાલ મુજબ, અંદાજે બત્રીસ ટકા જેટલી સંસ્થાઓ અને કંપનીઓ એવું માને છે કે નવી ટેકનોલોજી મોટા પ્રમાણમાં કર્મચારીઓની છટણી કરવાને બદલે તેમના કૌશલ્ય વર્ધન અને પુનઃપ્રશિક્ષણ એટલે કે રિ-સ્કિલિંગને પ્રોત્સાહન આપશે, જેનાથી રોજગારનું સ્વરૂપ બદલાશે પરંતુ નોકરીઓ સુરક્ષિત રહેશે.અંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર સત્તામંડળ દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે નાણાકીય સંસ્થાઓ, બેન્કિંગ યુનિટ્સ, વીમા કંપનીઓ અને ફિનટેક ફર્મ્સે કર્મચારીઓના બદલાવ અંગે એક સંતુલિત અને તથ્યપૂર્ણ દ્રષ્ટિકોણ અપનાવ્યો છે. આ ઉપરાંત અન્ય દસ ટકા સંસ્થાઓ એવું અનુમાન લગાવી રહી છે કે ટેકનોલોજીના પ્રસારથી નવી પ્રોડક્ટ્સ અને ક્ષમતાઓ વિકસિત થશે, જેના કારણે બજારમાં બિલકુલ નવી ભૂમિકાઓ અને રોજગારીની તકોનું સર્જન થશે. આ સંસ્થાઓમાં ટેકનોલોજી અપનાવવાનો સૌથી મોટો હેતુ ઓપરેશનલ કાર્યક્ષમતા પ્રાપ્ત કરવાનો છે, જેનો આંકડો અગાઉના વર્ષોની સરખામણીમાં નોંધપાત્ર રીતે વધી ગયો છે. આંતરિક કામગીરી, જોખમ સંચાલન અને નિયમનકારી પાલન જેવા ક્ષેત્રોમાં પ્રક્રિયાઓનું સ્વચાલન એટલે કે ઓટોમેશન મુખ્ય પ્રેરક બળ બની ગયું છે. આ સાથે જ ખર્ચમાં ઘટાડો કરવો, ગ્રાહકોનો અનુભવ સારો બનાવવો અને બજારમાં સ્પર્ધાત્મક લાભ મેળવવો જેવા ગૌણ હેતુઓ પણ સામે આવ્યા છે.

## સંસદીય સમિતિએ એનએચપીસીના સુબાનસિરી હાઈડ્રો પ્રોજેક્ટના ખર્ચમાં ૩૪૫ ટકાના તોતિંગ વધારા સામે ચિંતા વ્યક્ત કરી

નવી દિલ્હી: દેશના ઉર્જા ક્ષેત્ર સાથે જોડાયેલા એક અત્યંત મહત્વપૂર્ણ અને ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. સંસદની એક સ્થાયી સમિતિએ એનએચપીસીના બે હજાર મેગાવોટના સુબાનસિરી લોઅર હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટના ખર્ચમાં અંદાજે ૩૪૫ ટકા જેટલા તોતિંગ વધારા સામે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. આસામ અને અરુણાચલ પ્રદેશની સરહદ પર આવેલા આ મહત્વાકાંક્ષી જળવિદ્યુત પ્રોજેક્ટના મૂળ અંદાજમાં ભારે વધારો થવાથી સરકારી તિજોરી પર મોટો બોજો પડ્યો છે, જેને લઈને કડક દેખરેખ રાખવાની ખાસ ભલામણ કરવામાં આવી છે.જાહેર સાહસો સંબંધી સંસદીય સમિતિ દ્વારા રજૂ કરવામાં આવેલા એકત્રિત અહેવાલમાં ખુલાસો થયો છે કે આ પ્રોજેક્ટની મૂળ મંજૂર કરાયેલી કિંમત આશરે છ હજાર કરોડ રૂપિયા હતી, જે વધીને હવે લગભગ સત્તાવીસ હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. આ પ્રોજેક્ટની શરૂઆત વર્ષ ૨૦૦૫માં કરવામાં આવી હતી અને તેનો મુખ્ય ઉદ્દેશ્ય દર વર્ષે હજારો મિલિયન યુનિટ વીજળી ઉત્પન્ન કરવાનો છે, પરંતુ વિવિધ કારણોસર વિલંબ થવાને કારણે તેની કિંમતમાં આ જબરદસ્ત ઉછાળો આવ્યો છે.આ પ્રોજેક્ટને અનેક પ્રકારના અવરોધોનો સામનો કરવો પડ્યો હતો, જેમાં સ્થાનિક આંદોલનો, કામકાજ બંધ રહેવું અને રાષ્ટ્રીય હરિયાળી ટ્રિબ્યુનલની રોકનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૯માં બાંધકામનું કાર્ય ફરીથી શરૂ કરવામાં આવ્યું હતું, પરંતુ તે પહેલાં કોવિડ મહામારી અને અન્ય પર્યાવરણીય અડચણોને કારણે પ્રોજેક્ટનો સમયગાળો ઘણો લંબાઈ ગયો હતો. ખર્ચમાં થયેલા આ વધારાની સીધી અસર વીજળીના દર પર પણ પડી છે અને હવે ગ્રાહકો માટે પ્રતિ યુનિટ સરેરાશ કિંમત ઘણી વધી ગઈ છે.

## ભારતમાં ઈવેન્ટ્સમાં ભાગ લેવા માટે પચાસ ટકાથી વધુ લોકો અન્ય શહેરોમાંથી મુસાફરી કરી રહ્યા છે અને ખર્ચ વધ્યો છે



નવી દિલ્હી: દેશમાં મનોરંજન, વ્યાવસાયિક મેળાવડા અને સાંસ્કૃતિક ઈવેન્ટ્સનું ચલણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. એક તાજા અહેવાલ મુજબ, ભારતમાં યોજાતી વિવિધ ઈવેન્ટ્સમાં હાજરી આપવા માટે હવે પચાસ ટકાથી વધુ લોકો પોતાના ગૃહનગર સિવાયના અન્ય શહેરોમાંથી લાંબી મુસાફરી કરીને પહોંચી રહ્યા છે, જેના કારણે આઉટસ્ટેશન મુસાફરી અને વિવેકાધીન ખર્ચમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો છે.

કેપીએમજી અને ઈએમએઆઈ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવેલા આ વ્યાપક અભ્યાસમાં ખુલાસો થયો છે કે સર્વેમાં ભાગ લેનારા મુલાકાતીઓમાંથી ચોપન ટકાથી વધુ લોકોએ પોતાની તાજેતરની ઈવેન્ટમાં ભાગ લેવા માટે બહારના પ્રવાસની પસંદગી કરી હતી. આ સેક્ટર હવે લાંબા અંતરની ગતિશીલતા પર આધારિત બની ગયું છે, જેમાં ખાસ કરીને નાના અને મધ્યમ વર્ગના શહેરોમાંથી આવતા લોકોનું પ્રમાણ સૌથી વધુ નોંધાયું છે.મીડિયા અહેવાલ મુજબ, ટિયર ટુ એટલે કે નાના શહેરોમાંથી આવતા પ્રતિનિધિઓમાંથી ચોપત્તર ટકા લોકોએ ઈવેન્ટ્સ માટે અન્યત્ર પ્રવાસ કર્યો હતો, જ્યારે ટિયર વન મહાનગરોમાંથી આ પ્રમાણ ઓછું રહ્યું હતું. પ્રવાસના અંતરની વાત કરીએ તો ત્રીજા ભાગના લોકોએ પાંચ સો કિલોમીટરથી વધુનું અંતર કાપ્યું હતું, જ્યારે સમાન પ્રમાણમાં લોકોએ પોતાના જ શહેરમાં ભાગ લીધો હતો. મુસાફરી માટે વ્યક્તિગત વાહનો અને ઘરેલુ વિમાનો મુખ્ય સાધન તરીકે ઉભરી આવ્યા છે.

# સેમસંગ ગેલેક્સી Z ફોલ્ડ8 અલ્ટ્રા, Z ફોલ્ડ8, Z ફ્લિપ8, વોચ અલ્ટ્રા2, અને વોચ9 ભારતમાં વેચાણ માટે ઉપલબ્ધ

ગુરુગ્રામ: સેમસંગના આઠમી પેઢીના ફોલ્ડેબલ સ્માર્ટફોન ગેલેક્સી Z ફોલ્ડ8 અલ્ટ્રા, ગેલેક્સી Z ફોલ્ડ8 અને ગેલેક્સી Z ફ્લિપ8 - નવા વેરેબલ્સ સાથે ગેલેક્સી વોચ અલ્ટ્રા2 અને ગેલેક્સી વોચ9 આજથી ભારતમાં રિટેઈલ આઉટલેટ્સમાં વેચાણ માટે ઉપલબ્ધ છે. ગ્રાહકો આ ઉપકરણો Samsung.com, એમેઝોન અને ફ્લિપકાર્ટ પરથી પણ ખરીદી શકે છે. ગેલેક્સી Z ફોલ્ડ8 અલ્ટ્રા, ગેલેક્સી Z ફોલ્ડ8 અને ગેલેક્સી Z ફ્લિપ8ને ભારતીય ગ્રાહકો તરફથી જોરદાર માગણી જોવા મળી છે, જેમાં સેમસંગે લોન્ચ થયાના માત્ર 72 કલાકમાં 271000 પ્રી-ઓર્ડર મેળવ્યા છે.

ગેલેક્સી Z ફોલ્ડ8 અલ્ટ્રા 8 ઈંચના મોટા મુખ્ય ડિસ્પ્લે સાથે આવે છે અને તે ફક્ત 4.1 મીમી પાતળો છે, જે તેને સેમસંગનો અત્યાર સુધીની સૌથી પાતળી ફોલ્ડ ડિઝાઈન બનાવે છે. તે HDR સાથે 200MP મુખ્ય કેમેરા, કોઈ પણ પ્રકાશમાં વધુ વિગતવાર માહિતી આપવા માટે સુધારિત નાઈટોગ્રાફી સાથે નવા 50MP અલ્ટ્રા-વાઈડ લેન્સ સાથે આવે છે અને ગેલેક્સી પ્લેટફોર્મ માટે સ્નેપડ્રેગન 8 એલીટ જનરલ 5 દ્વારા સંચાલિત છે, જેમાં 45W ફાસ્ટ-ચાર્જિંગ 5000mAh બેટરી છે.4800mAh બેટરી સાથે ફક્ત 201 ગ્રામ વજન ધરાવતા ગેલેક્સી Z ફોલ્ડ8 સેમસંગનું અત્યાર સુધીનું સૌથી હળવું ગેલેક્સી Z ફોલ્ડ છે. નવું ફ્લેક્સ પ્રીમિયમ ડિસ્પ્લે માળખું ક્રીઝ દ્રશ્યતા ઘટાડે છે અને ટકાઉપણું સુધારે છે, જ્યારે મુખ્ય ડિસ્પ્લે 3000 nits સુધી પીક બ્રાઈટનેસ સુધી પહોંચે છે. તેની ડ્યુઅલ 50MP કેમેરા સિસ્ટમ, ડ્યુઅલ રેકોર્ડિંગ અને માય ફેનકેમ સુવિધાઓ વિવિધ દ્રશ્યોમાં સામગ્રીને કેપ્ચર અને સંપાદનને સરળ બનાવે છે. ફોલ્ડ કરવામાં આવે ત્યારે ગેલેક્સી Z ફોલ્ડ8ની 10:16 કવર સ્ક્રીન મેસેજિંગ, સોશિયલ મિડિયા, વેબ બ્રાઉઝિંગ અને શોર્ટ-ફોર્મ વિડિયો જોવા જેવાં કાર્યો માટે ડિઝાઈન કરવામાં આવી છે, જ્યારે ખોલવામાં આવે છે ત્યારે 4:3 મુખ્ય ડિસ્પ્લે રમતો અને ફિલ્મો માટે મોટો જોવાનો વિસ્તાર પૂરો પાડે છે જ્યારે 16:9 કન્ટેન્ટ માટે ન વપરાયેલી સ્ક્રીન જગ્યા ઘટાડે છે.

ગેલેક્સી Z ફ્લિપ8નું વજન ફક્ત 180 ગ્રામ છે અને તે ફક્ત 6.1 મીમી પાતળું છે, જે તેને સેમસંગનો અત્યાર સુધીનો સૌથી પાતળો અને હળવો ફ્લિપ બનાવે છે. સેમસંગના પ્રો-વિઝ્યુઅલ એન્જિન દ્વારા સંચાલિત તેનો 50MP કેમેરા વિગતવાર પોટ્રેઈટ અને કુદરતી ત્વચા ટોન પ્રદાન કરે છે, જ્યારે ફ્લેક્સ મોડ, હોરાઈઝન લોક સાથે સુપર સ્ટેડી, ફ્લિપશોટ અને કવર સ્ક્રીન મિરર હેન્ડ્સ-ફ્રી અને કવર-સ્ક્રીન ફોટોગ્રાફીને સપોર્ટ કરે છે. ગેલેક્સી વોચ અલ્ટ્રા2 સેમસંગની અત્યાર સુધીની સૌથી સક્ષમ સ્માર્ટવોચ, ટ્રેઈલ રનિંગ અને ડાઈવિંગ સહિતની પ્રવૃત્તિઓ માટે વિશિષ્ટ ટ્રેકિંગ મોડ્સ સાથે મજબૂત નિર્માણને જોડે છે. નવી ટ્રેઈલ રન સુવિધા દોડવીરોને તેમની ગતિનું સંચાલન કરવામાં મદદ કરવા માટે ઊંચાઈ, ચઢાણ પ્રગતિ અને ભૂપ્રદેશની અસરને માપે છે. હાલના સ્વેટ લૉસ ફીચરમાં એક નવો ઉમેરો, ન્યુટ્રિશન એલર્ટ, શરીરના વજનની તુલનામાં સ્વેટ લૉસને માપીને હાઈડ્રેશન જરૂરિયાતોનો અંદાજ લગાવે છે. તે વ્યાવસાયિક ડાઈવિંગ સપોર્ટ પણ ઉમેરે છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, અષાઢ વદ - 13**

# સત્રના છેલ્લા ચાર દિવસો સરકાર માટે અગત્યના

સંસદના ચોમાસુ સત્રના છેલ્લા 4 દિવસ સરકાર અને વિરોધ પક્ષ માટે મહત્વના છે. સીમાંકન અને મહિલા અનામત બિલ લોકસભાની બેઠકોની સંખ્યા 543 થી 850 સુધી પહોંચાડી શકે છે. સરકાર બિલ પસાર કરવા પ્રયત્નશીલ છે, જ્યારે વિરોધ પક્ષો એકતા ટકાવી રાખવા મથી રહ્યા છે. બુધવારે FCRA બિલ પસાર થવાની શક્યતા છે.સંસદના ચોમાસુ સત્રના છેલ્લા ચાર દિવસો સરકાર અને વિરોધ પક્ષ માટે અગત્યના છે. શક્તિ પ્રદર્શનમાં કોણ આગળ રહે છે એના પર બધાની નજર છે. વિવિધ બીલ પસાર કરવા સરકાર સંખ્યા વધારવાની ચિંતામાં છે તો વિરોધ પક્ષો એકતા ટકાવી રાખવા પ્રયત્ન કરે છે. બંને તરફ બેચેની એટલા માટે છે કે સિમાંકન તેમજ મહિલા અનામત બીલ નક્કી કરશે કે લોકસભાની બેઠકોની સંખ્યા ૫૪૩થી વધીને ૮૫૦ સુધી પહોંચી શકે છે કે નહીં. સરકારે બધા પત્તા હજી ખોલ્યા નથી અને વિરોધ પક્ષો પણ આ સસ્પેન્સને કારણે જાગૃત છે. સરકારે બુધવારનો એજન્ડા સાફ કરી દીધો છે, પરંતુ સોમવાર અને મંગળવાર બાબતે મૌન સેવ્યું છે. બુધવારે એફસીઆરએ બીલ પસાર કરવાની તૈયારી ચાલી રહી છે.રાંચીમાં ચાલી રહેલા વિદ્યાર્થીઓના આંદોલનની સરખામણી જંતર મંતર પર થયેલા આંદોલન સાથે થાય છે. જંતર મંતર ખાતે કોકરોચ જનતા પાર્ટીએ કરેલા આંદોલનને મીડિયામાં બહોળો પ્રતિસાદ મળ્યો હતો. સરખામણીએ રાંચીના આંદોલનને બહોળી પ્રસિદ્ધિ મળી નથી. જોકે જંતર મંતરની માફક રાંચીમાં પણ એક સ્પષ્ટ રાજકીય અંડર કરંટ દેખાઈ રહ્યો છે. અહીં પણ રાજકીય ચહેરાઓ અને ટેકેદારો દેખાઈ રહ્યા છે. રાજકીય પક્ષોના નેતાઓ પણ દેખાય છે. સામાન્ય માણસો પણ ધીમે ધીમે અહીં આવી રહ્યા છે, કારણ કે વિદ્યાર્થીઓની માંગણી વ્યાજબી છે. જંતર મંતર પર પહેલી વખત જેન ઝીનો આક્રોશ દેખાયો હતો. એનાથી વિપરીત રાંચીના જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમમાં મોટે ભાગે ૨૫ થી ૩૫ વર્ષની ઉંમરના લોકો વધુ દેખાઈ રહ્યા છે.પશ્ચિમ બંગાળની ચૂંટણીના પરિણામો આવ્યાના ગણતરીના કલાકોમાં જ મુખ્યમંત્રી સુવેંદુ અધિકારીના અંગત સેક્રેટરી ચંદ્રનાથ રથની હત્યા થઈ હતી. એ વખતે એવો ઉહાપોહ થયો હતો કે, ટીએમસીના માણસોએ હારને કારણે હતાશ થઈને રથની હત્યા કરી છે. જોકે સમગ્ર કેસની તપાસ સીબીઆઇને આપવામાં આવી હતી. ત્યાર પછી આખો કેસ ભૂલાઈ ગયો હતો. હવે જ્યારે સીબીઆઇએ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી છે ત્યારે હકીક બહાર આવી છે કે રથની હત્યાનું કાવતરૂ તો ૨૦૨૫ના ડિસેમ્બર મહિનામાં ઘડવામાં આવ્યું હતું. સમગ્ર મામલે સીબીઆઇએ ભાજપના ૨ કાર્યકરો સહિત બીજા ૯ આરોપીઓની પણ ધરપકડ કરી છે. રથની ઓફિસમાં જ કામ કરતા ભાજપના કાર્યકર સાગર સોનકર અને એના ભાઈ સાહીબ સોનકરની પણ ધરપકડ કરવામાં આવી છે.તામિલનાડુના બે મોટા પક્ષો ડીએમકે અને એઆઇએડીએમકેએ મોટો નિર્ણય લીધો છે. લોકસભાની બેઠકોનું નવેસરથી સિમાંકન કરવાની કેન્દ્ર સરકારની યોજના પર ચર્ચા કરવા માટે મુખ્યમંત્રી જોસેફ વિજયએ એક બેઠક બોલાવી હતી અને એમાં તમામ પક્ષોના સાંસદોને આમંત્રીત કર્યા હતા. જોકે આ બંને પક્ષના સાંસદો આ મીટીંગમાં હાજર રહેવાના નથી. ડીએમકેના સાંસદો આ બેઠકથી દુર રહેવાનું કારણ એ છે કે, વિધાનસભાની ચૂંટણીમાં મળેલી હાર પછી એના સંબંધ કોંગ્રેસ સાથે બગડી ગયા છે. રાજકીય નીરિક્ષકો માની રહ્યા છે કે સિમાંકન બાબતે ડીએમકે એનડીએને મદદ કરશે. ડીએમકેના મહામંત્રી દુરઈ મુરઘનએ કહ્યું હતું કે ડીએમકે સિમાંકન બાબતે મીટીંગમાં તોજ ભાગ લેશે કે જ્યારે રાજ્ય સરકાર પહેલા મેકેદાતુ બંધ મુદ્દે પણ આજ પ્રકારની બેઠક બોલાવે. જાણીતા ગેંગસ્ટર અતિક અહેમદના પુત્ર અબાનનું મૃત્યુ ઝાંસી નજીક એક કાર અકસ્માતમાં થયું હતું. હવે પોલીસે આ કાર બાબતે જે જાહેરાત કરી છે એનાથી ઘણા ચોંકી ગયા છે. કારનું રજીસ્ટ્રેશન ખોટા સરનામે કરવામાં આવ્યું હતું. ૪ વર્ષમાં કારને ૧૯ વાર દંડવામાં આવી હતી. વારંવાર ઓવરસ્પીડીંગ બાબતે આ દંડ કરવામાં આવ્યો હતો. આ કાર મોહત્સિમગંજના નિવાસી મહોમદ જૈદના નામે હતી. એના સાસરા પક્ષ તરફથી આ કાર ભેટમાં આપવામાં આવી હતી. આરટીઓના રેકર્ડ પ્રમાણે કાર જે સરનામે રજીસ્ટર થઈ હતી એનો મકાન નંબર ૧૦૪ હતો. જ્યારે મોહમદ જૈદ ૨૦૪ નંબરના મકાનમાં રહે છે. અતિક અહેમદના મોટા પુત્રનું મૃત્યુ પોલીસ એન્કાઉન્ટરમાં થયું હતું. અતિક અહેમદ અને એના ભાઈની હત્યા પણ કેમેરા સમક્ષ કરવામાં આવી હતી.

# સોમનથમાં શ્રાવણ-2026 ભજન ભોજન અને ભક્તિનો 30 દિવસીય શ્રાવણ શિવ મહોત્સવ

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

સોમનાથ તા.10. પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધીદેવ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્ય માં 30 દિવસીય શ્રાવણ રુપી શીવ મહોત્સવ નો પ્રારંભ તા.13/08/2026 થી થશે અને પૂર્ણાહુતી તા.11/09/2026 શ્રાવણ વદ અમાસના રોજ થશે. ત્યારે સોમનાથ ભજન ભોજન અને ભક્તિનું સંગમ કેન્દ્ર બનશે. દેશ વિદેશના શ્રદ્ધાળુ સોમનાથ મહાદેવના દર્શન કરી ભોળાનાથ શિવજીના જાપમાં લીન થશે. ત્યારે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આવનાર પ્રત્યેક શ્રદ્ધાળુને પ્રેમ પૂર્ણ આતિથ્ય મળે તેના માટે બહુસ્તરીય વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. શ્રાવણમાં ભક્તો ચાર સોમવાર, અગીયારસ, રક્ષાબંધન, સાતમ-આઠમ, જન્માષ્ટમી, માસિક શિવરાત્રિ, અમાસ સહિતના દિવસોમાં આવનાર માનવ મહેરામણના સ્વાગત માટેની તમામ તૈયારીઓ કરવામાં આવી છે. યાત્રી સુવિધાઓ- પૂજન તેમજ આરાધ્ય દેવ સોમનાથ મહાદેવના દર્શન જન-જન ને સુંદર રીતે થાય તેવુ આગવુ આયોજન કરવામાં આવ્યુ છે. પ્રથમ વખત સોમનાથમાં 30 દિવસીય 51 કુંડી મહામૃત્યુંજય યજ્ઞનું આયોજન : પવિત્ર શ્રાવણ માસ દરમિયાન, શ્રી સોમનાથ મંદિરમાં પ્રથમ વખત 30 દિવસીય 51 કુંડી મહામૃત્યુંજય યજ્ઞના મહાઅનુષ્ઠાનનું અદ્ભુત આયોજન કરવામાં આવ્યું છે. સોમનાથ આવનાર ભાવિકો ભગવાન ચંદ્ર દ્વારા મહામૃત્યુંજય મંત્રોથી સિદ્ધ થયેલ ભૂમિ પર યજ્ઞ પુણ્યનું અર્જન કરી શકે તેના માટે વિશેષ રૂપે આ 'મહામૃત્યુંજય યજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞમાં કોઈપણ ભક્ત જોડાઈ શકે, અને યજ્ઞનો લાભ લઇ શકે તે માટે વિશેષ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. મંદિર પરિસરમાં સ્વાગત કક્ષ અને નિકાસ દ્વાર નજીક વિશેષ કાઉન્ટર પર 51 ન્યોછાવર કરી ભક્તોને યજ્ઞ માટે આહૂતિ દ્રવ્ય ધોતી અને યજ્ઞમાં યજમાન બનવાનું પુણ્ય મળે છે. સવારે 8 થી સાંજે 6 વાગ્યા સુધી 1 કલાકના 9 અલગ અલગ સ્લોટમાં યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તો પારંપરિક વસ્ત્ર ધોતી પેહરીને યજ્ઞમાં જોડાય તેના માટે વિશેષ કાઉન્ટરની વ્યવસ્થા કરવામાં આવી છે જ્યાં ધોતી ટ્રસ્ટ દ્વારા પૂરી પાડવામાં આવશે. આ યજ્ઞ ભક્તોને પુણ્ય આપવાની સાથે ગીર સોમનાથ જિલ્લાના તમામ ગૌપાલકોને ભક્તિના તાંતણે જોડી રહ્યો છે. જેમાં સ્વયંસેવકો ગામે ગામ જઈને ગૌ પાલકોને આ મહાઅનુષ્ઠાનમાં ગીર ગાયના છાણાનું અનુદાન આપવા પ્રેરણા આપી રહ્યા છે. અત્યાર સુધીમાં હજારો ગૌપાલકોએ પોતાનું છાણાનું અનુદાન સોમનાથ મંદિરને અર્પણ કરવા નામ નોંધાવ્યું છે. ટ્રસ્ટની પોતાની ગીર ગૌશાળા છે જેમાંથી છાણા મળી રહે, પરંતુ ગૌપાલકોને નંદીશ્વરની સેવામાં જોડીને સનાતન ધર્મમાં ગૌ માતાના મહત્વને ફરીથી સમાજ વચ્ચે પ્રતિપાદિત કરવાનો આ ટ્રસ્ટનો વિનમ્ર પ્રયાસ છે.શ્રાવણ દરમિયાન વિશેષ શ્રૃંગાર અને શૃંગાર પૂજનનો અવસર:શ્રાવણ માસ દરમ્યાન દરરોજ ભગવાન સોમનાથ મહાદેવને વિશિષ્ટ શ્રૃંગારોથી અલંકૃત કરવામાં આવશે. શ્રાવણ માસમાં સોમનાથ મહાદેવને સવાલક્ષ બિલ્વ પત્ર શૃંગાર, રુદ્રાક્ષ શૃંગાર, ભસ્મ દર્શન, વૈષ્ણવ દર્શન, શ્રી કૃષ્ણ જન્મોત્સવ, સહિતના 30 દિવસના અલગ અલગ ધાર્મિક મહાત્મ્ય સાથેના શ્રૃંગાર કરવામાં આવશે. વિશેષ રૂપે શ્રાવણના પ્રથમ 3 સોમવાર અને સ્વાતંત્ર્ય પર્વ પર વિશેષ સ્વાભિમાન શ્રૃંગાર કરવામાં આવશે આ શૃંગારના નિયત કરેલ ન્યોછાવર રાશી આપી ભક્તજનો યજમાન બનવાનો લાભ લઈ શકશે. શૃંગાર નોંધાવનાર દરેક ભક્તને શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કોમ્પ્લીમેન્ટરી સ્વરૂપે સોમેશ્વર મહાપૂજા પણ કરાવવામાં આવશે. મંદિરના પૂજા વિધિ કાઉન્ટર પર ઈચ્છુક ભક્ત શૃંગાર ન્યોછાવર કરી શકશે. યાત્રીઓની વધતી સંખ્યા માટે વિશેષ વ્યવસ્થાપન: પ્રતિ વર્ષ શ્રાવણ માસ દરમિયાન લાખોની સંખ્યામાં વધુ શ્રદ્ધાળુ સોમનાથ મહાદેવના દર્શને પધારતા હોય છે. અને દર વર્ષે યાત્રીઓની સંખ્યામાં વૃદ્ધિ જોઈને આ વર્ષે ભૂતકાળના તમામ શ્રાવણ કરતા વધુ શ્રદ્ધાળુઓ સોમનાથ મહાદેવના દર્શને પધારવાનો અંદાજો લગાવાઈ રહ્યો છે. ત્યારે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા શ્રાવણ માસને લઈને વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. વધારે માત્રામાં આવનારી યાત્રીઓ માટે રહેવા, ભોજન અને દર્શનની ઉત્તમ વ્યવસ્થા થાય તેના માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા તમામ વિભાગોમાં માઈક્રો મેનેજમેન્ટ કરી સુચારુ વ્યવસ્થાઓ ઉભી કરી છે, શ્રાવણ માસ માટે વધારાની સાધન સામગ્રી સાથે વધુ સ્ટાફ મંદિરમાં ફરજ પર મૂકવામાં આવ્યો છે.

# જૂનાગઢમાં નિ:શુલ્ક મંત્ર ઔષધિ સુવર્ણ પ્રાશનના ટીપાં પીવડાવવાનો કેમ્પ.

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

જૂનાગઢ તા.૧૦. તા.૧૧-૦૮-૨૬ને મંગળવારે પુષ્ય નક્ષત્રના શુભ દિવસે જન્મ થી 14 વર્ષ સુધીના બાળકોને રોગ પ્રતિકારક શક્તિ તેમજ માનસિક વિકાસ માટે અને ગર્ભવતી મહિલાઓના આરોગ્ય માટે નિ:શુલ્ક મંત્ર ઔષધિ સુવર્ણ પ્રાશનના ટીપાં પીવડાવવાનો કેમ્પ સંસ્કૃતિ આર્ય ગુરૂકુલ, રાજકોટના સહયોગથી નીચેની વિગતે યોજવામા આવેલ છે.

1. રેડ ક્રોસ હોલ, આઝાદ ચોક, જૂનાગઢ ખાતે સાંજે 5.00 થી 6.00 સંપર્ક - પ્રવિણા વાઘેલા- 9213547122
2. સાંજે 5.00 થી 6.00 બાલા હનુમાનજી મંદિર,સુરભી એપાર્ટમેન્ટ પાસે, દીપાંજલિ-1, ક્રોમા શોરૂમની ગલીમાં, ટીંબાવાડી, સંપર્ક- મૃણાલી વૈદ્ય- 7226991727
3. સાંજે ૫.૦૦ થી ૬.૦૦ એન કે નગર, ગોવર્ધન બંગ્લોઝ,શ્યામ ધામ સામે,મધુરમ, સાંઈબાબા મંદિર પાછળ,વંથલી રોડ, જૂનાગઢ સંપર્ક - મંજુબેન હંસપરા- 8490084661
4. સાંજે 5 થી 6 અંબાજી મંદિર,સુરભી પાનની ગલીમાં, ઝાંઝરડા રોડ, ગાયત્રી સ્કૂલ પાછળ, જૂનાગઢ સંપર્ક - જયશ્રીબેન ગાલોરિયા- 9099363910
5. સાજે 5 થી 6 રામનાથ મહાદેવ મંદિર,અંકુર સોસાયટી અશોક હોલ વાળી ગલીમાં, સબ સ્ટેશન ની ગલી, ટીંબાવાડી અંકુર સોસાયટી, ટીંબાવાડી આસપાસના વિસ્તારના બાળકોએ આ કેન્દ્રનો લાભ લેવો. રમાબેન ગરાલા- 94091 82323
6. સાંજે 4 થી 5 કામદાર સોસાયટીના નાકે, વોડ નં. ૯ નગરપાલિકાની ઓફિસમા, દુબડી પ્લોટ જુનાગઢ દુબળી અને કડિયાવાડ વિસ્તારના બાળકોએ આ કેન્દ્રનો લાભ લેવો સંપર્ક: રશ્મિબેન પરમાર- 7383573283

વિશેષ માહિતી માટે શ્રી મયુરભાઈ વૈદ્ય(7226038186) નો સંપર્ક કરવા જણાવાયું છે.

# રક્ષાબંધન સ્પેશિયલ: કેરા ખાતે ભવ્ય "અર્બનવોગ એક્ઝિબિશન", ફેશન-લાઈફસ્ટાઈલ-ડેકોરનો સંગમ



**મહેશ એલ. સોની નખત્રાણા**

રક્ષાબંધનના પાવન પર્વની ઉજવણીને વધુ રંગીન બનાવવા માટે કચ્છના કેરા ખાતે તા. 13 અને 14 ઓગસ્ટ 2026ના રોજ બે દિવસીય ભવ્ય 'અર્બનવોગ એક્ઝિબિશન' નું આયોજન કરવામાં આવ્યું છે. 'Celebrate the Bond of Love with Special Shopping' ના સૂત્ર સાથે યોજાનાર આ પ્રદર્શનમાં ફેશન, લાઈફસ્ટાઈલ અને ડેકોરની એકથી એક અનોખી વેરાયટી જોવા મળશે.આ એક્ઝિબિશન બાપા શ્રી ની વાડી, કેરા, કચ્છ ખાતે સવારે 9 થી રાત્રે 9 કલાક સુધી ચાલશે. પ્રવેશ સંપૂર્ણપણે મફત રાખવામાં આવ્યો છે.એક્ઝિબિશનમાં મુલાકાતીઓને કપડાના બ્રાન્ડ્સ, હસ્તકલા, જ્વેલરી, આર્ટિફિશિયલ જ્વેલરી, કોસ્મેટિક અને બ્યુટી પ્રોડક્ટ્સ, હોમ ડેકોર આઈટમ, ફૂટવેર, ગિફ્ટ આઈટમ્સ, કિડ્સ વેર, ટોય્ઝ, એથનિક વેર, પાર્ટી વેર, ફેસ્ટિવ કલેક્શન, બેડશીટ્સ, કિચન એક્સેસરીઝ અને ઘણી બધી વસ્તુઓ એક જ છત નીચે મળી રહેશે. રક્ષાબંધનને ધ્યાનમાં રાખીને ખાસ ગિફ્ટિંગ કલેક્શન પણ ઉપલબ્ધ રહેશે.પરિવાર સાથે આવતા લોકો માટે ખાસ સુવિધા તરીકે સાંજે 5 થી 9 કલાક દરમિયાન બાળકો માટે જમ્પિંગ ઝોન ગોઠવવામાં આવ્યો છે. સાથે ભૂખ મટાડવા માટે લાઈવ ફૂડ સ્ટોલ્સ પણ ઉપલબ્ધ રહેશે.આ અંગે આયોજક હર્ષ ઠક્કરે જણાવ્યું હતું કે 'અમારો ઉદ્દેશ્ય લોકલ ઉદ્યોગકારો અને બ્રાન્ડ્સને એક મંચ આપવાનો છે. કચ્છવાસીઓને રક્ષાબંધનની શોપિંગ સાથે મનોરંજનનો પણ આનંદ મળે તે માટે અમે ખાસ પ્રયાસ કર્યો છે.

# ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટના કામોમાં અન્યાય અને ભેદભાવનાં આક્ષેપ સાથે ટીડીઓને આવેદનપત્ર પાઠવાયુ..



ડાંગ | ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકા પંચાયત ક્ષેત્રમાં ૧૫મા નાણાંપંચની બચત ગ્રાન્ટ અંતર્ગત વિકાસ કામોના આયોજન અને મંજૂરી બાબતે વિપક્ષી સભ્યો સાથે અન્યાય અને પક્ષપાત થતો હોવાના ગંભીર આક્ષેપો સાથે ઉપપ્રમુખ સહીત સભ્યો દ્વારા તાલુકા વિકાસ અધિકારી (TDO) ને લેખિત આવેદનપત્ર પાઠવી વિરોધ નોંધાવવામાં આવ્યો છે.આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, વઘઈ તાલુકા પંચાયતમાં ૧૫મા નાણાપંચની બચત ગ્રાન્ટમાંથી વિકાસના કામોનું આયોજન કરી તાલુકા પંચાયત કચેરી ખાતે સાદર કરવા માટે તાલુકા પંચાયતના તમામ સભ્યોને સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના અનુસંધાનમાં તમામ સભ્યો દ્વારા પોતપોતાના વિસ્તારના કામોનું આયોજન તૈયાર કરીને કચેરીએ સાદર પણ કરવામાં આવ્યું હતું.જોકે, તાલુકા પંચાયતના વિપક્ષી સભ્યોએ આરોપ લગાવ્યો છે કે ઉપલી કક્ષાએથી કામોની વહીવટી મંજૂરી માટે જે યાદી નક્કી કરવામાં આવી હતી, તેમાં વિપક્ષના સભ્યોના ખૂબ જ નહિવત (ઓછા) પ્રમાણમાં કામો ફાઈનલ કરવામાં આવ્યા છે.તેની સરખામણીએ શાસક પક્ષના સભ્યોના મોટાભાગના કામોને ફાઈનલ કરી મંજૂરી માટે આગળ ધપાવવામાં આવ્યા છે, જે સીધો પક્ષપાત અને અન્યાય દર્શાવે છે.આ ઉપરાંત, ૧૫મા નાણાંપંચના કામોના આયોજન માટે શાસક પક્ષના સભ્યો પાસેથી લેખિતમાં માંગણી કરવામાં આવી હતી, જ્યારે વિપક્ષના તાલુકા સભ્યોને હજુ સુધી આ અંગે કોઈ જ અધિકૃત સૂચના આપવામાં આવી નથી.

# દુકાનમાંથી ચોરી કરનાર બે બાલકિશોરોને રોકડ અને મુદ્દામાલ સાથે ઝડપી પાડતી વઘઇ પોલીસ.

ડાંગ | ડાંગ જિલ્લાના વઘઇ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ વાંઝટઆંબા ગામે દુકાનમાંથી થયેલી ચોરીનો વણઉકેલાયેલ ગુનો ઉકેલીને વઘઇ પોલીસે બે જુવેનાઇલ (બાલકિશોર) આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે.ઘટનાની વિગત મુજબ, તા. ૦૬/૦૮/૨૦૨૬ની રાત્રિના ૨૦:૦૦ વાગ્યાથી તા. ૦૭/૦૮/૨૦૨૬ના સવારના ૦૭:૩૦ વાગ્યા દરમિયાન વાંઝટઆંબા ગામના રહીશ દિવ્યેશભાઇ ભાંગુભાઇ બીરારીની દુકાનની છત પરના સિમેન્ટના પતરાના નટ-બોલ્ટ ખોલી અજાણ્યા ચોરોએ અંદર પ્રવેશ કર્યો હતો. ચોરો દુકાનમાંથી આશરે રૂ. ૧,૦૦૦/- ની કિંમતની સિગારેટ તથા વિમલ ગુટખા/પાન મસાલા તેમજ રોકડ રૂ. ૫,૬૬૫/- મળી કુલ રૂ. ૬,૬૬૫/- ની મત્તાની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા.

ડાંગ-આહવા પોલીસ અધિક્ષક પૂજા યાદવની મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢવાની સૂચના અનુસાર, નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરીના માર્ગદર્શન હેઠળ વઘઇ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એ. ચાવડા તથા તેમની ટીમે તપાસ હાથ ધરી હતી.આ કેસ શરૂઆતમાં સંપૂર્ણ બ્લાઈન્ડ (વણશોધાયેલ) હોવાથી પોલીસે અગાઉ ચોરીમાં સંકળાયેલા તેમજ સક્રિય આરોપીઓ અંગે માહિતી એકત્ર કરી હતી.વઘઇ પોલીસની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન રિસોર્સ (ખાનગી બાતમીદારો)ની મદદથી પોલીસે સફળતાપૂર્વક ચોરી કરનાર બે જુવેનાઇલ આરોપીઓને શોધી કાઢીને ઝડપી લીધા હતા.વઘઇ પોલીસની ટીમે રોકડ રકમ રૂ. ૫,૬૬૫/- તથા પાન મસાલા/ગુટકાના ૧૦ પેકેટની કિંમત રૂ. ૧,૦૦૦/- તથા નટ-બોલ્ટ ખોલવાનું પાનું (૧ નંગ): કિંમત રૂ. ૨૦/- તથા ચોરીમાં વપરાયેલ ડીઓ મોપેડ બાઇકની કિંમત રૂ. ૩૦,૦૦૦/- સહિતનો મુદ્દામાલ જપ્ત કરેલ છે.અને આરોપીઓની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# રાજુલા તાલુકા કક્ષાનો સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ બર્બટાણા ગામે કરવામાં આવ્યો



**કિશોર આર. સોલંકી જાફરાબાદ**

આજે બર્બટાણા ગામ ખાતે તાલુકા કક્ષાનો સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવા અને સ્વચ્છ ગામ-સ્વચ્છ તાલુકાનો સંદેશ આપવામાં આવ્યો.આ પ્રસંગે તાલુકા પંચાયત ઉપપ્રમુખ રેખાબેન મકવાણા, ATDO કાપડીબાપુ, તાલુકા પંચાયત કર્મચારી હરેશભાઈ, મંત્રી પારસભાઈ, બર્બટાણા પૂર્વ સરપંચ ભુપતભાઈ લાડુમોર, ઉપસરપંચ મનસુખભાઈ વોરા, તાલુકા ભાજપ મંત્રી અશોકભાઈ વેલારી, ડૉ. કલસરિયા, શિક્ષક અરવિંદસિંહ મહિડા, કનુભાઈ ભુકણ, કાળુભાઈ કલસરિયા, નરેન્દ્ર ગોસ્વામી, વિપુલભાઈ રાઠોડ, ભીખાભાઈ મહેતા, ચુનીભાઈ, શામજીભાઈ વડદરીયા, કાલિદાસ ગોંડલીયા, ભાવેશ વેલારી, બાલાભાઈ, અનિલભાઈ, નરેશભાઈ, હનુભાઈ, કાન્તિભાઈ વોરા, જીગ્નેશ વાળા સહિત મોટી સંખ્યામાં આગેવાનો, કાર્યકરો તથા બહેનોએ ઉપસ્થિત રહી સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બન્યા.કાર્યક્રમના અંતે કે. બી. કામળીયા, એડવોકેટ & નોટરી, સરપંચ બર્બટાણા તથા કારોબારી ચેરમેન તાલુકા પંચાયત રાજુલા દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવો, કર્મચારીઓ, આગેવાનો, કાર્યકરો તથા બહેનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ સુંદર ગામ સ્વચ્છતા એ સૌની જવાબદારી છે.

# બનાસકાંઠાની ૭૦ શાળાઓમાં 'રૂપાંતર કાર્યક્રમ'નો પ્રારંભ: વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર મૂકાશે

## GPSCના અધ્યક્ષ શ્રી હસમુખ પટેલની ઉપસ્થિતિમાં અંબાજીથી 'રૂપાંતર કાર્યક્રમ'નો શુભારંભ કરાયો



પાલનપુર | પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, બનાસકાંઠા હસ્તકની આશરે ૭૦ જેટલી શાળાઓ રૂપાંતર ફાઉન્ડેશન દ્વારા સંચાલિત 'રૂપાંતર કાર્યક્રમ' સાથે જોડાઈ છે. આદિવાસી વિસ્તારમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની સાથે તેમનામાં આત્મવિશ્વાસ, જીવનમૂલ્યો, નેતૃત્વ ક્ષમતા અને ઉજ્જવળ કારકિર્દી માટે જરૂરી દૃષ્ટિકોણ વિકસાવવાના ઉદ્દેશ સાથે શરૂ કરવામાં આવેલા આ કાર્યક્રમનો શુભારંભ આદર્શ નિવાસી શાળા, અંબાજી ખાતેથી કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC)ના અધ્યક્ષ શ્રી હસમુખ પટેલ તથા રૂપાંતર કાર્યક્રમ સાથે સંકળાયેલા અન્ય ત્રણ તાલીમકારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે શિક્ષકો માટે વિશેષ તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ સાથે અસરકારક સંવાદ, વ્યક્તિત્વ ઘડતર, કારકિર્દી અંગે માર્ગદર્શન, જીવનલક્ષી કૌશલ્યો અને નેતૃત્વ ગુણોના વિકાસ માટે શિક્ષકો કેવી રીતે માર્ગદર્શકની ભૂમિકા ભજવી શકે તે અંગે વિસ્તૃત સમજ અને તાલીમ આપવામાં આવી હતી.બે વર્ષના સમયગાળા માટે આયોજિત આ કાર્યક્રમ અંતર્ગત દર ૧૫ દિવસે તાલીમ પામેલા શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ માટે વિવિધ માર્ગદર્શન અને તાલીમલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. નિયમિત સત્રોના માધ્યમથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવા, પોતાની શક્તિ અને ક્ષમતાને ઓળખવા, લક્ષ્ય નક્કી કરવા, યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા વિકસાવવા, સમયનું આયોજન કરવા તથા જીવનના પડકારોનો સકારાત્મક રીતે સામનો કરવા જેવા ગુણોના વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવશે.'રૂપાંતર કાર્યક્રમ'નો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને માત્ર શૈક્ષણિક રીતે સક્ષમ બનાવવાનો નહીં, પરંતુ તેમના વ્યક્તિત્વનું સર્વાંગી ઘડતર કરવાનો છે. ખાસ કરીને કારકિર્દીની વિવિધ તકો અંગે વિદ્યાર્થીઓમાં નાની ઉંમરથી જ જાગૃતિ આવે, સ્પર્ધાત્મક યુગમાં જરૂરી આત્મવિશ્વાસ અને સંવાદ કૌશલ્ય વિકસે તેમજ શિસ્ત, જવાબદારી, સહકાર, સંવેદનશીલતા અને નેતૃત્વ જેવા જીવનમૂલ્યો કેળવાય તે દિશામાં કાર્યક્રમ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, બનાસકાંઠાના સહયોગથી આદિવાસી વિસ્તારની આશરે ૭૦ જેટલી શાળાઓને એકસાથે આ કાર્યક્રમ સાથે જોડવામાં આવી છે. આ પહેલના પરિણામે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને આગામી બે વર્ષ સુધી સતત અને આયોજનબદ્ધ રીતે વ્યક્તિત્વ વિકાસ તથા કારકિર્દીલક્ષી માર્ગદર્શન પ્રાપ્ત થશે. શિક્ષકોને તાલીમ આપીને તેમના માધ્યમથી વિદ્યાર્થીઓ સુધી કાર્યક્રમને પહોંચાડવાની પદ્ધતિને કારણે શાળાકક્ષાએ લાંબા ગાળે સકારાત્મક શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવામાં પણ આ કાર્યક્રમ ઉપયોગી બનશે.

# ચાણસ્મા ખાતે ગુજરાત માટીકામ કલાકારી ટેક. સંસ્થા અનુજાતિની લાભાર્થી મહિલાઓનો તાલિમ વર્ગ શરૂ કરાયો



**નિતીન ઠાકર ચાણસ્મા**

(નાળીયેરી) રેશા ઓ માં થી પગલુંસણીયા મૂર્તિઓ જેવી આર્ટીસ્સીયલ તાલીમ થકી સ્વનિર્મર બનશે લાભાર્થી મહિલાઓ

કુટીર ઉદ્યોગ તાલિમ થકી મહિલાઓ પગભર થઈ શકે તે માટે સરકાર દ્વારા તાલિમ વર્ગો શરૂ કરી લાભાર્થી મહિલાઓને તાલિમ આપવામાં આવે છે ત્યારે ચાણસ્મા ખાતે માટીકામ કારીગરી ટેકનીકલ સંસ્થા દ્વારા ચાણસ્મા સહિત આજુબાજુના ગ્રામીણ વિસ્તારની.અનુ સુચિત જાતિ ની લાભાર્થી મહિલાઓ માટે રેસા ઓમાંથી પગલુસણીયા ગણપતિની મૂર્તિઓ સહિત અનેક ચીજવસ્તુઓ કેવી રીતે બનાવી શકાય તે માટે નો 60 દિવસ ના તાલિમ વર્ગનું આયોજન કરાયું છે મહિલા ઓ .આવા માટીકામ (નાળીયેરી) રેશા માંથી બનાવવામાં આવી ચીજવસ્તુઓ ની તાલીમ મેળવી તૈયાર થયા બાદ પોતાનો નાનો ધંધો શરૂ કરી પગભર થઈ આર્થિક ઉપાર્જન મેળવી શકે તેવા સરકાર નો હેતુ સર આવા સ્ટાઈપેન્ડ સાથે તાલીમ વર્ગ નું આયોજન કરાયું હોવાનું વર્ગ સંચાલક અમરતભાઈ ડોડીયાએ જણાવ્યું હતું

# થરાદ ખાતે તા.૧૩ ઓગસ્ટે યોજાશે જિલ્લા કક્ષાની તિરંગા યાત્રા: વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીની રહેશે વિશેષ ઉપસ્થિતિ

થરાદ | વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને રાષ્ટ્રની એકતા- અખંડિતતાના સંદેશ સાથે કાશ્મીર થી કન્યાકુમારી સુધી સમગ્ર દેશમાં 'હર ઘર તિરંગા' અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે. દેશની આઝાદી માટે બલિદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાનીઓ તથા દેશની સુરક્ષા માટે શહાદત વહોરનાર વીર જવાનો અને તેમના પરિવારો પ્રત્યે આદર વ્યક્ત કરવા તેમજ બાળકોથી લઈને વડીલો સુધી સૌ નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિની ભાવનાને વધુ મજબૂત બનાવવાના હેતુથી ગુજરાતમાં તા.૯ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન વિવિધ રાષ્ટ્રભક્તિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે જ 'વંદે માતરમ્'ના ૧૫૦ વર્ષના ગૌરવપૂર્ણ અવસરને પણ વિવિધ કાર્યક્રમો સાથે ઉજવવામાં આવી રહ્યો છે.

'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત વાવ-થરાદ જિલ્લામાં તા.૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સાંજે ૪.૦૦ કલાકે મુખ્યમથક થરાદ ખાતે જિલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાનારી આ તિરંગા યાત્રામાં જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, મંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોર, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ સહિત વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.



### વિશ્વ સિંહ દિવસની ગરિમામય ઉજવણી

# વન વિભાગની પ્રો-એક્ટિવ પ્રેક્ટિસિસથી ગીરના સિંહોની સફળ સંવર્ધન ગાથા વૈશ્વિક બની છે: ભૂપેન્દ્ર પટેલ





**●વનરાજનો વૈભવ જળવાય અને સતત વધતો રહે તે માટે પ્રોજેક્ટ લાયન વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવ્યો છે.**

**●સિંહોના સંરક્ષણ અને સંવર્ધનમાં સ્થાનિક લોકોનો મોટો ફાળો – તેમણે સિંહ સાથેના સહઅસ્તિત્વને હૃદયથી સ્વીકાર્યું છે.**

**●જો વન્યસૃષ્ટિ ટકશે તો જ માનવજાત ટકી શકશે**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વસિંહ દિવસ ઉજવણી કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી જણાવ્યું કે, વન્યપ્રાણી સૃષ્ટિ અને પ્રકૃતિના સંવર્ધનના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને વન વિભાગની પ્રો-એક્ટિવ પ્રેક્ટિસીસથી ગીરના સિંહોની સફળ સંવર્ધન ગાથા વૈશ્વિક બની છે.એશિયાટિક સિંહોના સંરક્ષણ અને સંવર્ધન અંગે જનજાગૃતિ કેળવવાના ઉદ્દેશ્ય સાથે તા.૧૦ ઓગસ્ટના રોજ ઉજવાતા 'વિશ્વ સિંહ દિવસ'ની આ વર્ષની ઉજવણી પોરબંદર ખાતે તાજાવાલા હોલમાં કરવામાં આવી હતી. વન-પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાની પોરબંદર ખાતે ઉપસ્થિતિમાં આયોજીત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, મુક્ત અવસ્થામાં વસતા એશિયાટિક સિંહોનું ઘર એકમાત્ર ગુજરાત છે તે આપણા માટે ગૌરવ સાથે જવાબદારીનો પણ વિષય છે.આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે વન્યપ્રાણી સંરક્ષણના રાજ્ય સરકારના કાળજીભર્યા સાતત્યપૂર્ણ અભિગમને કારણે સિંહોની વસ્તી ઉત્તરોત્તર વધતી રહી છે અને ૮૯૧એ પહોંચી છે.ગુજરાતે વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી આધુનિક ટેક્નોલોજી, વૈજ્ઞાનિક સંશોધન લોકોની ભાગીદારી અને અસરકારક વહિવટ એમ ચાર સ્થંભો પર વન્યજીવ સંરક્ષણનું આગવું મોડેલ ઉભું કર્યુ છે. એટલુ જ નહિ, કુદરતી સંશાધનો અને જૈવ વિવિધતાનું જતન-સંવર્ધન, જળ સંરક્ષણ તથા વન્ય જીવોની સુરક્ષા અને સ્થાનિક સમુદાયોની ભાગીદારી આ મોડેલની વિશેષતા છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, સ્થાનિક લોકો અને સિંહો વચ્ચે સહઅસ્તિત્વની ભાવના વધુ મજબૂત બની છે. પરિણામે સિંહોનો વિચરણ વિસ્તાર છેલ્લા અઢી દાયકામાં ત્રણ જિલ્લાથી વધીને ૧૧ જિલ્લાઓ સુધી વિસ્તર્યો છે. ૧૪૩ વર્ષ બાદ બરડા ડુંગર વિસ્તારમાં સિંહોનો પુનઃવસવાટ શરૂ થયો છે અને બરડા વન્યજીવ અભયારણ્યને સિંહોએ કુદરતી રીતે પોતાના નવા આવાસ તરીકે સ્વીકાર્યું છે. પોરબંદર સહિતનો બરડા વિસ્તાર પ્રાકૃતિક સૌંદર્યથી સમૃદ્ધ છે અને પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે. તેમણે કહ્યુ કે, વડાપ્રધાનશ્રીએ સિંહોના રહેઠાણનું સંરક્ષણ અને પુનઃસ્થાપન, સ્થાનિક સમુદાયની ભાગીદારી તેમજ ઈકોલોજી અને વિકાસ વચ્ચે સંતુલન જાળવવાના હેતુથી 'પ્રોજેક્ટ લાયન' શરૂ કરાવ્યો છે. ઉપરાંત ગીરમાં નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફની બેઠક યોજીને વન્યજીવ સંરક્ષણ માટે નવી દિશા આપી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સિંહોના સંરક્ષણ અને સંવર્ધનમાં સ્થાનિક લોકોનો ખૂબ મોટો ફાળો છે. સ્થાનિક સમાજે સિંહો સાથેના સહઅસ્તિત્વને હૃદયપૂર્વક સ્વીકાર્યું છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, "સિંહોનું સંરક્ષણ માત્ર સિંહોની સંખ્યા વધારવાનો કાર્યક્રમ નથી, પરંતુ સમગ્ર ઈકોસિસ્ટમને સુરક્ષિત રાખવાનો સંકલ્પ છે." જંગલો સુરક્ષિત રહેશે તો જળસ્રોતો સુરક્ષિત રહેશે અને જળસ્રોતો સુરક્ષિત રહેશે તો કૃષિ તથા માનવજીવન પણ સમૃદ્ધ બનશે. તેથી પ્રકૃતિ અને પર્યાવરણના જતન માટેના જનજાગૃતિના પ્રયાસોમાં સૌએ સહભાગી બની સાથે મળીને આગળ વધીએ.વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સિંહોના સંરક્ષણ અને બરડા વિસ્તાર અંગે જણાવ્યું હતું કે, સિંહ સમગ્ર વિશ્વ માટે અજાયબી સમાન છે અને એશિયાટિક સિંહોનું કુદરતી નિવાસસ્થાન હોવાનું ગૌરવ ભારત અને ખાસ કરીને ગુજરાતને મળ્યું છે.

## રાજુલા એસ.ટી. ડેપો ખાતે સ્વચ્છતા હી સેવા અભિયાન યોજાયું



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા એસ.ટી. ડેપો ખાતે સ્વચ્છતા અને સ્વચ્છતા અંગે જનજાગૃતિના હેતુથી સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં નગરપાલિકાના પદાધિકારીઓ, આગેવાનો, વેપારીઓ તેમજ એસ.ટી. વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

આ પ્રસંગે રાજુલાના અગ્રણી વેપારી બકુલભાઈ વોરા, રાજુલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રવુભાઈ ખુમાણ, નગરપાલિકા દંડક કૈલેશભાઈ શિયાળ, નગરપાલિકા બાગ-બગીચા ચેરમેન દિલીપભાઈ ચૌહાણ, એસ.ટી. ડેપો મેનેજર જોષી મેડમ, એ.ટી.આઈ. જગદીશભાઈ મહેતા, તેમજ હરેશભાઈ દોઢીયા, પૃથ્વીભાઈ ખુમાણ, જયરાજભાઈ ખુમાણ, ગૌતમભાઈ પઢીયાર, ગૌરાંગભાઈ ખુમાણ, પ્રતીકસિંહ સહિત એસ.ટી. સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

સ્વચ્છતા અભિયાન દરમિયાન ડેપો પરિસરમાં સ્વચ્છતા કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઉપસ્થિત આગેવાનોએ સ્વચ્છતા જાળવવા અને જાહેર સ્થળોને સ્વચ્છ રાખવા અંગે લોકોને અપીલ કરી હતી.

સ્વચ્છતા એ સૌની જવાબદારી છે ના સંદેશ સાથે યોજાયેલા આ અભિયાનમાં સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્વચ્છ અને સુંદર રાજુલા બનાવવાનો સંકલ્પ લીધો હતો.

## દાહોદમાં હર ઘર તિરંગા અભિયાન તથા વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ કાર્યક્રમ યોજાશે

દિપક રાવલ દાહોદ લીમખેડા



સમગ્ર રાજ્યની સાથે દાહોદ જિલ્લામાં પણ હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી તથા વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે, જેના સુચારૂ આયોજન સંદર્ભે જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે નિવાસી અધિક કલેકટર શ્રી જે. એમ. રાવલની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં દાહોદ જિલ્લામાં યોજાનાર વિવિધ કાર્યક્રમો સંદર્ભે વિગતો આપતા નિવાસી અધિક કલેકટરશ્રી જે. એમ. રાવલએ જણાવ્યું હતું કે, આગામી તા.૧૭ ઑગસ્ટ સુધી સમગ્ર જિલ્લામાં હર ઘર તિરંગા અભિયાન ઉત્સાહભેર ઉજવવામાં આવશે. જે દરમિયાન જિલ્લાની તમામ શાળાઓ, કોલેજો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તિરંગા રેલીનું આયોજન કરાશે. વધુમાં વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસનો કાર્યક્રમ વિશે જણાવતાં કહ્યું હતું કે, ભારતના વિભાજન દરમિયાન લાખો લોકોએ સહન કરેલી પીડા, આઘાત, સ્થળાંતર અને બલિદાનનું સ્મરણ થાય તે હેતુથી વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસનો કાર્યક્રમ પણ કરવામાં આવશે. આ પ્રસંગે ભારતના વિભાજનની ઐતિહાસિક ઘટનાઓ અને સંઘર્ષની ગાથાઓને દર્શાવતું વિશેષ પ્રદર્શન તથા નાટીકા પણ યોજવામાં આવશે.

### દશામાંના વ્રત શુભારંભના ગણત્રીના દિવસો પૂર્વે

## ચાણસ્મા નગરના બજાર રેકડીઓમાં દશામાંની મૂર્તિઓ નું વેચાણ શરૂ



અષાઢ વદ - અમાવાસ્યા થી દશામાંના વ્રતની શરૂઆત થવાના આડે ગણત્રીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ચાણસ્માના સરદાર ચોક બસ મથક સાથે પાંજરાપોળ રોડ પર લારી ( રેકડી,) ઓમાં નાના વેપારીઓ દ્વારા દશામાંની મૂર્તિઓ ને વેચાણ અર્થે મૂકવામાં આવી છે નાની મુર્તિ કિ. 250થી લઈ. 1000 / સુધીની કિંમત ની દશામાની મૂર્તિ ઓ નું . વેચાણ થશે જે ગયા વર્ષ કરતાં આ વર્ષે મૂર્તિ બનાવવામાં કાચા માલ ના ભાવવધારાના કારણો. મૂર્તિ દિઠ 5 થી 10% નો ભાવવધારો થયો.

## લુણાવાડા એસટી ડેપોમાં પીવાના પાણી માટે ની પરબ મૃતપાય અવસ્થા માં જોવા મળી રહી છે..

જગદીશ ત્રિવેદી | મહીસાગર




લુણાવાડા એસટી ડેપોમાં મુસાફર જનતા ને તેમજ એસટી ડેપોમાં ફરજ બજાવતા કર્મચારીઓને પીવાના પાણી માટે વલખા મારવા પડે છે તેમ છતાં પણ એસટી ડેપોના સત્તાધીશો આ બાબતે કોઈ નક્કર કાર્યવાહી હાથ ધરતા નથી. લુણાવાડા ડેપોમાં અંદાજે છેલ્લા ચારથી પાંચ દિવસથી પાણીના સપ્લાય માટે વાપરવામાં આવતી મોટર માં કોઈ ખામી સર્જાતા લુણાવાડા એસટી ડેપોમાં દૂર દૂરથી આવતી ગ્રામીણ વિસ્તારની મુસાફર જનતાને પીવાના પાણી માટે વલખા મારવા પડતા હોય એવું જણાઈ રહ્યું છે મુસાફરો પીવાના પાણીની પરબ પર જતા નળ ચાલુ કરે છે ત્યારે પાણી ન આવતા મુસાફર લીલા તોરણે પરબ ઉપર થી પાછો ફરતો જોવા મળે છે જ્યારે બીજી બાજુ લુણાવાડા એસટી ડેપોમાં ફરજ બજાવતા કર્મચારીઓને પણ શૌચાલય કે વોશરૂમમાં જવા માટે પાણીની વિકટ સમસ્યાનો સામનો છેલ્લા ત્રણ ચાર દિવસથી કરવો પડતો સાંભળવા મળી રહ્યો છે.

## જાફરાબાદ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક કચેરી ખાતે સાગરખેડૂઓની સુરક્ષા માટે જાગૃતિ (અવેરનેશ) શિબિર યોજવામાં આવી :દરિયાઈ પ્રવૃતિ અને અન્ય સંદેશાઓ અંગે માહિતી અપાઈ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ




જાફરાબાદ માં હાલ દરિયો ખેડવા માટે સાગરખેડૂ ઓ દ્વારા બોટ ને દરિયા ખેડવા માટે જોરજોરથી તૈયારી કરવા અવી રહી હોય અને ટુંકા દિવસોમાં તહેવારો મળી ને ( ખલાસીઓ) પોતાના ઘર પરિવાર મુકી રત્નાકર સાગર નો ખોળો ખુંદવા માટે દરિયાનાં ઉછળતા મોજાં સામે બાથ ભીડવા આખરી તૈયારી ઓ પૂર્ણ કરવામાં આવી છે. અને દરિયા ના પેટાળમાં રહેલી માછલી ઓ પકડવા માટેની તૈયારીઓ પૂર્ણ થઈ રહી હોય સાગરખેડૂ ની સલામતી અને દરિયાઈ સુરક્ષા માટે ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા સાગરખેડૂ માટે જાગૃતિ કાર્યક્રમ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરીના પ્રાંગણમાં અવેરનેશ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ તા. ૧૦/૦૮/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી જાફરાબાદ ખાતે અવેરનેશ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જેમા ખારવા સમાજ આગેવાન, કોળી સમાજના આગેવાન અને મુસ્લીમના આગેવાન તેમજ બહોળી સંખ્યામા માછીમાર હાજર રહેલ જેમાં પીપાવાવ કોસ્ટ ગાર્ડના અધિકરીઓ, મરીન પોલીસ જાફરાબાદના સ્ટાફ અને મદદનીશ મત્સ્યોધોગ નિયામકની કચેરી જાફરાબાદના સ્ટાફ દ્વારા માછીમારી કરતા સમયે બોટમાં સવાર તમામ (ખલાસીઓ )એ જીવન રક્ષક સાધનો જેવા કે લાઈફ જેકેટ, રીંગબોયા જીવનરક્ષકના સાધનો ઉપલબ્ધ રાખવાના રહેશે.

## રવાપર PHC હેઠળ વિવિધ શાળા-આંગણવાડીમાં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણીના ભાગરૂપે રવાપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) હેઠળ આવતા વિવિધ ગામોની પ્રાથમિક શાળાઓ, હાઈસ્કૂલો તથા આંગણવાડી કેન્દ્રોમાં આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા બાળકોને Albendazole 400 mg કૃમિનાશક ગોળી આપવામાં આવી તેમજ તેના ફાયદા અને કૃમિથી બચવાના ઉપાયો અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.વાલકા મોટા આયુષ્માન આરોગ્ય મંદિર હેઠળની વાલકા મોટા અને વાલકા નાના પ્રાથમિક શાળા, પાનેલી ગામની શાળા-આંગણવાડી તેમજ સ્વ. કે.એસ. હાઈસ્કૂલ રવાપર ખાતે બાળકોને કૃમિનાશક ગોળી આપવામાં આવી હતી. નવાવાસ ગામની શાળા તથા આંગણવાડી અને ઘડાણી આયુષ્માન આરોગ્ય મંદિર હેઠળની શાળા-આંગણવાડીમાં પણ NDD અંતર્ગત કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ ઉપરાંત વાલકા મોટા હેઠળ આવતા કોલસા-ભઠ્ઠી વિસ્તારમાં લાભાર્થી બાળકોને Albendazole ગોળી આપવામાં આવી હતી તથા વાહકજન્ય અને અન્ય રોગોથી બચવાના અટકાયતી પગલાં અંગે સમજ આપવામાં આવી હતી. આરોગ્ય ટીમ દ્વારા ANCની મુલાકાત પણ કરવામાં આવી હતી. આરોગ્યકર્મીઓએ બાળકોને કૃમિ થવાના કારણો અંગે સમજાવતા જણાવ્યું હતું કે ગંદા હાથથી ખાવું, ખુલ્લું ખાણું ખાવું, નખ ચાવવું, અસ્વચ્છ પાણી પીવું અને ઉઘાડા પગે માટીમાં રમવાથી કૃમિ થવાની શક્યતા રહે છે. બાળકોને નિયમિત હાથ ધોવા, નખ ટૂંકા રાખવા, સ્વચ્છ પાણી પીવા અને શૌચાલયનો ઉપયોગ કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આરોગ્ય કર્મી સુલેમાન પિંજારાભાઈએ જણાવ્યું હતું કે, "બાળકોના સારા સ્વાસ્થ્ય અને પોષણ માટે રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ ખૂબ મહત્વપૂર્ણ છે. કૃમિથી બચવા માટે કૃમિનાશક દવા સાથે વ્યક્તિગત સ્વચ્છતા જાળવવી પણ જરૂરી છે. બાળકો નિયમિત હાથ ધોવે, નખ ટૂંકા રાખે, સ્વચ્છ પાણી પીવે અને શૌચાલયનો ઉપયોગ કરે તે માટે વાલીઓ અને શિક્ષકોએ પણ સતત જાગૃતિ લાવવી જોઈએ. રવાપર PHC હેઠળના તમામ સબસેન્ટરોમાં આરોગ્ય ટીમ દ્વારા NDD અંતર્ગત બાળકોને જરૂરી માર્ગદર્શન આપી કૃમિનાશક ગોળી આપવામાં આવી છે."

# શિક્ષણ વ્યવસ્થા ખોખલી અને ખર્ચાળ બની ગઈ છે



શિક્ષણ વ્યવસ્થા

- રુપાલી દવે

થોડા દિવસ પહેલા કોંગ્રેસ ના અધ્યક્ષ રાહુલ ગાંધી પાસે સત્તા પક્ષ એ કોગ્રેસ શાસિત સ્ટેટ માં થયેલ પેપર લીક મુદ્દે જવાબ માંગ્યો ત્યારે એણે ચોંકાવનારું નિવેદન આપતા કહ્યું હતું કે "શિક્ષણ વ્યવસ્થા ખોખલી અને ખર્ચાળ બની ગઈ છે સરકારે તને બદલવા માટે પગલા લેવા પડશે" રાહુલ ગાંધી નું "ગરીબી એ માણસ ની માનસિકતા" ની જેમજ આ નિવેદન પણ સો ટકા એકદમ સાચું છે. આ સમસ્યા માત્ર બીજેપી સ્ટેટ ની નથી ભારત ભરની છે એટલે શિક્ષણ વ્યવસ્થા માં બદલાવ અત્યંત જરૂરી છે. દેશ આઝાદ થયો ત્યાર થી ચાલી આવતી નિરર્થક ભણતર અને પરિક્ષા પદ્ધતિ જૂની થઈ ગઈ છે. અરે!! ભણાવવા માં આવતા પાઠય પુસ્તકો ની અંદર ના કન્ટેન્ટ માં ખાસ ફર્ક નથી.ચીલા ચાલુ એકજ શિક્ષણ પદ્ધતિ અને પરીક્ષા માં આવતા પ્રશ્ન પત્રો ના લીધેજ પેપર લીક જેવી સમસ્યા માં વધારો થયો છે.સ્કૂલ અને કોચિંગ ક્લાસની દોડાદોડી માં બાળકો નું બાળપણ "ગોખણ પટ્ટી" માં ગુમ નામ બની ગયું છે. સ્કૂલ માં ફર્સ્ટ આવતા બાળક ને એના અભ્યાસક્રમ ની બહાર નો પ્રશ્ન પૂછશો તો એ અચૂક ગૂંચવાઈ જશે.

કાલે ગુજરાતી પ્રકાશક મંડળ ના કાર્યક્રમ માં જવાનું થયું ત્યારે અમારા સમય માં આવતા જમના દાસ & સન્સ મોર્ડન મેગેઝિન નો લાભ ૮ થી ૧૨ ધોરણ માં મેળવવા બદલ અમે પ્રકાશક ધવલ ભાઈ જમનાદાસ નો આભાર માન્યો હતો. દરેક સ્ટુડન્ટ ને પરીક્ષાઓની તૈયારીઓ માટે પાઠય પુસ્તક પર આધારિત અન્ય પુસ્તક ની જરૂર પડતી હોય છે. પ્રકાશક મંડળ ના કાર્યક્રમ માં "પાયરસી" મુદ્દે બધાં મહેમાનો એ ખૂબ સરસ વક્તવ્ય આપ્યા હતા.વિદ્વાનો ના વ્યક્તવ્ય પરથી જાણવા મળ્યું કે લોકોની પ્રાદેશિક ભાષા માં વાંચન ની રુચિ માત્ર ૯% જેટલી જ અંગ્રેજી ભાષા ના પુસ્તકો વધારે વંચાય છે.દર વર્ષે અભ્યાસ ક્રમ ને લગતા પુસ્તકો નું પ્રકાશન વધારે થાય છે. પ્રકાશકો ને પાઠય પુસ્તકો ના અભ્યાસ ના સંદર્ભ માં પુસ્તક પ્રકાશક માં નફો અને કમાણી થતી હોય છે.આમ છતાંય પ્રકાશકો માટે પાયરસી નો મુદ્દો ચિંતા જનક હતો તો વિધાર્થી માટે પેપર લીક અને ભરતી ગોટાળા એક પ્રકારે પાયરસી સમજી શકાય.ટેક્નોલોજી ના જમાના માં પાયરસી મુદ્દો એ માત્ર પ્રકાશકોનો જ નથી બધા ક્ષેત્રમાં છે એટલે તો AI નું પદાર્પણ થતા કર્મકાંડીઓ પણ પોતાના ધંધા બંધ થઈ જવાનો ભય વ્યક્ત કરવા લાગ્યા છે.

જે રીતે નિષ્ણાંત ડોક્ટર એ દર્દી ને તપાસ બાદ લખી આપેલ દવાઓ એની હોસ્પિટલ ની નીચેના ફ્લોર પર આવેલ મેડિકલ સ્ટોર માંથી જ મળે છે.આ પ્રકાર નો લેણદેણનો મીઠો સબંધ સ્કૂલ અને પ્રકાશક વચ્ચે પણ હશે જ. ભલે બુક્સ એ સરકારી અભ્યાસક્રમ મુજબ જ સ્કૂલો માં ભણાવવા માં આવે છે પરંતુ ખાનગી સ્કૂલો ના કડક નિયમો મુજબ ડ્રેસ સાથે અમુક અભ્યાસક્રમ ની બહાર ના પુસ્તકો વાલીઓ એ ફરજિયાત ખરીદવા પડતા હોય છે.ફરજિયાત લેવા પડતા પુસ્તકોની કિંમત એ મૂળ અભ્યાસક્રમ ના પુસ્તકો ની કિંમત કરતા ચાર પાંચ ગણા મોંઘા હોય છે. ખરેખર વધારા ના લેવાતા પુસ્તકો વિધાર્થીઓ ને ભણાવવા માં આવે છે કે નહીં ખાનગી સ્કૂલો ને પૂછવાનો અધિકાર વાલીઓનો નથી હોતો,કેમ? ખાનગી શાળાઓની દાદાગીરી માં દર વર્ષે બોર્ડ ની પરીક્ષામાં "સેન્ટર માં ૧ થી ૧૦" નક્કી થતા હોય છે.વાલીઓને પોતાના બાળકોના ભવિષ્યનો વિચાર કરીને ખાનગી સ્કૂલો ના અણઘડ નિયમો પાલન કરવા પડતા હોય છે.

ગુજરાત માં ૨૦૧૪ થી ૨૦૨૬ ના દાયકા દરમિયાન પ્રીમિયમ અને સેન્ટ્રલ બોર્ડ ધરાવતી સ્કૂલો ની સંખ્યા માં વધારો થયો છે. ગુજરાત ના કુલ ૩૮% થી પણ વધારે વિધાર્થીઓ પ્રીમિયમ અને સેન્ટ્રલ બોર્ડ ધરાવતી સ્કૂલો માં અભ્યાસ કરી રહ્યા છે.ગુજરાત માં વર્ષ ૨૦૧૪ માં CBSC સ્કૂલો ની સંખ્યા માત્ર ૨૮૬ હતી જે વર્ષ ૨૦૨૬ માં ૭૫૯ જેટલી થઈ છે. વર્ષ ૨૦૧૪ માં Icse અને Isc સ્કૂલો માત્ર ૩૧ હતી જેની સંખ્યા ૨૦૨૬ માં વધી ને ૪૫ જેટલી થઇ ગઈ છે. મોટાભાગ ના પેરેન્ટ્સ ની ઈચ્છા બાળકો ને સુખ સગવડ સાથે આંતર રાષ્ટ્રીય શિક્ષણ મળે એ માટે ઈન્ટરનેશનલ બોર્ડ મતલબ કેમ્બ્રિજ અને આઈ બી લેવલ નું શિક્ષણની ગુજરાત માં ૨૦૧૪ માં ૧૫ સ્કૂલો હતી જે ૨૦૨૬ માં વધી ને ૩૫ જેટલી થઈ ગઈ છે.આ પ્રકાર ની હાઈ લેવલ ની સ્કૂલોના અભ્યાસક્રમ ના ખર્ચાઓ અધધધ હોય છે. ગુજરાતીઓમાં બાળકો ની ભણતર ની ઘેલછા માં સારા સારા બિઝનેસ મેન થી લઈને રાજનેતાઓ એ "અદ્યતન સગવડો ધરાવતી પ્રીમિયમ અને સેન્ટ્રલ બોર્ડ સ્કૂલો" ને આવક નું સાધન બનાવી દીધું છે. આ કારણોસર અત્યારે સરકારી જમીનો જે ખાનગી સંસ્થા ને વેંચી ન શકાય એ નિયમ ની જાહેર માં એંસી તેસી થવા લાગી છે.

સમસ્યા પ્રીમિયમ કે સેન્ટ્રલ બોર્ડ સ્કૂલો ની વધતી જતી સંખ્યા કે સરકારી સ્કૂલો નું ઘટતી સંખ્યા નથી પણ પરીક્ષા પદ્ધતિ માં વધી રહેલ ધન બળ ની તાકાત ના લીધે આજ નો વિધાર્થી પરેશાન છે. ટોપ શાળાઓની દાદાગીરી એ પરીક્ષા પદ્ધતિ ને ભ્રષ્ટ કરી રહી છે એ મોટામાં મોટી સમસ્યા છે. વિધાર્થીઓને મૂળભૂત પાયા નું શિક્ષણ સંસ્કાર અને શિસ્ત ને બદલે પુસ્તકીયું ગોખણપટ્ટી બનાવી નાખતા એનો અભ્યાસ પુસ્તક પૂરતો સીમિત થઈ ગયો છે.અવાર નવાર ખાસ લોકો ને ખુશ કરવા થતી પેપર લીકની ઘટના માં થઈ રહેલ વધારો એ સરકાર ની ભાઈ ભત્રીજા વાદ નીતિ ને ખુલ્લે આમ સ્વીકૃતિ આપે છે. આજના યુવા વર્ગનું ચિત્ર ભણેલ ગણેલ હોશિયાર વિધાર્થી એ લાખ કોશિશ કરવા છતાંય જોબ લેસ છે જ્યારે ઠોઠ m ઠોઠ પરીક્ષા આપ્યા વગર લાગવગ અને ધન ના જોરે ઉચ્ચ પદ પર રજૂ થઈ શકે. શિક્ષણ માફીયાઓ અને નોકરી ના દલાલો ની વચ્ચેની સાઠગાંઠ માં ચાલતો પેપર લીક નો ધમ ધમતો વેપાર તો જ શકય બને જેમાં સરકાર ની નરમ નજર સામેલ હોય.

પેપર લીક મુદ્દા સામે કેમ સરકાર ખાસ પગલા નથી લેવા માંગતી? હાલ માં પેપર લીક મુદ્દે સરકારે જે કાનૂન બનાવ્યા છે એ પણ પાંગળા અને આંધળા જેવા નિરર્થક છે.આ પરથી લાગે છે કે પેપર લીક નો મુદ્દો એ મોજુદા સરકાર કે વિપક્ષ માટે સેન્સિટિવ નથી.પેપર લીક નો મુદ્દો એ માત્ર ને માત્ર મધ્યમ વર્ગીય સવર્ણો નો છે મોટા ભાગે બાળકોના ઉચ્ચ શિક્ષણ માટે લોન લઈને ભણાવતા મધ્યમ વર્ગીય નું સ્વપ્નું દીકરો કે દીકરી ની કેરિયર ઉજ્વળ બને.અફસોસ!!ભારતની આઝાદી બાદ એકપણ પક્ષે મધ્યમ વર્ગીય સવર્ણો ના પ્રશ્નો ને વાચા આપી નથી.જે મધ્યમ વર્ગીય સવર્ણો દિકરા દીકરી ની કેરિયર બની છે એ પણ ભગવાન ભરોસે જ સફળ થયા છે.સરકારી નોકરી થી લઈને કોલેજો માં એડમિશન બધા માં સવર્ણો ને માટે મુશ્કેલ પથ બનતા હોય છે.ભારત માં ભિખારી ઓની સંખ્યા વધી છે એમાં તો નોકરીઓની પરીક્ષાઓથી લઈને નિટ પેપર લીક જેવી સમસ્યા માં વધારો થયો છે.ભારત ના વડાપ્રધાન પદે મોદીજી પ્રથમ વખત બન્યા ત્યારે એની પ્રથમ સ્પીચ માં ભ્રષ્ટાચાર ને દેશ માંથી નેસ્ત નાબૂદ કરીશ એનું પ્રથમ સ્ટેપ ક્લાસ ૪ ની ભરતી પરીક્ષા વગર ડાયરેક્ટ થશે બોલ્યા હતા.ક્લાસ ૪ ની ભરતી ડાયરેક્ટ તો થઈ પણ આજે ક્લાસ ૪ ની ભરતી માં ભ્રષ્ટાચાર નો ગ્રાફ ઘટવા ને બદલે વધ્યો છે.

પરીક્ષા શબ્દ ની સંધિ પરી+ઈક્ષા=પરીક્ષા એમ થાય છે પરિક્ષા એટલે કૌશલ્ય,યોગ્યતા અને ગુણવતા વગેરે પરખવાની પદ્ધતિ.શિક્ષણ ક્ષેત્ર એ લાખો કરોડો બાળકો ના અમૂલ્ય સમય ની અથાગ મહેનત હોય છે મહેરબાની કરીને એને બિઝનેસ ન બનાવો.




યશ, કિયારા અને તારા સુતરિયા અભિનીત ફિલ્મ 'ટોક્સિક'નું ટ્રેલર ૮ ઓગસ્ટે મુંબઈમાં રીલિઝ થતાં જ વિવાદમાં સપડાયું છે. દર્શકોએ નગ્નતા અને બેફામ હિંસા માટે ફિલ્મની ટીકા કરી છે, જે રણબીર કપૂરની 'એનિમલ'ની નકલ હોવાનો આક્ષેપ છે. કિયારા અડવાણી પણ બોલ્ડ દ્રશ્યો માટે ટીકાનો ભોગ બની છે.

# યશે રણબીરની એનિમલની કોપી કરતા ટ્રોલ થયો

મુંબઈ : યશની અતિ પ્રતીક્ષિત ફિલ્મ 'ટોક્સિક'નું ટ્રેલર ૮ ઓગસ્ટ રીલિઝ થતાં જ ચર્ચાએ ચડયું છે. ફિલ્મમાં રણબીર કપૂરની 'એનિમલ'ની કોપી કરવામાં આવી હોવાની વ્યાપક ટીકાઓ થઈ રહી છે. અનેક દર્શકોએ ન્યુડિટી તથા બેફામ હિંસા માટે ફિલ્મને વખોડી નાખી છે. નેટ યૂઝર્સે જણાવ્યું હતું કે રણબીર કપૂરનો 'એનિમલ'નો ન્યૂડ સીન બહુ ચર્ચાસ્પદ બન્યો હતો. તેની યશે કોપી કરી છે. આ ઉપરાંત ફિલ્મમાં 'એનિમલ' જેવી જ પારાવાર હિંસા છે. યશ ન્યુડિટી તથા હિંસાના સહારે જ બોક્સ ઓફિસ પર સફળ થવા માગે છે. સંખ્યાબંધ લોકોએ કિયારા અડવાણીની પણ આ ભૂમિકા સ્વીકારવા બદલ તથા બેહદ બોલ્ડ દ્રશ્યો આપવા બદલ ટીકા કરી હતી.

'ટોક્સિક'નું નિર્દેશન ગીતૂ મોહનદાસે કર્યું છે જેમણે યશ સાથે મળીને એની વાર્તા પણ લખી છે. વેંકટ કે.નારાયણ નિર્મિત આ ફિલ્મ ૨૬ ઓગસ્ટે કન્નડ ઉપરાંત હિંદી, તમિલ, તેલુગુ, મલયાલમ અને અંગ્રેજીમા રીલિઝ થવાની છે.

## યશ, કિયારા, તારા સુતરિયા અભિનિત ટોક્સિકનું ટ્રેલર રજૂ થતાં જ ચર્ચાસ્પદ બન્યું



'બિગ બોસ' ફેમ એક્ટ્રેસ લોપામુદ્રા રાઉતના મુંબઈના સાંતાક્રુઝ સ્થિત ઘરમાં થયેલી ચોરીના મુખ્ય આરોપીની પોલીસે બિહારથી ધરપકડ કરી છે. 26 વર્ષીય ચંદન કમલેશ મુખિયા પાસેથી રૂ. 76 લાખનો મુદ્દામાલ જપ્ત થયો છે. આરોપી ચોરીના પૈસાથી બહેનના નામે જમીન ખરીદવાનો હતો. CCTVના આધારે પોલીસે તેને ઝડપી પાડ્યો હતો.

# 'બિગ બોસ' ફેમ અભિનેત્રીના ઘરે ચોરી

## આરોપી પકડાયો, 76 લાખનો મુદ્દામાલ કબજે લીધો

(એજન્સી) મુંબઈ | તા.10

'બિગ બોસ' ફેમ એક્ટ્રેસ લોપામુદ્રા રાઉતના મુંબઈના સાંતાક્રુઝ સ્થિત ઘરમાં થયેલી ચોરીના કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. મુંબઈ પોલીસે આ કેસના મુખ્ય આરોપીની બિહારથી ધરપકડ કરી લીધી છે. પકડાયેલા 26 વર્ષીય આરોપીનું નામ ચંદન કમલેશ મુખિયા હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, પોલીસે આરોપી પાસેથી આશરે રૂ. 76 લાખની કિંમતનો ચોરીનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તપાસ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો છે કે આરોપી ચોરી કરેલા પૈસાથી પોતાની બહેનના નામે જમીન ખરીદવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જોકે, ખરીદી કરે તે પહેલા જ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો.

ઉલ્લેખનીય છે કે, લોપામુદ્રા રાઉત 20 જૂનથી 27 જુલાઈ દરમિયાન શહેર બહાર ગઈ હતી, તે સમયે આરોપીએ તેના ફ્લેટને નિશાન બનાવીને કેશ, સોનાના ઘરેણાં અને સોનાના બિસ્કિટની ચોરી કરી હતી. આ હાઈ-પ્રોફાઈલ ચોરીના કેસનો ઉકેલ લાવવા માટે સાંતાક્રુઝ પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાંચે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. ફ્લેટ અને આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરીને પોલીસે આરોપીનું લોકેશન શોધ્યું હતું અને તેને બિહારથી ઝડપી પાડ્યો હતો. હાલ આરોપી પોલીસ કસ્ટડીમાં છે અને બાકીનો મુદ્દામાલ રિકવર કરવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

લોપામુદ્રા રાઉત જાણીતી મોડેલ, એક્ટ્રેસ અને બ્યુટી પેજન્ટ ટાઈટલ હોલ્ડર છે. તેને સાચી ઓળખ સલમાન ખાનના રિયાલિટી શો 'બિગ બોસ'થી મળી હતી. આ સિવાય તે સ્ટંટ આધારિત શો 'ખતરોં કે ખિલાડી' અને કેટલીક વેબ સિરીઝમાં પણ જોવા મળી ચૂકી છે. હાલ તે એક્ટિંગ ક્ષેત્રે બહુ સક્રિય નથી, પરંતુ સોશિયલ મીડિયા દ્વારા પોતાના ચાહકો સાથે જોડાયેલી રહે છે.




# 'મેં આમિર ખાનને ઈગ્નોર નથી કર્યા..'

## દાવાઓ પર ભડકી એક્ટ્રેસ; કહ્યું- નેગેટિવિટી વધારશો તો ફોટો પડાવા ઊભી રહીશ તેવી અપેક્ષા ન રાખતા

(એજન્સી) મુંબઈ | તા.10

પ્રીતિ ઝિન્ટાએ ફિલ્મ 'બટવારા 1947'ના પ્રમોશન દરમિયાન આમિર ખાનને અવગણવાના દાવાઓને નકારી કાઢ્યા. પ્રીતિએ પોસ્ટને 'ક્લિકબેટ કન્ટેન્ટ' ગણાવ્યું અને કહ્યું કે તેણે તે સમયે આમિરને જોયો જ નહોતો.

ખરેખરમાં, એક પેપરાઝી એકાઉન્ટે ફિલ્મના પ્રમોશનલ ઈવેન્ટનો વીડિયો પોસ્ટ કર્યો હતો. વીડિયોમાં પ્રીતિ પોતાની વેનિટી વાનમાંથી બહાર નીકળીને ફોટોગ્રાફર્સને પૂછતી જોવા મળી, 'એક મિનિટ, ગાઈઝ, ક્યાં જવાનું છે?'

ફોટોગ્રાફર્સ દ્વારા દિશા બતાવ્યા પછી પ્રીતિ બીજી તરફ ચાલી ગઈ. આમિર પોતાની વેનિટી વાન પાસે ઊભા હતા, પરંતુ પ્રીતિએ તેમની તરફ ધ્યાન આપ્યું નહીં. ત્યારબાદ એક પેપરાઝી પેજે વીડિયો સાથે કેપ્શન લખ્યું, 'ઓહ નો, પ્રીતિ ઝિન્ટાએ આમિર ખાનને ઈગ્નોર કર્યા?'

વીડિયો પછી સોશિયલ મીડિયા યુઝર્સે બંને કલાકારો વચ્ચે કોઈ વિવાદ કે અસહજ સંબંધને લઈને અટકળો લગાવવાનું શરૂ કર્યું. પ્રીતિએ બાદમાં આ પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા વીડિયો રજૂ કરવાની રીતની ટીકા કરી.

તેમણે લખ્યું, 'આ પ્રકારનું ક્લિકબેટ કન્ટેન્ટ બરાબર નથી. મેં આમિરને જોયા નહોતા, કારણ કે હું અંદર કેટલાક શોટ્સ શૂટ કરવાની ઉતાવળમાં હતી અને પછી 'બંટવારા 1947'ના પ્રમોશન માટે ફ્લાઈટ પકડવાની હતી.'

પ્રીતિએ આગળ લખ્યું, 'આવતી વખતે, જો તમારો ઈરાદો કોઈપણ પ્રકારની નકારાત્મકતાને પ્રોત્સાહન આપવાનો હોય, તો મારી પાસેથી એવી અપેક્ષા ન રાખો કે હું રોકાઈને તસવીરો પડાવીશ. આમિર માટે મારા મનમાં ખૂબ પ્રેમ અને સન્માન છે, તેથી આ પોસ્ટ સારી વાત નથી.'

જણાવી દઈએ કે પ્રીતિ ઝિન્ટા ટૂંક સમયમાં આગામી ફિલ્મ 'બંટવારા 1947'માં જોવા મળશે. ફિલ્મમાં સની દેઓલ, કરણ દેઓલ, શબાના આઝમી, અલી ફઝલ અને અભિમન્યુ સિંહ પણ છે. ફિલ્મના ડિરેક્ટર રાજકુમાર સંતોષી છે અને તેના પ્રોડ્યુસર આમિર ખાન (આમિર ખાન પ્રોડક્શન્સ) તથા અપર્ણા પુરોહિત છે.



## અર્શદ વારસી અને બરુન સોબતીની અસુર-3માં લીડ તરીકે વાપસી...!

મુંબઈ : સાયોકોલોજીકલ થ્રિલર 'અસુર'ની અતિ પ્રતિક્ષીત ત્રીજી સીઝનનું શૂટિંગ સપ્ટેમ્બરમાં શરૂ થવાની સંભાવના છે. ગૌરવ શુક્લા દ્વારા રચિત આ સફળ ફ્રેન્ચાઈસીમાં ફરી એકવાર અર્શદ વારસી અને બરુન સોબતી અનુક્રમે ધનંજય રાજપૂત અને નિખિલ નાયર તરીકે દેખાશે.

અભિનેત્રી શ્વેતા બાસુ પ્રસાદ પણ સીઝન ૩ની કાસ્ટમાં જોડાશે. તેના પાત્રની વિગતો ગુપ્ત રાખવામાં આવી છે, જ્યારે બાકીની કાસ્ટ હજી નક્કી કરાઈ રહી છે. સર્જકોએ પટકથા લેખનનું કાર્ય પૂરુ કરી લીધું છે અને સપ્ટેમ્બરમાં શૂટ શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છે. સીઝન ૩માં કેમેરા પાછળ બહુ મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે.

સીરીઝના રચયિતા અને લેખક ગૌરવ શુક્લા નવી સીઝન સાથે તેમના દિગ્દર્શક તરીકેનું ડેબ્યુ કરવા ઉપરાંત નિર્માતાની ફરજ પણ નિભાવશે. પ્રથમ બે સીઝનના દિગ્દર્શક ઓની સેન હતા.

# દુષ્કર્મનાં આરોપમાં ડાયરેક્ટર શકીલ નૂરાનીની ધરપકડ

## નશીલી દવા આપી, દુષ્કર્મ બાદ ગર્ભનિરોધક ગોળીઓ આપતા હોવાનો એક્ટ્રેસનો આરોપ; 2016નો કેસ

(એજન્સી) મુંબઈ | તા.10



ગોવિંદાની ફિલ્મ જોરુ કા ગુલામનું નિર્દેશન કરી ચૂકેલા 73 વર્ષીય શકીલ નૂરાનીને યૌન ઉત્પીડન અને દુષ્કર્મના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. 33 વર્ષીય અભિનેત્રીએ તેમના પર શોષણ, બ્લેકમેલિંગ સહિત અનેક ગંભીર આરોપો લગાવતા ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર, આ મામલો 2016નો છે. મુંબઈ પોલીસને મળેલી ફરિયાદ અનુસાર, અભિનેત્રીની શકીલ નૂરાની સાથે પહેલી મુલાકાત 2016માં લોખંડવાલામાં એક એવોર્ડ ફંક્શન દરમિયાન થઈ હતી. તેમણે તેમની સાથે આવનારા એક પ્રોજેક્ટ વિશે વાત કરી અને કામ માટે સંપર્ક કરવા જણાવ્યું હતું.

ફરિયાદ મુજબ, બાદમાં અભિનેત્રી સ્ક્રિપ્ટ વાંચવા માટે શકીલ નૂરાનીના માલવાણી સ્થિત ઘરે ગઈ હતી. ત્યાં નૂરાનીએ તેમને સોફ્ટ ડ્રિંક પીવા આપ્યું, જેના પછી તે બેભાન થઈ ગઈ.

અભિનેત્રીએ FIRમાં આરોપ લગાવ્યો કે ભાનમાં આવ્યા પછી શકીલ નૂરાનીએ તેમને પોતાના મોબાઈલ પર અભિનેત્રીનો વીડિયો બતાવ્યો. તેમણે ધમકી આપી કે પોલીસનો સંપર્ક કરવા કે પરિવારને જાણ કરવા પર તે વીડિયો વાયરલ કરી દેશે.

અભિનેત્રીનો આરોપ છે કે નૂરાનીએ આ જ કથિત વીડિયો દ્વારા તેમને ધમકાવ્યા અને ઘણીવાર તેમનું યૌન શોષણ કર્યું. તેમણે એમ પણ કહ્યું કે યૌન સંબંધો પછી નૂરાની તેમને વારંવાર ગર્ભનિરોધક ગોળીઓ આપતા હતા. FIR નોંધાયા પછી પોલીસે તપાસ શરૂ કરી. તપાસમાં જાણવા મળ્યું કે નૂરાની સાતારા જિલ્લાના મેધા વિસ્તારમાં આવેલા એક ફાર્મહાઉસમાં રહી રહ્યા છે. માલવાણી પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે FIR નોંધાયા પછી નૂરાની 40 દિવસ સુધી છુપાયેલા રહ્યા. પોલીસ ટીમે અંધેરીના લોખંડવાલા સ્થિત તેમના પુત્રના ઘરની પણ તલાશી લીધી, પરંતુ તેમનો કોઈ પુરાવો મળ્યો નહીં.

અધિકારીએ કહ્યું, "ટેકનિકલ મદદથી અમે તેમને સાતારા જિલ્લાના મેધા સ્થિત એક ફાર્મહાઉસમાં શોધી કાઢ્યા. મેધા પોલીસ સ્ટેશનના અમારા સાથીઓએ તેમને કસ્ટડીમાં લીધા. ત્યારબાદ અમારી ટીમે તેમને પોતાના કબજામાં લઈ લીધા."

### 12 ઓગસ્ટ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલાયા

પોલીસે શકીલ નૂરાનીને શનિવારે બોરીવલી હોલિડે કોર્ટમાં રજૂ કર્યા. કોર્ટે તેમને 12 ઓગસ્ટ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા છે. નૂરાનીને માલવાણી પોલીસે દુષ્કર્મ અને યૌન શોષણના કેસમાં ધરપકડ કરી છે.

તેમની વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે, જ્યારે ફરિયાદકર્તાના મતે ઘટના 2016ની છે અને કેસ હવે નોંધાયો છે. ડીસીપી (ઝોન 2) સંદીપ ધુગેએ કહ્યું કે ફરિયાદ નોંધાયા બાદથી પોલીસ ટીમ માહિતી એકઠી કરી રહી છે.



# પેપરાઝી પર ભડકી નતાશા સ્ટેનકોવિક...

## સતત તસવીરો લેવાથી અનકમ્ફટેબલ થઈ, મિત્ર એલેક્ઝાન્ડરે ભીડમાંથી બચાવી

(એજન્સી) મુંબઈ | તા.10

ભારતીય ક્રિકેટર હાર્દિક પંડ્યાની ભૂતપૂર્વ પત્ની નતાશા સ્ટેનકોવિક પેપરાઝી પર ભડકી ઉઠી. આ ઘટના શનિવારે રાત્રે બની, જ્યારે નતાશાને મુંબઈના જુહુ વિસ્તારમાં સ્પોટ કરવામાં આવી હતી.

નતાશા તેના નજીકના મિત્ર અને મોડેલ એલેક્ઝાન્ડર એલેક્સ ઈલિક સાથે જોવા મળી. પેપરાઝીએ તેમને કેમેરામાં કેદ કરવા માટે ઘેરી લીધા અને સતત તસવીરો લેવા લાગ્યા. આ દરમિયાન નતાશા અનકમ્ફટેબલ દેખાઈ. તે પેપરાઝી દ્વારા સતત તસવીરો લેવાથી અને પ્રાઈવસીમાં દખલ દેવાથી નારાજ દેખાઈ.

જણાવી દઈએ કે હાર્દિકે મે 2020માં નતાશા સ્ટેનકોવિક સાથે લગ્ન કર્યા હતા. એ જ વર્ષે નતાશાએ 30 જુલાઈ 2020ના રોજ પુત્ર અગસ્ત્યને જન્મ આપ્યો હતો. વર્ષ 2024માં બંને અલગ થઈ ગયા. હાર્દિક આ દિવસોમાં માહિકા શર્માને ડેટ કરી રહ્યો છે.

બીજી તરફ, હાર્દિક પંડ્યાએ ફેબ્રુઆરી મહિનામાં પુત્ર અગસ્ત્ય પંડ્યાને એક લક્ઝરી કાર ગિફ્ટ કરી હતી. કાર ડિલિવરીના ફોટો-વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા હતા. હાર્દિકે પુત્રને લેન્ડ રોવર ડિફેન્ડર ગિફ્ટ કરી હતી, જેની કિંમત લગભગ 4 કરોડ રૂપિયા જણાવવામાં આવી હતી. ખરેખર, લેન્ડ રોવર મુંબઈના ઈન્સ્ટાગ્રામ પેજ પર તસવીરો અને વીડિયો શેર કરતા કેપ્શનમાં લખવામાં આવ્યું હતું, 'હાર્દિક પંડ્યાએ ફરી એકવાર પોતાની ડિફેન્ડર ખરીદવા માટે નવનીત મોટર્સને પસંદ કરી. વિશ્વાસ પર બનેલો સંબંધ. ઉત્કૃષ્ટતા પર આધારિત નિર્ણય. મુંબઈમાં ડિલિવર, લેન્ડ રોવર ડિફેન્ડર. અગસ્ત્ય પંડ્યા અને સ્ટેનકોવિકને પ્રસ્તુત. દમદાર પર્ફોર્મન્સ માટે તૈયાર. આગળ વધીને નેતૃત્વ કરનારાઓ માટે બનાવવામાં આવી છે.'

જણાવી દઈએ કે હાર્દિકે ડિસેમ્બર 2025માં સોશિયલ મીડિયા પર તેની ગર્લફ્રેન્ડ માહિકા શર્માની તસવીરોને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. ખરેખરમાં, કેટલાક પેપરાઝીએ માહિકાની તસવીરો ખોટા એંગલથી ક્લિક કરી હતી, જ્યારે તે મુંબઈના બાંદ્રા વિસ્તારમાં એક રેસ્ટોરન્ટની સીડીઓ પરથી નીચે ઉતરી રહી હતી.

હાર્દિકે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક લાંબી નોટ લખીને કહ્યું હતું કે, 'હું સમજું છું કે પબ્લિક ફિગર હોવાનો અર્થ એ છે કે લોકોનું ધ્યાન મારા પર રહેશે અને મારી હરકતો પર નજર રાખવામાં આવશે. આ મારા કામ અને મારા જીવનનો એક ભાગ છે, પરંતુ આજે જે થયું તે બિલકુલ ખોટું હતું. માહિકા સીડીઓ પરથી નીચે ઉતરી રહી હતી, ત્યારે કેટલાક ફોટોગ્રાફરોએ ખોટા એંગલથી તેનો ફોટો પાડ્યો. કોઈપણ મહિલાની તસવીર આ રીતે ન લેવી જોઈએ. આ એક પ્રાઈવેટ મોમેન્ટ હતી, જેને સસ્તી પબ્લિસિટી બનાવી દેવામાં આવી.'

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# દિલ્હી પ્રીમિયર લીગમાં બે સ્ટાર ક્રિકેટર વચ્ચે મેદાનમાં બબાલ

### ● યશ ધુલ અને પ્રિયાંશ વચ્ચે ઉગ્ર બોલાચાલી



(એજન્સી) નવી દિલ્હી | તા. 10

દિલ્હી પ્રીમિયર લીગની વર્તમાન સિઝનમાં રમાયેલી એક રોમાંચક મેચ પૂરી થયા બાદ મેદાન પર અણધારી ઘટના બની હતી, જ્યાં ભારતના જાણીતા સ્ટાર ક્રિકેટરો યશ ધુલ અને પ્રિયાંશ આર્યા વચ્ચે ઉગ્ર બોલાચાલી અને મોટી બબાલ થઈ હતી. અંડર-૧૯ વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન યશ ધુલ અને વિસ્ફોટક બેટ્સમેન પ્રિયાંશ આર્યા વચ્ચે થયેલા આ વિવાદનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેને લઈને ક્રિકેટ જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે.

દિલ્હી પ્રીમિયર લીગમાં યશ ધુલ સેન્ટ્રલ દિલ્હી કિંગ્સની ટીમનું નેતૃત્વ કરી રહ્યો છે, જ્યારે પ્રિયાંશ આર્યા આઉટર દિલ્હી વોરિયર્સ તરફથી રમી રહ્યો છે. આ બંને પ્રતિસ્પર્ધી ટીમો વચ્ચે રમાયેલી મેચ અત્યંત રોમાંચક રહી હતી, પરંતુ મેચ પૂર્ણ થયા બાદ બંને ખેલાડીઓ વચ્ચે કોઈ વાતને લઈને ગરમાગરમી થઈ ગઈ હતી. વાયરલ થઈ રહેલા વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે મામલો કેટલો ગંભીર બની ગયો હતો અને બંને ટીમના અન્ય ખેલાડીઓ તથા સપોર્ટ સ્ટાફે તાત્કાલિક વચ્ચે પડીને બંનેને શાંત પાડવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

મેચની વાત કરવામાં આવે તો, આઉટર દિલ્હી વોરિયર્સની ટીમ પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ઓવરોમાં નવ વિકેટ ગુમાવીને ૨૧૬ રનનો મોટો સ્કોર બનાવ્યો હતો, જેમાં યજસ શર્માએ સૌથી વધુ ષડતાલીસ રનની ઈનિંગ રમી હતી. આ વિશાળ લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી યશ ધુલની સેન્ટ્રલ દિલ્હી કિંગ્સની ટીમ સખત સંઘર્ષ છતાં સત્તર ઓવર અને બે બોલમાં ૧૯૧ રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. કેપ્ટન યશ ધુલે ૨૩ બોલમાં ૪૭ રન બનાવ્યા હતા, જ્યારે જસવીર સેહરાવતે ૩૩ બોલમાં ૬૨ રનની શાનદાર ઈનિંગ રમી હતી છતાં ટીમ જીત મેળવી શકી નહોતી.

# ઓડિશાએ જુનિયર પુરૂષ હોકી ચેમ્પિયનશિપ જીતી લીધી




(એજન્સી) કોઈમ્બતુર | તા. 10

તમિલનાડુના કોઈમ્બતુર ખાતે રમાયેલી સોળમી હોકી ઈન્ડિયા જુનિયર પુરૂષ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપના ડિવિઝન-એની રોમાંચક ફાઈનલ મેચમાં ઓડિશાની હોકી ટીમે શાનદાર વિજય મેળવ્યો છે. મીડિયા અહેવાલ અનુસાર, ઓડિશાએ રોમાંચક મુકાબલામાં હોકી મધ્ય પ્રદેશને બે-એકથી હરાવીને ટાઈટલ પોતાના નામે કર્યું છે અને ચેમ્પિયન બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

આ નિર્ણાયક મુકાબલાની શરૂઆતથી જ બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. મેચની શરૂઆતના બીજા જ મિનિટમાં ઓડિશાના ખેલાડી મનદીપ કેરકેટાએ શાનદાર ગોલ કરીને ટીમને પ્રારંભિક લીડ અપાવી હતી અને મધ્ય પ્રદેશ પર દબાણ વધારી દીધું હતું. ત્યારબાદ મધ્ય પ્રદેશની ટીમે જોરદાર પુનરાગમન કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ઓડિશાની મજબૂત રક્ષણાત્મક દીવાલે વિરોધીઓના તમામ હુમલાઓને નિષ્ફળ બનાવ્યા હતા.

મેચના સૂર્યાસ્ત તરફ આગળ વધતા સીએસ મિનિટમાં મધ્ય પ્રદેશના સોહિલ અલીએ ગોલ કરીને સ્કોર સરખો કરી દીધો હતો, જેનાથી મુકાબલો વધુ રોમાંચક બન્યો હતો. જોકે, ઓડિશાની ટીમે ઉત્સાહ ગુમાવ્યા વગર વળતો પ્રહાર કર્યો અને કેપ્ટન દીપક પ્રધાને 45મી મિનિટમાં શાનદાર ગોલ કરીને ટીમને ફરીથી આગળ કરી દીધી હતી. અંતિમ ક્ષણો સુધી મધ્ય પ્રદેશે સ્કોર સરખો કરવાના પ્રયાસો ચાલુ રાખ્યા, પરંતુ ઓડિશાએ પોતાની લીડ જાળવી રાખીને વિજય મેળવ્યો. આ ઉપરાંત, ત્રીજા સ્થાન માટે રમાયેલી અન્ય એક મેચમાં પંજાબે ઝારખંડને છ-ત્રણથી હરાવીને બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો. આ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપના સફળ આયોજન અને ઓડિશાના વિજયથી દેશના યુવા ખેલાડીઓમાં હોકી પ્રત્યેનો ઉત્સાહ વધુ વધ્યો છે. સ્થાનિક સ્તરે રમાતી આવી સ્પર્ધાઓથી ભવિષ્યના રાષ્ટ્રીય ખેલાડીઓ તૈયાર થવાની તકો ઊભી થાય છે.

# ટીમ ઈન્ડિયાના હેડ કોચ કેમ ન બન્યા VVS લક્ષ્મણ, બોર્ડે આઝાદી આપી છતાં પદ ન સ્વીકાર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા. 10

ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય પ્રશિક્ષક એટલે કે હેડ કોચના પદ માટે પૂર્વ દિગ્ગજ બેટ્સમેન વીવીએસ લક્ષ્મણનું નામ ખૂબ ચર્ચામાં રહ્યું હતું, પરંતુ તેમણે આ મોટી જવાબદારી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. આ અંગે અનેક પ્રકારની અટકળો વહેતી થઈ હતી, પરંતુ હવે ખુદ લક્ષ્મણે સામે આવીને સ્પષ્ટતા કરી છે કે તેમણે શા માટે ટીમ ઈન્ડિયાના હેડ કોચ બનવાની ઓફર સ્વીકારી નહોતી અને તેઓ શા માટે પોતાના વર્તમાન પદ પર જ કામ કરવાનું પસંદ કરી રહ્યા છે.



વીવીએસ લક્ષ્મણે ખુલાસો કરતા જણાવ્યું હતું કે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા તેમને પોતાની વિચારસરણી અને યોજનાઓ મુજબ કામ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી હતી.

પૂર્વ સચિવ તેમજ વર્તમાન સચિવ દ્વારા તેમને હંમેશાં સમર્થન મળ્યું છે. આ જ કારણોસર તેમણે મુખ્ય પ્રશિક્ષક બનવાને બદલે બોર્ડના સેન્ટર ઓફ એક્સીલન્સ એટલે કે સીઓઈ સાથે જોડાઈને કામ કરવાનું ચાલુ રાખવાનો નિર્ણય લીધો હતો અને આ પદ પર વધુ બે વર્ષ કામ કરવા માટે સહમતિ દર્શાવી હતી.

લક્ષ્મણે જણાવ્યું કે વર્ષ 2024માં પણ તેમની પાસે હેડ કોચ બનવા માટે પ્રસ્તાવ આવ્યો હતો, પરંતુ તેમણે ત્યારે પણ આ જવાબદારી સ્વીકારવાની ના પાડી દીધી હતી. તેમણે બોર્ડના અધિકારીઓ સાથે પોતાની યોજનાઓ અંગે અગાઉથી જ ચર્ચા કરી લીધી હતી. સેન્ટર ઓફ એક્સીલન્સમાં વિવિધ વિભાગો માટે જરૂરી નિયમો અને કામ કરવાની પ્રક્રિયા એટલે કે એસઓપી પણ તૈયાર કરી દેવામાં આવી છે, જેનાથી ત્યાં એક મજબૂત વ્યવસ્થા ઊભી થઈ શકી છે.

ઉલ્લેખનીય છે કે વીવીએસ લક્ષ્મણ અગાઉ પણ ઘણી વખત ભારતીય ટીમ સાથે વચગાળાના મુખ્ય પ્રશિક્ષક તરીકે સેવા આપી ચૂક્યા છે. જ્યારે મુખ્ય પ્રશિક્ષક ઉપલબ્ધ નહોતા ત્યારે બોર્ડે તેમની ઉપર ભરોસો મૂકીને ટીમની જવાબદારી સોંપી હતી. તાજેતરમાં જ ઝિમ્બાબ્વે સામે રમાયેલી ટી-ટ્વીટી શ્રેણીમાં પણ તેમણે ભારતીય યુવા ટીમ સાથે હેડ કોચની ભૂમિકા સફળતાપૂર્વક ભજવી હતી, જેને કારણે તેમના કોચિંગ કૌશલ્યના વખાણ પણ થયા હતા. બીજી બાજુ, ભારતીય ટીમ હવે શ્રીલંકા સામે બે ટેસ્ટ મેચની મહત્વપૂર્ણ શ્રેણી રમવા માટે તૈયારી કરી રહી છે. આ શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ આગામી પંદરમી ઓગસ્ટથી ગોલ ખાતે રમાવાની છે. વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલની રેસમાં પોતાનું સ્થાન જાળવી રાખવા માટે આ શ્રેણી ભારતીય ટીમ માટે અત્યંત નિર્ણાયક સાબિત થશે, જ્યાં ખેલાડીઓ શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે મેદાનમાં શે.

# ટોબી આલ્બર્ટે તોફાની બેટિંગથી છગ્ગાની રમઝટ બોલાવી

(એજન્સી) હોવ | તા. 10

ઈંગ્લેન્ડના સ્થાનિક ક્રિકેટના મહાકુંભ ગણાતા અને અત્યંત લોકપ્રિય એવા લિસ્ટ-એ વનડે કપમાં હેમ્પશાયરના યુવા અને આક્રમક બેટ્સમેન ટોબી આલ્બર્ટે પોતાની વિસ્ફોટક રમતોત્સાહથી સમગ્ર રમત જગતમાં ભારે સનસનાટી મચાવી દીધી છે. સસેક્સ સામે હોવના શાંત દરિયાકિનારે આવેલા ઐતિહાસિક સ્ટેડિયમમાં રમાયેલી અત્યંત રોમાંચક અને હાઈ-સ્કોરિંગ મેચમાં આલ્બર્ટે સળંગ છ બોલ પર છ ભવ્ય અને વિકરાળ છગ્ગા ફટકારીને એક અવિશ્વસનીય તેમજ યાદગાર સિદ્ધિ પોતાના નામે નોંધાવી છે. માત્ર સાડત્રીસ બોલમાં આઠ છગ્ગા અને પાંચ ચોગ્ગાની મદદથી છાસી રનની તોફાની ઈનિંગ્સ રમીને તેણે પોતાની ટીમને ૩૮૩ રનનો વિશાળ સ્કોર બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું અને સસેક્સને પચાસથી વધુ રનથી હરાવીને એક શાનદાર વિજય અપાવવામાં અગ્રણી ભૂમિકા ભજવી હતી.



સસેક્સ સામેની આ મેચ દરમિયાન ટોબી આલ્બર્ટે કરેલું આક્રમણ ક્રિકેટના ઈતિહાસમાં લાંબા સમય સુધી વાચકો અને ચાહકો દ્વારા યાદ રાખવામાં આવશે. સામાન્ય રીતે ક્રિકેટમાં એક જ ઓવરના છ બોલમાં છ છગ્ગા વાગતા જોવા મળતા હોય છે, પરંતુ આલ્બર્ટે બે અલગ-અલગ ઓવરના સળંગ છ કાયદેસરના બોલ પર આ અદભુત કારનામો કરી બતાવ્યો હતો. તેણે સૌપ્રથમ સસેક્સના ઝડપી બોલર નેન્ટેસ ઓસ્ટહુઈઝનની ઓવરના અંતિમ બે બોલ પર ક્રીઝનો સુંદર ઉપયોગ કરીને લોંગ-ઓન અને ડીપ મિડવિકેટ તરફ બે ભવ્ય છગ્ગા ફટકાર્યા હતા. ત્યારબાદના આગામી ઓવરમાં બીજા બોલર ઓલી કર્ટલી સામે પ્રથમ ચાર બોલ પર સતત ચાર ગગનચુંબી છગ્ગા મારીને સ્ટેડિયમમાં ઉપસ્થિત તમામ પ્રક્ષકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. આ રીતે છ બોલ પર સતત છ છગ્ગા ફટકારીને તેણે ક્રિકેટના રેકોર્ડ બુકમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કરી દીધું હતું. જ્યારે ટોબી આલ્બર્ટ મેદાન પર બેટિંગ કરવા માટે ઉતર્યો ત્યારે ટીમ પહેલાથી જ ખૂબ જ મજબૂત પરિસ્થિતિમાં સ્થિર થઈ ચૂકી હતી. તેણે મેદાન પર આવતાની સાથે જ પ્રતિસ્પર્ધી બોલરો પર આક્રમક પ્રહારો કરવાનું શરૂ કરી દીધું હતું. તેણે પોતાની સાડત્રીસ બોલની આક્રમક ઈનિંગ્સ દરમિયાન પાંચ ચોગ્ગા અને આઠ વિરાટ છગ્ગા ફટકારીને વિરોધી ટીમના બોલિંગ આક્રમણને સંપૂર્ણપણે છિન્નભિન્ન કરી નાખ્યું હતું.

# વડાપ્રધાન મોદીએ બોક્સર લવલીનાના દેશપ્રેમને બિરદાવ્યો



(એજન્સી) નવી દિલ્હી | તા. 10

ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં દેશ માટે શાનદાર પ્રદર્શન કરીને સિલ્વર મેડલ જીતનારી ભારતીય મહિલા બોક્સર લવલીના બોરગોહેનના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુક્તકંઠે પ્રશંસા કરી છે. કોમનવેલ્થ ગેમ્સ પૂર્ણ થયા બાદ વતને પરત ફરેલા વિજેતા ખેલાડીઓ સાથેની ખાસ મુલાકાત દરમિયાન વડાપ્રધાને એક રસપ્રદ ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં લવલીનાએ વિદેશી ધરતી પર ભારતનો ખોટો નકશો જોઈને મજબૂત વિરોધ નોંધાવ્યો હતો અને દેશપ્રેમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

મહિલાઓના પંચર કિગ્રા વજન વર્ગમાં મેડલ જીત્યા બાદ ભારતીય બોક્સિંગ ટીમ ગ્લાસગોના એક જાણીતા રેસ્ટોરન્ટમાં જીતની ઉજવણી કરવા માટે પહોંચી હતી. ખેલાડીઓ સાથેની વાતચીત દરમિયાન વડાપ્રધાને હળવાશના અંદાજમાં લવલીનાને પ્રશ્ન કર્યો હતો કે તમે રેસ્ટોરન્ટવાળા સાથે કેમ ઝઘડો કરી રહ્યા હતા? આ સવાલ સાંભળીને લવલીના હસી પડી હતી અને સમગ્ર ઘટનાની વિગતો આપી હતી. લવલીનાએ જણાવ્યું કે જીતના જશ્ન વચ્ચે પણ રેસ્ટોરન્ટમાં ભારતનો ક્ષતિગ્રસ્ત અને અધૂરો નકશો જોઈને તેમને ખૂબ જ દુઃખ થયું હતું, તેથી તેમણે શાલીનતાપૂર્વક મેનેજમેન્ટ સમક્ષ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી.

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડીઓએ કુલ દસ મેડલ જીતીને દેશનું નામ રોશન કર્યું હતું, પરંતુ ડિનર દરમિયાન આસામની દીકરી લવલીનાની નજર રેસ્ટોરન્ટના નેપકિન અને લોગો પર પડી હતી. આશ્ચર્યની વાત એ હતી કે તે નકશામાં ભારતના મહત્વપૂર્ણ એવા ઉત્તર-પૂર્વના રાજ્યોનો ભાગ ગાયબ હતો. લવલીનાએ કોઈપણ પ્રકારની ઉશ્કેરાટ વગર ખૂબ જ સભ્યતાથી રેસ્ટોરન્ટના મેનેજમેન્ટને સમજાવ્યું હતું કે ઉત્તર-પૂર્વના રહેવાસી હોવાના નાતે અમને આ બાબતથી ભારે ઠેસ પહોંચી છે, અને ભવિષ્યમાં આ ભૂલ ન સુધારે તો તેનું ધ્યાન રાખવું જોઈએ.

### દેશવાસીઓ હંમેશાં યાદ રાખશે લવલીનાનું આ પગલું

વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે લવલીનાનું આ પગલું માત્ર સામાન્ય ઘટના નહોતી, પરંતુ તે રાષ્ટ્રપ્રત્યેની તેમની સાચી નિષ્ઠા અને જાગરૂકતા દર્શાવે છે. જીતના આનંદ વચ્ચે પણ દેશના સન્માન અને નકશાની અખંડિતતાને પ્રાથમિકતા આપવાની આ ભાવનાને દેશવાસીઓ લાંબા સમય સુધી યાદ રાખશે. આ ઘટના સોશિયલ મીડિયા પર પણ ખૂબ વાયરલ થઈ હતી અને સમગ્ર દેશમાં લવલીનાના આ સાહસિક તથા દેશભક્તિપૂર્ણ પગલાની વ્યાપક પ્રશંસા કરવામાં આવી રહી છે.

# ગેરી કર્સ્ટન હવે શ્રીલંકાના કોચ તરીકે ભારત સામે રણનીતિ ઘડશે

(એજન્સી) કોલંબો | તા. 10

ભારત અને શ્રીલંકા વચ્ચે આગામી પંદરમી ઓગસ્ટથી શરૂ થનારી બે મેચોની અત્યંત મહત્વપૂર્ણ ટેસ્ટ શ્રેણી પહેલા ક્રિકેટ જગતમાં એક મોટો અને રસપ્રદ સંજોગ સામે આવ્યો છે. ભારતને વર્ષ ૨૦૧૧માં સતાવીસ વર્ષની લાંબી રાહ જોયા બાદ વન-ડે વર્લ્ડ કપનો ચેમ્પિયન બનાવનાર ભારતીય ટીમના પૂર્વ મુખ્ય પ્રશિક્ષક ગેરી કર્સ્ટન હવે વિરોધી પાસામાં ઊભા રહીને ટીમ ઈન્ડિયાને હરાવવાની વ્યુહરચના ઘડતા જોવા મળી રહ્યા છે. કોલંબોના એનસીસી ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ત્રણ દિવસીય વોર્મ-અપ પ્રેક્ટિસ મેચના અંતિમ દિવસે ગેરી કર્સ્ટન ગુપચુપ રીતે મેદાન પર પહોંચ્યા હતા અને ખૂબ જ શાંતિથી બાઉન્ડ્રી લાઈન પાસેથી ભારતીય ખેલાડીઓની રમત તથા તેમની પ્રવૃત્તિઓનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. હાલમાં તેઓ શ્રીલંકા રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના હેડ કોચ તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે.

શ્રીલંકા ક્રિકેટ ઈલેવન અને ભારતીય ટીમ વચ્ચે રમાયેલી આ વોર્મ-અપ પ્રેક્ટિસ મેચ દરમિયાન શરૂઆતમાં સ્ટેડિયમમાં ઉપસ્થિત મોટાભાગના લોકોનું ધ્યાન દક્ષિણ આફ્રિકાના આ દિગ્ગજ કોચ તરફ ગયું નહોતું. પરંતુ બાદમાં મીડિયા અને ઉપસ્થિત પ્રશંસકોએ તેમને ઓળખી લીધા હતા. ગેરી કર્સ્ટન ખૂબ જ સાદગીથી બાઉન્ડ્રી લાઈન પાસે ટહેલતા નજરે પડ્યા હતા અને તેઓ સતત સ્કોરબોર્ડ તથા મેદાન પર પ્રદર્શન કરી રહેલા ખેલાડીઓની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી રહ્યા હતા. આ દરમિયાન કેટલાક ક્રિકેટ પ્રેમીઓએ તેમની સાથે તસવીરો પણ ખેંચાવી હતી, જેને તેમણે સ્વીકારીને ચાહકોને નિરાશ થવા દીધા નહોતા. મેદાનનું નિરીક્ષણ કર્યા બાદ તેઓ એનસીસીના મુખ્ય પેવેલિયનમાં આવેલા કેફેમાં પણ ગયા હતા.

આ પ્રેક્ટિસ મેચ દરમિયાન ગેરી કર્સ્ટનની મુલાકાત ભારતીય ટીમના કેટલાક ખેલાડીઓ સાથે પણ થઈ હતી. જ્યારે ભારતીય



ફાસ્ટ બોલર ગુરનૂર બરાર હાઈડ્રેશન બ્રેક લઈ રહ્યો હતો ત્યારે ગેરીએ તેની સાથે થોડીવાર હળવાશથી વાતચીત કરી હતી. આ ઉપરાંત, ડાબોડી સ્પિનર માનવ સુથાર અને ભારતીય ટીમના થ્રોડાઉન સ્પેશિયાલિસ્ટ રઘુ સાથે પણ તેમણે શુભેચ્છા મુલાકાત લીધી હતી. નોંધનીય છે કે ગુરનૂર બરાર અને માનવ સુથાર અગાઉ આઈપીએલ ફ્રેન્ચાઈઝી ગુજરાત ટાઈટન્સ સાથે જોડાયેલા હતા, જ્યાં ગેરી કર્સ્ટન વર્ષ ૨૦૨૨થી ૨૦૨૪ દરમિયાન બેટિંગ કોચ અને મેન્ટરની ભૂમિકા ભજવતા હતા. આ બંને યુવા ખેલાડીઓ તે સમયે નેટ બોલર તરીકે ગેરીના માર્ગદર્શન હેઠળ જ રહ્યા હોવાથી તેમની વચ્ચે જૂનો પરિચય તાજો થયો હતો. ગેરી કર્સ્ટનની ગણના ભારતીય ક્રિકેટ ઈતિહાસના સૌથી સફળ, શાંત અને લોકપ્રિય કોચમાં થાય છે. મહેન્દ્ર સિંહ ધોનીની કપ્તાની હેઠળ ભારતે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં શ્રીલંકાને જ હરાવીને ૨૦૧૧માં ઈતિહાસ રચ્યો હતો ત્યારે ડ્રેસિંગ રૂમની અંદર માર્ગદર્શન આપનાર મુખ્ય ચહેરો ગેરી કર્સ્ટન જ હતા. એક સમય એવો હતો કે જ્યારે તેઓ ભારતીય ખેલાડીઓની ટેકનિકલ ખામીઓ સુધારીને તેમને વિજય અપાવતા હતા, પરંતુ સમયનું ચક્ર એવું ફર્યું છે કે હવે તે જ ભારતીય ટીમને હરાવવાની અને તેમની નબળાઈઓ શોધી કાઢવાની જવાબદારી તેમના ખભા પર આવી ગઈ છે.

# શ્રીલંકા સામેની ટેસ્ટ માટે સરફરાઝની ટીમમાં એન્ટ્રી

### ગેલ ટેસ્ટ પહેલા સરફરાઝ ખાન ભારતીય ટીમમાં જોડાયા

(એજન્સી) ગાલે | તા. 10

શ્રીલંકા સામે આગામી પંદરમી ઓગસ્ટથી ગાલે ખાતે શરૂ થનારી પ્રથમ ટેસ્ટ મેચ પહેલા ભારતીય ક્રિકેટ ટીમમાં એક મોટો ફેરફાર કરવામાં આવ્યો છે, જેમાં સ્ટાર બેટ્સમેન સરફરાઝ ખાનની ભારતીય ટીમમાં સત્તાવાર એન્ટ્રી થઈ ચૂકી છે. મીડિયા અહેવાલ મુજબ, ભારતનો મહત્વનો ખેલાડી સાઈ સુદર્શન ઈજાના કારણે આ સમગ્ર ટેસ્ટ શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે, જેના સ્થાને પસંદગીકારોએ પ્રભાવશાળી ફોર્મમાં ચાલી રહેલા સરફરાઝ ખાનને ટીમમાં રિપ્લેસમેન્ટ તરીકે સામેલ કર્યો છે.

ભારતીય ટીમની આ આગામી મહત્વપૂર્ણ શ્રેણી માટે સુકાની શુભમન ગિલના નેતૃત્વમાં તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. તાજેતરમાં જ સરફરાઝ ખાને પોતાની સોશિયલ મીડિયા પર ભારતીય જર્સી પહેરેલી એક સેલ્ફી શેર કરી હતી, જેમાં તેની નવી અને એકદમ ફિટ બોડી સ્પષ્ટપણે જોવા મળી રહી છે. છેલ્લા કેટલાક મહિનાઓથી ફિટનેસ પર સખત મહેનત કરીને તેણે પોતાનું વજન ઘટાડ્યું છે અને શાનદાર કમબેક કર્યું છે. અગાઉ નવેમ્બર 2024માં ન્યુઝીલેન્ડ સામે રમાયેલી શ્રેણીમાં તેણે ભારત માટે છેલ્લી ટેસ્ટ મેચ રમી હતી.

સરફરાઝ ખાને ઘરેલુ ક્રિકેટમાં સતત શાનદાર પ્રદર્શન કરીને રાષ્ટ્રીય ટીમમાં પોતાની દાવેદારી મજબૂત કરી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત



વિગતો અનુસાર, રણજી ટ્રોફીમાં સાત મેચો દરમિયાન તેણે બાવનથી વધુની એવરેજ સાથે પુષ્કળ રન બનાવ્યા છે. આ ઉપરાંત, વિજય હજારે અને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી જેવા સ્થાનિક ટૂર્નામેન્ટ્સમાં પણ તેનો સ્ટ્રાઈક રેટ અને બેટિંગ કમાલની રહી છે, જેના કારણે તેને આ તક મળી છે. આ શાનદાર દેખાવના બળે તેને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં પણ ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમવાનો મોકો મળ્યો હતો.

### ભવિષ્યની અસરો અને વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપની સ્થિતિ

વર્તમાન સમયમાં ભારતીય ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ્સ ટેબલમાં પાંચમા સ્થાન પર છે, અને ટીમ માટે આગામી દરેક મેચ અત્યંત નિર્ણાયક સાબિત થવાની છે. શ્રીલંકા સામેની આ બે મેચોની શ્રેણીમાં સરફરાઝ ખાનનું મધ્યમ ક્રમમાં બેટિંગ કરવું ટીમ માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે.

## પ્રદર્શન // ફેન્સિંગમાં ભારતનું ઐતિહાસિક પ્રદર્શન, કોમનવેલ્થ સ્પર્ધામાં જીત્યા સત્તર મેડલ

# કોમનવેલ્થ ફેન્સિંગ ચેમ્પિયનશિપમાં ભારતે જીત્યા સત્તરમાં મેડલ

(એજન્સી) લગોસ | તા. 10

નાઈજીરીયાના લગોસ શહેરમાં યોજાયેલી અંડર ટ્વેન્ટી થ્રી કોમનવેલ્થ ફેન્સિંગ ચેમ્પિયનશિપમાં ભારતીય ખેલાડીઓએ અદ્ભુત અને ઐતિહાસિક પ્રદર્શન કરીને દેશનું નામ રોશન કર્યું છે. આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતીય દના યુવા ખેલાડીઓએ ઉત્કૃષ્ટ ટેકનિક અને ખેલદિલીનું પ્રદર્શન કરીને પુરુષ અને મહિલાઓની વિવિધ વ્યક્તિગત સ્પર્ધાઓમાં કુલ સત્તર મેડલ મેળવીને એક નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે, જે ભારતીય ફેન્સિંગ રમતના ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી શાનદાર અભિયાન સાબિત થયું છે.

સ્પર્ધા દરમિયાન પુરુષોની સેબેર સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ ઈતિહાસ રચતા પોડિયમ પર સંપૂર્ણ કબજો જમાવ્યો હતો. નિખિલ વાઘે શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો, જ્યારે લક્ષ્ય બડસરે સિલ્વર મેડલ જીત્યો હતો. આ ઉપરાંત અશ્વિની આર્યા અને લૈશરામ



મોરંબાએ બ્રોન્ઝ મેડલ મેળવીને ચારેય સ્થાન પર ભારતનો તિરંગો લહેરાવ્યો હતો. ફેન્સિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયા તરફથી મળેલા અહેવાલ મુજબ, પુરુષોના ફોઈલ અને ઈપી વિભાગમાં પણ ભારતીય ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય હરીફો સામે જબરદસ્ત મુકાબલો આપીને મેડલની કમાણી ચાલુ રાખી હતી.

પુરુષોની જેમ જ ભારતીય મહિલા ખેલાડીઓએ પણ કોઈપણ ક્ષેત્રે પાછળ ન રહેતા ત્રણમાંથી બે મુખ્ય કેટેગરીમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું. મહિલાઓની ફોઈલ સ્પર્ધામાં જોય્સ અશિતાએ શાનદાર રમત રમીને ગોલ્ડ મેડલ જીત્યો હતો, જ્યારે તેમની સાથી ખેલાડી કનગલક્ષ્મીએ સિલ્વર મેડલ મેળવ્યો હતો. તે જ પ્રમાણે મહિલાઓની ઈપી સ્પર્ધામાં પ્રાચી લોહને ગોલ્ડ મેડલ પર કબ્જો જમાવ્યો હતો, અને નિવેધ્યા નાયર તથા અનુપ્રિયાએ બ્રોન્ઝ મેડલ જીતીને દેશની ગૌરવગાથામાં વધારો કર્યો હતો. મહિલા સેબેર સ્પર્ધામાં જેફરલીને ગોલ્ડ અને આખરીએ સિલ્વર તેમજ શ્રેયા ગુપ્તાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. ભારતીય ખેલાડીઓની આ અભૂતપૂર્વ સફળતાથી ખુશ થઈને ફેન્સિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયાના મહાસચિવ રાજીવ મહેતાએ તમામ મેડલ વિજેતા ખેલાડીઓ, કોચ અને સહાયક સ્ટાફને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે અમારો મુખ્ય ઉદ્દેશ્ય યુવા ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ તકો પૂરી પાડવાનો છે જેથી તેઓ ભવિષ્યની મોટી ચેમ્પિયનશિપ અને સિનિયર સર્કિટ માટે સજ્જ થઈ શકે. આ ઐતિહાસિક વિજય ભવિષ્યમાં એક વધુ મજબૂત અને સ્પર્ધાત્મક ભારતીય ટીમ તૈયાર કરવાની દિશામાં એક ખૂબ જ મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

આ ગૌરવવંતી સિદ્ધિ સાથે જ ભારતીય ફેન્સિંગે વૈશ્વિક સ્તરે પોતાની એક મજબૂત ઓળખ ઊભી કરી છે.

## એસ્ટન વિલાના સ્ટાર ડિફેન્ડર પીએસજી ક્લબમાં સામેલ

# લુકાસ ડીગ્ને એસ્ટન વિલા છોડીને પીએસજીમાં જોડાયા

(એજન્સી) લંડન | તા. 10

ઈંગ્લિશ પ્રીમિયર લીગની લોકપ્રિય ક્લબ એસ્ટન વિલામાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે, જેમાં અનુભવી ડિફેન્ડર લુકાસ ડીગ્નેએ કાયમી ધોરણે ફ્રેન્ચ દિગ્ગજ ક્લબ પેરિસ સેન્ટ-જર્મન (પીએસજી) સાથે કરાર કરી લીધો છે. મીડિયા અહેવાલ મુજબ, જાન્યુઆરી 2022માં એવરટનથી એસ્ટન વિલામાં જોડાયેલા આ ખેલાડીએ ક્લબ માટે શાનદાર પ્રદર્શન કર્યું હતું અને વિલા પાર્ક ખાતે પોતાની લાંબી કારકિર્દી દરમિયાન અસંખ્ય મેચોમાં ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

એસ્ટન વિલા તરફથી રમતા લુકાસ ડીગ્નેએ કુલ 182 મેચોમાં ભાગ લીધો હતો, જેમાં તેણે ચાર ગોલ નોંધાવવાની સાથે સાથે સાથી



ખેલાડીઓને ચોવીસ ગોલ કરવામાં મદદ પણ કરી હતી. ગત સિઝનમાં એસ્ટન વિલાએ યુઈએફએ યુરોપા લીગનું ખિતાબ જીતવામાં સફળતા મેળવી હતી, અને આ વિજયી ટીમનો આ ફ્રેન્ચ ડિફેન્ડર એક મહત્વપૂર્ણ ભાગ રહ્યો હતો. આ ઉપરાંત, તેણે ફ્રાન્સ માટે તાજેતરની ફીફા વર્લ્ડ કપમાં પણ શાનદાર રમત દાખવી હતી, જ્યાં તેની રાષ્ટ્રીય ટીમ સેમિ-ફાઈનલ સુધી પહોંચી હતી.

ક્લબે સત્તાવાર નિવેદન જારી કરીને લુકાસ ડીગ્નેની વ્યાવસાયિક વફાદારી અને ખેલદિલીની પ્રશંસા કરી છે અને તેને ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે. પોતાની વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત ફ્રાન્સથી કરનાર આ ખેલાડી અગાઉ બાર્સેલોના અને એવરટન જેવી ટોચની ક્લબ્સ માટે પણ રમી ચૂક્યો છે. બીજી તરફ, પીએસજી ક્લબે તાજેતરમાં જ રોમાંચક મુકાબલામાં શાનદાર વિજય મેળવીને યુઈએફએ ચેમ્પિયન્સ લીગનું ટાઈટલ સફળતાપૂર્વક ડિફેન્ડ કર્યું હતું અને ફૂટબોલ જગતમાં ઈતિહાસ રચ્યો હતો.

### દસ લાખ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર

# ચીન પર પ્રચંડ ઝડપે ડોલ્ફિન વાવાઝોડું ત્રાટક્યું

(એજન્સી) બીજિંગ । તા. 10

જાપાન અને તાઈવાનમાં ભારે તારાજી વેર્યા બાદ અત્યંત ખતરનાક ડોલ્ફિન વાવાઝોડું ચીનના પૂર્વીય દરિયાકાંઠે ત્રાટક્યું છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં હલચલ મચી ગઈ છે. આ શક્તિશાળી વાવાઝોડાએ જેઝિયાંગ પ્રાંતના ગીચ વસતીવાળા યેકિંગ શહેરમાં પ્રતિ કલાક એક સો બાસઠ કિલોમીટરની પ્રચંડ ગતિએ લેન્ડફોલ કર્યું હતું, જેના પગલે ચીનના હવામાન વિભાગ દ્વારા સંભવિત વિસ્તારોમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને વહીવટી તંત્રને સાવચેત રહેવા આદેશ અપાયો છે.

### વાવાઝોડાની ભયાનકતા અને એરપોર્ટ પર ઠપ્પ થયેલી સેવાઓ

ડોલ્ફિન વાવાઝોડાના કારણે ચીનની પરિવહન વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. હેન્ગઝોઉ અને શાંઘાઈના મુખ્ય એરપોર્ટ પર બહુ મોટી સંખ્યામાં એટલે કે બે હજારથી વધુ ફ્લાઈટ્સ તુરંત જ રદ કરવામાં આવી છે, જેથી મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. વાવાઝોડાના માર્ગમાં આવતી હાઈ-સ્પીડ ટ્રેન સેવાઓ તેમજ બસો અને બસો સાથે જોડાયેલી બે સોથી વધુ ફેરી સેવાઓને પણ તકેદારીના ભાગરૂપે સંપૂર્ણપણે સસ્પેન્ડ કરી દેવામાં આવી છે.

### દસ લાખ લોકોનું સ્થળાંતર અને રાહત કેન્દ્રોની સ્થાપના

કુદરતી આપત્તિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ચીની સરકાર અને સ્થાનિક તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. તોફાનના પ્રકોપથી નાગરિકોને બચાવવા માટે એક હજારથી વધુ ઈમર્જન્સી આશ્રય કેન્દ્રો ખોલવામાં આવ્યા છે, જ્યાં હજારો લોકોએ આશરો લીધો છે. સુરક્ષા અને બચાવ દળોની મદદથી કુલ દસ લાખ જેટલા નાગરિકોનું સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે,



જેથી જાનમાલનું મોટું નુકસાન અટકાવી શકાય.

### મુશળધાર વરસાદની આગાહી અને પૂરનું જોખમ

ચીનના હવામાન વિભાગના મુખ્ય આગાહીકાર દ્વારા આપવામાં આવેલી ચેતવણી મુજબ, આગામી બુધવાર સુધી ઉત્તરીય ફુજિઆન, જેઝિયાંગ, શાંઘાઈ અને હેનાન સહિતના અનેક પ્રાંતોમાં ઓગણીસ ઈંચ સુધીનો ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે. આટલા મોટા પ્રમાણમાં થનારા વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં અચાનક પૂર આવવાની સંભાવના છે, જ્યારે પર્વતીય વિસ્તારોમાં ભૂસ્ખલનનું મોટું જોખમ પણ તોળાઈ રહ્યું છે, જેને લઈને તંત્ર એલર્ટ મોડ પર છે.

### પડોશી દેશોમાં સર્જાયેલી તારાજી અને વ્યાપક અસરો

ચીન પર હુમલો કરતા પહેલા આ વાવાઝોડાએ તાઈવાન અને જાપાનના કાગોશિમા વિસ્તારમાં ભારે વિનાશ વેરી દીધો હતો. તાઈવાનમાં પણ સેંકડો ફ્લાઈટ્સ અને ફેરી સર્વિસ બંધ કરવાની ફરજ પડી હતી. હાલમાં ચીનના દક્ષિણ કાંઠે આવેલા હોંગકોંગ સુધી આ વાવાઝોડાની અસરો અનુભવાઈ રહી છે, ત્યારે વૈજ્ઞાનિકો અને હવામાન શાસ્ત્રીઓ સતત આ તોફાનની ગતિવિધિ પર નજર રાખી રહ્યા છે જેથી નાગરિકોને સમયસર પૂરતી મદદ મળી રહે.

### ઈઝરાયલ ગાઝામાંથી સૈન્ય નહીં હટાવે

# ઈઝરાયલી વડાપ્રધાને પેલેસ્ટાઈન દેશ બનાવવાની યોજના ફગાવી



(એજન્સી) તેલ અવીવ । તા. 10

ઈઝરાયલ અને હમાસ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા ભીષણ સંઘર્ષ વચ્ચે અમેરિકન પ્રમુખ દ્વારા રજૂ કરવામાં આવેલો શાંતિ પ્રસ્તાવ વિવાદોના ઘેરાવામાં આવી ગયો છે, કારણ કે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ આ યોજનાને સંપૂર્ણપણે ફગાવી દીધી છે. મધ્ય-પૂર્વના રાજકારણમાં આ એક મોટો વળાંક સાબિત થઈ રહ્યો છે, જ્યાં ઈઝરાયલી સરકારે પોતાની સુરક્ષા અને સૈન્ય રણનીતિને સર્વોપરી ગણીને આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચા જગાવી દીધી છે.

### ઓક્ટોબર ચૂંટણી અને રાજકીય સમીકરણો

રાજકીય વિશ્લેષકોના મતે, આગામી ઓક્ટોબર મહિનામાં ઈઝરાયલમાં વડાપ્રધાનપદ માટે ચૂંટણીઓ યોજાવાની છે. આ રાજકીય માહોલ વચ્ચે સુરક્ષાના મુદ્દાઓને આગળ ધરીને નેતન્યાહૂ પોતાની રાજકીય સ્થિતિ મજબૂત કરવાના પ્રયાસો કરી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, અગાઉ પણ ફેબ્રુઆરી મહિનામાં સૈનિકોની રજાઓ રદ કરીને હુમલા કરવામાં આવ્યા હતા, જેથી વર્તમાન પરિસ્થિતિમાં પણ ઈરાન સામે મોટા હુમલાની પૂરી આશંકા

### ટ્રમ્પના શાંતિ પ્લાન સામે ઈઝરાયલનો સખત વિરોધ

અમેરિકન પ્રમુખ ટ્રમ્પ દ્વારા મધ્ય-પૂર્વમાં સ્થિરતા લાવવા માટે પંદર સૂત્રોનો શાંતિ પ્લાન રજૂ કરવામાં આવ્યો હતો, પરંતુ ઈઝરાયલી વડાપ્રધાને કેબિનેટ બેઠક બાદ સ્પષ્ટ કરી દીધું હતું કે તેમનો દેશ આ પ્રસ્તાવને મંજૂર કરતો નથી. નેતન્યાહૂએ બેધડક નિવેદન આપતા જણાવ્યું હતું કે જ્યાં સુધી તેઓ સત્તા પર છે ત્યાં સુધી પેલેસ્ટાઈનને અલગ દેશ તરીકે માન્યતા નહીં મળે અને તેની રચના પણ નહીં થવા દેવાય. આ જાહેરાતથી આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ચકચાર મચી ગઈ છે અને શાંતિ સ્થાપવાના તમામ પ્રયાસો પર પ્રશ્નાર્થ ચિહ્ન લાગી ગયો છે.

### ગાઝા પર કબજો અને સૈન્ય કાર્યવાહી અંગે સ્પષ્ટતા

બીજી બાજુ હમાસ દ્વારા ઈઝરાયલી સેનાની સંપૂર્ણ પીછેહઠની માગ કરવામાં આવી રહી છે, પરંતુ ઈઝરાયલે આ શરત ફગાવી દીધી છે. નેતન્યાહૂએ સાફ શબ્દોમાં કહ્યું છે કે જ્યાં સુધી હમાસ પોતાના તમામ હથિયારો નીચે નહીં મૂકે, ત્યાં સુધી ઈઝરાયલની સેના ગાઝામાંથી પાછી નહીં ફરે અને ત્યાં પોતાનો કબ્જો જાળવી રાખશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ઈઝરાયલી સૈન્યે પોતાની તમામ રજાઓ રદ કરી દીધી છે, જે ભવિષ્યમાં કોઈ મોટી સૈન્ય કાર્યવાહીના એંધાણ આપી રહી છે.

### ઈરાન મુદ્દે આક્રમક વલણ અને પરમાણુ નીતિ

માત્ર ગાઝા જ નહીં પરંતુ ઈરાન સાથેના તણાવ બાબતે પણ ઈઝરાયલે આક્રમક વલણ અપનાવ્યું છે. નેતન્યાહૂએ જણાવ્યું હતું કે ઈરાન અને અમેરિકા વચ્ચે કોઈપણ પ્રકારની સમજૂતી થાય, તેનાથી ઈઝરાયલને કોઈ ફરક પડતો નથી. ઈઝરાયલનું વલણ બિલકુલ સ્પષ્ટ છે કે ઈરાનને કોઈપણ સંજોગોમાં પરમાણુ હથિયાર બનાવવા દેવામાં આવશે નહીં. આગામી સમયમાં ઈઝરાયલ તહેરાન વિરુદ્ધ એકતરફી સૈન્ય પગલાં ભરે તેવી પૂરી શક્યતા સેવાઈ રહી છે.

## ન્યૂઝ બ્રીફ

### જમ્મુ-કાશ્મીરમાં કાશ્મીરી હિન્દુ કર્મચારીઓને આતંકીઓની ધમકી



ઈસ્લામાબાદ/શ્રીનગર | જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓ દ્વારા ફરી એકવાર ટાર્ગેટ કિલિંગના પ્રયાસો અને ધમકીઓનો સિલસિલો શરૂ થયો છે. અગાઉ એક બિનકાશ્મીરી મજૂરની હત્યા કર્યા બાદ, હવે આતંકી સંગઠનો દ્વારા કાશ્મીરી હિન્દુ કર્મચારીઓને જીવથી મારી નાખવાની ગંભીર ધમકીઓ આપવામાં આવી રહી છે, જેના કારણે સમગ્ર સુરક્ષાતંત્રમાં હલચલ મચી ગઈ છે. જમ્મુ-કાશ્મીરમાં કુખ્યાત આતંકી સંગઠન લશ્કર-એ-તોયબા સાથે જોડાયેલા એક ફ્રન્ટ સંગઠન દ્વારા એક ધમકીભર્યો પત્ર જાહેર કરવામાં આવ્યો છે. આ પત્રમાં ખાસ કરીને કાશ્મીરી હિન્દુ કર્મચારીઓને નિશાન બનાવવાની વાત કરવામાં આવી છે. આતંકી સંગઠને માત્ર કાશ્મીર જ નહીં પરંતુ જો હિન્દુ કર્મચારીઓ ઘાટી છોડીને જમ્મુમાં શરણ લેશે તો ત્યાં પણ હુમલા કરવાની ખુલ્લી ચેતવણી આપી છે. સંગઠને કાશ્મીરી પંડિત કર્મચારીઓને સરકાર દ્વારા આપવામાં આવી રહેલી સુરક્ષા અને સુવિધાઓનો પણ ભારે વિરોધ કર્યો છે. બીજી તરફ, સરહદની પેલે પાર પાકિસ્તાનના ઈસ્લામાબાદમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. ઈસ્લામાબાદની એક મસ્જિદમાંથી લશ્કર-એ-તોયબાના વરિષ્ઠ કમાન્ડર સઈદ અબ્દુલ અઝીઝનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો છે.

### કોલોરાડો સૈન્ય મથક ઉપર દેખાયું રહસ્યમય યૂએફઓ



ન્યૂયોર્ક | અમેરિકાના કોલોરાડો રાજ્યમાં આવેલા એક અત્યંત સુરક્ષિત સૈન્ય મથક ઉપર આકાશમાં અચાનક એક વિશાળ અને રહસ્યમય પદાર્થ ઉડતો નજરે પડતા ભારે ચર્ચા જાગી છે. આ ઘટના અંગે મળતી પ્રાથમિક વિગતો અનુસાર, આ રહસ્યમય વસ્તુ આશરે એક સો ફીટ લાંબી અને કાળા રંગની ત્રિકોણાકાર આકૃતિ ધરાવતી હતી, જેણે થોડીવાર માટે આકાશમાં અફરાતફરી મચાવી દીધી હતી અને ત્યારબાદ તે વાદળોમાં એકાએક ગાયબ થઈ ગઈ હતી. આ સનસનાટીભર્યા મામલાની શરૂઆત ત્યારે થઈ જ્યારે એક અગ્રણી અખબારે આ કથિત ઘટના વિશે વિસ્તૃત અહેવાલ પ્રકાશિત કર્યો. મીડિયા અહેવાલ અનુસાર, આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સંરક્ષણ વિભાગ અને સંબંધિત ફેડરલ એજન્સીઓએ તાત્કાલિક ધોરણે ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરી દીધી છે. વર્ષ ૨૦૦૩ દરમિયાન પણ આવા જ પ્રકારના રહસ્યમય અવકાશી પદાર્થો આ વિસ્તારમાં જોવા મળ્યા હોવાના જૂના દસ્તાવેજો અને રેકોર્ડ સામે આવ્યા છે, જેના કારણે સુરક્ષા એજન્સીઓની ચિંતામાં વધારો થયો છે.પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આ વિશાળ કાળી ચીજ પર્વતોની ઉપરથી અત્યંત રહસ્યમય રીતે પસાર થઈ રહી હતી.

### ધોળાવીરા બાદ કચ્છમાંથી વધુ એક અદભુત વિરાસત મળી

# કચ્છ સરહદે મળી સદીઓ જૂની વસાહત અને સો હાડપિંજર, સિંધુ નદીના વહેણ બદલાતાં નગર દટાયું

(એજન્સી) ભુજ । તા. 10

કચ્છ અને પાકિસ્તાન વચ્ચેની સરહદ પર આવેલા વિશાળ રણ પ્રદેશમાંથી પુરાતત્વ જગતને ચોંકાવનારી એક મોટી જાણકારી સામે આવી છે, જ્યાં સુરક્ષા દળોના પેટ્રોલિંગ દરમિયાન સદીઓ જૂની જમીન નીચે દટાયેલી એક પ્રાચીન વસાહત અચાનક સપાટી પર બહાર આવી છે. વર્ષ 2024માં સુરક્ષા જવાનોની નજરે ચડેલી આ પુરાતત્વિય સાઈટ પર દેશ-વિદેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા છેલ્લા બે વર્ષથી ઊંડાણપૂર્વકનું સંશોધન કાર્ય ચાલી રહ્યું છે, જેના કારણે પ્રાચીન ઈતિહાસના અનેક મહત્વપૂર્ણ રહસ્યો બહાર આવી રહ્યા છે.

ઐતિહાસિક ધોળાવીરાની જેમ જ કચ્છના રણમાં વધુ એક હડપ્પન સભ્યતાની વસાહત મળી આવવાથી પુરાતત્વશાસ્ત્રીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી અને ઓક્સફર્ડ યુનિવર્સિટી વચ્ચેના સંશોધન કરાર અંતર્ગત વિશેષ નિષ્ણાતોની ટીમ આ સ્થળ પર અભ્યાસ કરી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, આ સંશોધનમાં પ્રાચીન ઈતિહાસના અનેક વણઉકેલાયેલા કોયડાઓ ઉકેલાઈ રહ્યા છે, જે દર્શાવે છે કે આજના નિર્જન રણમાં ક્યારેક ધમધમતી માનવ વસાહતો અસ્તિત્વ ધરાવતી હતી અને ત્યાં હર્યુંભર્યું જીવન ધબકતું હતું.

### સિંધુ નદીનું વહેણ બદલાતાં નગર દટાયાની સંભાવના

બે વર્ષના સતત અભ્યાસ અને તપાસ બાદ વૈજ્ઞાનિકો એવા નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે સદીઓ પહેલાં કોઈ મોટી કુદરતી હોનારત સર્જાઈ હતી અથવા તો સિંધુ નદીનું વહેણ બદલાઈ જવાથી આખું નગર જમીન નીચે દટાઈ ગયું હોવું જોઈએ. સમય જતાં માટીનું ધોવાણ થવાને કારણે આ સદીઓ જૂની વસાહતના અવશેષો હવે ધીમે-ધીમે બહાર આવી રહ્યા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આ સ્થળ અંદાજે છસોથી એક હજાર વર્ષ જૂનું હોવાનું મનાઈ રહ્યું છે અને તે મધ્યયુગની હડપ્પન સંસ્કૃતિ સાથે સીધો સંબંધ ધરાવે છે, જે તે સમયની સંસ્કૃતિની ભવ્યતા દર્શાવે છે.



### એક જ જગ્યાએથી સો જેટલા હાડપિંજર મળવાનું રહસ્ય

આ પુરાતત્વિય સાઈટ પર સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે એક જ સ્થળેથી સાગમટે સો કરતાં વધુ હાડપિંજર મળી આવ્યા છે. આ તમામ હાડપિંજરો એક જ સમાન સ્થિતિમાં ગોઠવાયેલા જોવા મળ્યા છે, જેના કારણે તે કોઈ પ્રાચીન કબરસ્તાન હોવાની શક્યતા પણ તપાસવામાં આવી રહી છે. આ હાડપિંજર વાળા સ્થળથી થોડે જ દૂર માનવીય વસાહતના સ્પષ્ટ અવશેષો પણ મળી આવ્યા છે, જે તે સમયની જીવનશૈલી અને સામાજિક વ્યવસ્થાની સાક્ષી પૂરે છે.

### પ્રાચીન અવશેષો અને રોજિંદા વપરાશની ચીજવસ્તુઓ

વસાહતના અવશેષોમાંથી તેલના દીવા, વિવિધ પ્રકારના માટીના પાત્રો, બરણીઓ, તાંબાના સિક્કા અને બાળકોના રમકડાં જેવી ચીજવસ્તુઓ મળી આવી છે. નિષ્ણાતોના મતે, આ વિસ્તાર નદીના વહેણથી ઊંચાઈ પર હતો અને ત્યાંના લોકો ચોખાની ખેતી કરતા હશે. સરહદના આ અત્યંત સંવેદનશીલ વિસ્તારમાં થયેલી આ શોધ ભારત અને વિશ્વના પુરાતત્વ ઈતિહાસમાં એક નવો અને મહત્વપૂર્ણ અધ્યાય જોડવા જઈ રહી છે.

# અમેરિકા સામે ઈરાને મૂકી હોર્મુઝ ખોલવાની શરતો ટ્રમ્પે હથિયાર હેઠે મૂક્યા

(એજન્સી) તેહરાન । તા. 10

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધના પાંચ મહિના બાદ હવે પરિસ્થિતિમાં મોટો બદલાવ જોવા મળી રહ્યો છે, જેમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દબાણ હેઠળ આવ્યા હોવાનું મનાઈ રહ્યું છે. ઈરાને અમેરિકા સાથે કોઈપણ પ્રકારની સીધી વાતચીત કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે અને મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગ એવા હોર્મુઝની સાધનસામગ્રી તથા ઓઈલ પુરવઠાની સ્ટ્રેટને ફરીથી ખુલ્લી કરવા માટે પોતાની સખત શરતો વોશિંગ્ટન સમક્ષ ધરી દીધી છે.

અમેરિકા હવે પરમાણુ કરાર વિના પણ આ યુદ્ધમાંથી પીછેહઠ કરવા માટે તૈયાર થઈ ગયું છે, જે તેની મોટી નબળાઈ દર્શાવે છે. અગાઉ અમેરિકન પ્રમુખનું મુખ્ય લક્ષ્ય ઈરાનના પરમાણુ કાર્યક્રમને નેસ્તનાબૂદ કરવાનું હતું, પરંતુ ઈરાન પાસે રહેલી ત્રણ હજારથી વધુ બેલિસ્ટિક મિસાઈલો અને ભૂગર્ભ સુરંગોમાં છુપાયેલા લોન્ચર્સનો નાશ કરવામાં અમેરિકન સેના સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. આ ઉપરાંત, હિઝબુલ્લાહ અને હુથી બળવાખોરો જેવા સશસ્ત્ર જૂથો ઈરાનના સમર્થનમાં મેદાને આવતા અમેરિકાની મુશ્કેલીઓમાં નોંધપાત્ર વધારો થયો છે. ઈરાને આ વૈશ્વિક કટોકટીનો પૂરો ફાયદો ઉઠાવતા પોતાની માંગણીઓની યાદી રજૂ કરી છે, જેમાં યુદ્ધથી થયેલા ભારે આર્થિક નુકસાનનું વળતર આપવું, ઈરાન પર લાદવામાં આવેલા તમામ પ્રતિબંધો તાત્કાલિક હટાવવા અને વિદેશોમાં ફ્રીઝ કરાયેલી સંપત્તિ મુક્ત કરવાનો સમાવેશ થાય છે. બીજી તરફ, ખાડી વિસ્તારમાંથી અમેરિકન નૌકાદળની નાકાબંધી હટાવવાની પણ મુખ્ય શરત મૂકવામાં આવી છે. ઘરઆંગણે વધી રહેલા ઓઈલ અને ઊર્જા સંકટના કારણે આગામી ચૂંટણીઓમાં ટ્રમ્પ પર રાજકીય દબાણ પણ સતત વધી રહ્યું છે.

# અમેરિકામાં ભારતીય વિદ્યાર્થી દ્વારા ગર્લફ્રેન્ડની હત્યા વિદ્યાર્થીની જર્મનીથી ધરપકડ, ગર્લફ્રેન્ડની હત્યા કરી ભાગી છૂટ્યો હતો

(એજન્સી) એરિઝોના । તા. 10

અમેરિકાના એરિઝોના રાજ્યમાંથી એક અત્યંત ચોંકાવનારો અને હચમચાવી દેનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ઓગણીસ વર્ષીય ગર્લફ્રેન્ડની ક્રૂરતાપૂર્વક હત્યા કરીને વિદેશ ભાગી જવાનો પ્રયાસ કરનાર વીસ વર્ષીય ભારતીય યુવકની જર્મનીથી ધરપકડ કરવામાં આવી છે. આ દુઃખદ ઘટનાને કારણે સમગ્ર વિસ્તાર અને શૈક્ષણિક જગતમાં ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, વરુણ બાચીગારી નામના આ ભારતીય નાગરિક પર તેની ગર્લફ્રેન્ડ અને કોલેજની વિદ્યાર્થીની જુલિસા રૂબી સાલાઝારનું ગળું દબાવીને નિર્દયતાથી હત્યા કરવાનો ગંભીર આક્ષેપ છે. જુલિસા ટક્સનમાં યુનિવર્સિટી ઓફ એરિઝોના પાસે આવેલા પોતાના એપાર્ટમેન્ટમાંથી મૃત હાલતમાં મળી આવી હતી. પરિવાર દ્વારા તપાસની માંગ કરવામાં આવતા પોલીસે એપાર્ટમેન્ટ પર પહોંચીને તપાસ કરી



હતી, જ્યાં તે અચેત અવસ્થામાં મળી આવી હતી અને તેના શરીર પર ઈજાના સ્પષ્ટ નિશાન પણ જોવા મળ્યા હતા.

આપને જણાવી દઈએ કે, યુવતીની હત્યા કર્યા બાદ આરોપી વરુણ તરત જ ટક્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પહોંચ્યો હતો અને ત્યાંથી હ્યુસ્ટનની ફ્લાઈટ પકડી હતી. ત્યારબાદ હ્યુસ્ટનથી તે સીધો જર્મનીના બર્લિન માટે રવાના થયો હતો. એરિઝોના પોલીસ અને સંઘીય એજન્સીઓએ સતત તેનો પીછો કરીને ધરપકડ માટેનું વોરન્ટ ઈશ્યૂ કરાવ્યું હતું, જેના કારણે વરુણ બર્લિન એરપોર્ટ પર ઉતરતાની સાથે જ કસ્ટડીમાં લેવાયો હતો. તે જર્મનીના રસ્તે ભારત ભાગી જવાની યોજના બનાવી રહ્યો હતો.

રિપોર્ટ્સ અનુસાર, જુલિસા વરુણ દ્વારા થતા શારીરિક ત્રાસ અને યૌન શોષણથી કંટાળી ગઈ હતી અને તેની સાથેના સંબંધો હંમેશાં માટે તોડી નાખવા માંગતી હતી. આરોપી વરુણ એરિઝોના યુનિવર્સિટીમાં બિઝનેસ એનાલિટિક્સનો અભ્યાસ કરતો હતો, પરંતુ અગાઉ મારામારીના ગંભીર કેસના કારણે તેને યુનિવર્સિટીમાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો. આ ઉપરાંત તેના પર ઘરેલુ હિંસાના આરોપો પણ હતા અને મે મહિનાનો એક કેસ કોર્ટમાં પેન્ડિંગ હતો. તાજેતરમાં તેની નોકરી પણ છૂટી ગઈ હતી, જેના કારણે તે તણાવમાં હતો. પોલીસ હવે આ સમગ્ર મામલે વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી રહી છે.

**બગ** | ગુપ્તચર એજન્સીઓની ગંભીર ચિંતા અને ડેટા ટ્રાન્સફર, યુઝર્સનો ડેટા ચીન મોકલવાની આશંકા

# ચીનની મોબાઈલ કંપનીઓની ડિવાઈસમાં બગ હોવાની આશંકા

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

ભારતીય કાયદાઓ અને નિયમોના પાલનને લઈને સોશિયલ મીડિયા દિગ્ગજ મેટા સામે આક્રમક વલણ અપનાવ્યા બાદ હવે કેન્દ્ર સરકારે ચીનની મોબાઈલ બનાવતી કંપનીઓ સામે સકંજો કસવાની તૈયારી શરૂ કરી દીધી છે. ગુપ્તચર એજન્સીઓ દ્વારા ચીની મોબાઈલ ડિવાઈસીસમાં ઉપયોગમાં લેવાતા ચિપસેટ, સોફ્ટવેર અને ડેટા સ્ટોરેજમાં ગંભીર ખામી કે બગ હોવાની પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી છે, જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષા સામે મોટો ખતરો પેદા થઈ શકે છે.

ગુપ્તચર એજન્સીઓના તાજા અહેવાલ મુજબ, ચીનની કેટલીક મોબાઈલ કંપનીઓના ફોનમાં વપરાતા સોફ્ટવેર અને હાર્ડવેર દ્વારા ભારતીય યુઝર્સનો ખાનગી ડેટા ગુપ્ત રીતે વિદેશમાં આવેલા સર્વરમાં ટ્રાન્સફર થતો હોવાની શંકા છે. યુઝર્સનો ડેટા કેવી રીતે સ્ટોર થાય છે અને તેની પ્રોસેસિંગ કઈ રીતે કરવામાં આવે છે તેની વિગતવાર તપાસ અત્યંત જરૂરી બની ગઈ છે. અગાઉ



પણ એજન્સીઓ દ્વારા આ બાબતે ચેતવણી આપવામાં આવી હતી, પરંતુ નવા ઈનપુટ્સ મળ્યા બાદ સરકારે આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પુનઃ સમીક્ષા હાથ ધરી છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં જ ચીનની વિવિધ મોબાઈલ કંપનીઓના પ્રતિનિધિઓને સમન્સ પાઠવી શકે છે. સરકાર દ્વારા કંપનીઓને તેમના ડેટા સ્ટોરેજ, સોફ્ટવેર કંટ્રોલ અને ચિપસેટ જેવા મહત્વપૂર્ણ હાર્ડવેર કમ્પોનન્ટ્સ અંગે સીધા સવાલો પૂછવામાં આવશે. એજન્સીઓએ કેટલીક કંપનીઓના સંચાલન મોડેલમાં સુરક્ષાની દૃષ્ટિએ જોખમી બાબતો ઓળખી કાઢી છે. જેમાં સોફ્ટવેરનું નિયંત્રણ વિદેશથી થવું, આઈપીની માલિકી વિદેશમાં હોવી અને રોયલ્ટીના નાણાં બહાર જવાનો સમાવેશ થાય છે. સરકારી આંકડાઓ મુજબ, છેલ્લા બાર મહિનામાં વિવિધ કેન્દ્રીય અને રાજ્ય એજન્સીઓ દ્વારા ચીની કંપનીઓ સાથે સંકળાયેલા દસ હજારથી વધુ કેસ સામે આવ્યા છે. આશ્ચર્યજનક વાત એ છે કે કેટલાક મામલામાં કંપનીઓ તરફથી તપાસમાં અપેક્ષિત સહયોગ નથી મળી રહ્યો. કંપનીઓ દલીલ કરી રહી છે કે તેમના દેશના કાયદા અને નિયમોના કારણે તેઓ સંબંધિત ડેટા ભારતીય પક્ષ સાથે શૅર કરવા માટે બંધાયેલા નથી, જે ભારતીય સુરક્ષા એજન્સીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર કડકાઈ દાખવ્યા બાદ હવે ચીનની મોબાઈલ કંપનીઓ સાથે જોડાયેલા આ ઈનપુટ્સ કેન્દ્ર સરકાર માટે ડેટા સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષાનો સૌથી મોટો મુદ્દો બની ગયા છે.

# રશિયાની ભારત સાથે રેલવે જોડવાની મોટી યોજના

(એજન્સી) મોસ્કો । તા. 10

આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા યુદ્ધો અને દરિયાઈ માર્ગો પરના વધતા જોખમો વચ્ચે રશિયાએ એક અત્યંત મહત્વાકાંક્ષી અને વિશાળ યોજના તૈયાર કરી છે. બોસ્મરસ અને હોર્મુઝ જેવી મહત્વપૂર્ણ સમુદ્રધૂનીઓ અત્યંત જોખમી અને ભયાવહ બની જતાં, હિન્દ મહાસાગર સુધી સરળતાથી પહોંચવા માટે રશિયાએ ભારત સાથે રેલવે લિંક સ્થાપિત કરવાની એક જબ્બર યોજના ઘડી કાઢી છે, જે અંગે મોસ્કોમાંથી સત્તાવાર નિવેદન સામે આવ્યું છે.

મીડિયા અહેવાલ અનુસાર, રશિયાના નાયબ વડાપ્રધાન મેરેટ ખુશ્નુલીને એક અગ્રણી ન્યૂઝ એજન્સીને આપેલી મુલાકાતમાં જણાવ્યું છે કે આ વૈકલ્પિક રેલ માર્ગ તુર્કમેનિસ્તાન, ઈરાન, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન જેવા દેશોમાંથી પસાર થઈને સીધો ભારત સુધી પહોંચશે. વર્તમાન સમયમાં હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલા સશસ્ત્ર સંઘર્ષો અને લોખંડી પ્રતિબંધોના કારણે વૈશ્વિક સ્તરે વીસ ટકા જેટલો તેલનો પુરવઠો પ્રભાવિત થયો છે, જેનાથી આંતરરાષ્ટ્રીય વેપારને ભારે ફટકો પડ્યો છે. આ ગંભીર પરિસ્થિતિમાંથી બહાર આવવા અને વૈશ્વિક અર્થતંત્રને મજબૂતી પૂરી પાડવા માટે આ રેલ-લિંક પ્રોજેક્ટ અત્યંત અનિવાર્ય બની ગયો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, આ યોજના પાછળનો જબરજસ્ત ખર્ચ રશિયા એકલું જ ઉઠાવવા માટે તૈયાર છે. આ વિશાળ પ્રોજેક્ટ આગામી પાંચ વર્ષની અંદર પૂર્ણ થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં દર વર્ષે એક ટ્રિલિયન રુબલ જેટલો માતબર ખર્ચ થશે. આ રેલવે નેટવર્ક તૈયાર થવાથી ભારત સાથેનું વેપારી જોડાણ વધુ મજબૂત અને સુરક્ષિત બનશે.

# સહકારી બેંકોની અમ્બ્રેલા સંસ્થા NUCFDC દિલ્હીથી મુંબઈ ખસેડાશે: અમિત શાહ

(એજન્સી) મુંબઈ | તા 10

ભારતના શહેરી સહકારી બેંકિંગ એટલે કે અર્બન કોઓપરેટિવ બેન્કિંગ (યુસીબી) ક્ષેત્રમાં ટેક્નોલોજી આધારિત પરિવર્તન, સાયબર રેઝિલિયન્સ અને સંસ્થાકીય ક્ષમતા નિર્માણ તરફ એક મહત્વપૂર્ણ પગલા તરીકે, માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે યુસીબી ક્ષેત્રને મજબૂત બનાવવા માટેનો રોડમેપ રજૂ કર્યો. આ સાથે મુંબઈના બીએસઈ ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે શહેરી સહકારી બેંકો માટેની અમ્બ્રેલા સંસ્થા નેશનલ અર્બન કો-ઓપરેટિવ ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (NUCFDC)ની ડિજિટલ અને સંસ્થાકીય પહેલોની શ્રેણીનો પ્રારંભ કર્યો.આ પહેલોમાં બેંક ઈન અ બોક્સનો પણ સમાવેશ થાય છે, જે યુસીબીને એન્ડ-ટુ-એન્ડ બેંકિંગ ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવા માટે તૈયાર કરવામાં આવેલું એક સંકલિત મેનેજ્ડ ટેક્નોલોજી પ્લેટફોર્મ છે. સમગ્ર ક્ષેત્રમાં સાયબર સુરક્ષા અને સાયબર રેઝિલિયન્સને મજબૂત બનાવવા માટે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (એનએફએસયુ) સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરવામાં આવી છે. તેમજ 'સહકાર CBS'ના પ્રારંભિક સ્વીકારક તરીકે છ યુસીબીનું સન્માન કરવામાં આવ્યું. સહકાર CBSએ શહેરી સહકારી બેંકો માટે એનયુસીએફડીસીનું કોર બેંકિંગ સોલ્યૂશન છે.આ કાર્યક્રમ દરમિયાન "ઓપરેશનલ રિસ્ક મેનેજમેન્ટ એન્ડ રેઝિલિયન્સ"નું પણ લોન્ચિંગ કરવામાં આવ્યું. આ યુસીબી માટેની એક વ્યવહારુ હેન્ડબુક છે, જે ભારતીય રિઝર્વ બેંકના ભૂતપૂર્વ ડેપ્યુટી જનરલ મેનેજર અને વિજય કો-ઓપરેટિવ બેંક તથા અમદાવાદ મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેંકના ભૂતપૂર્વ જનરલ મેનેજર શ્રી જી. પી. મિસ્ત્રી દ્વારા લખવામાં આવી છે.શ્રી અમિત શાહે મુંબઈમાં એનયુસીએફડીસીની નવી કચેરીનું પણ ઉદ્ઘાટન કર્યું, જે સંસ્થાની સંસ્થાકીય સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. એનયુસીએફડીસીએ પોતાની રજિસ્ટર્ડ ઓફિસ દિલ્હીથી મુંબઈ ખસેડવાનો નિર્ણય લીધો છે, જે મુંબઈને શહેરી સહકારી બેંકો, સહકારી સંસ્થાઓ, નીતિ નિર્માતાઓ, ટેક્નોલોજી ભાગીદારો અને અન્ય હિતધારકો સાથેના તેના જોડાણ માટેના મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે



સ્થાપિત કરશે. મુંબઈ સ્થિત નવી કચેરી એનયુસીએફડીસીની ક્ષેત્ર સાથે નજીકથી કામ કરવાની, સભ્ય બેંકોને સહાય પૂરી પાડવાની અને સંકલિત રીતે સમગ્ર ક્ષેત્રને આવરી લેતી પહેલોને આગળ ધપાવવાની ક્ષમતાને વધુ મજબૂત બનાવશે.આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ, સહકાર મંત્રાલયના સચિવ શ્રી આશિષ કુમાર ભુટાણી, આઈએએસ, સહકાર મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ, દેશભરની શહેરી સહકારી બેંકોના અધ્યક્ષો, નિયામક મંડળના સભ્યો અને શેરધારકો, રાજ્ય સહકારી ફેડરેશનો અને જિલ્લા સહકારી બેંકોના પ્રતિનિધિઓ, નીતિ નિર્માતાઓ, નિયમનકારો, ટેક્નોલોજી ભાગીદારો અને અન્ય મુખ્ય હિતધારકો પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત એનયુસીએફડીસીના ચેરમેન શ્રી જ્યોતિન્દ્ર એમ. મહેતાના સ્વાગત સંબોધનથી થઈ હતી. ત્યારબાદ એનયુસીએફડીસીની કોર્પોરેટ ફિલ્મનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેમાં ટેક્નોલોજીથી સજ્જ, સુરક્ષિત અને ભવિષ્ય માટે તૈયાર શહેરી સહકારી બેંકિંગ ક્ષેત્રનું નિર્માણ કરવાની સંસ્થાની દ્રષ્ટિ રજૂ કરવામાં આવી હતી.સભાને સંબોધતા માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે: "એનયુસીએફડીસી શહેરી સહકારી બેંકોની બેંકિંગ સેવાઓને આધુનિક, પારદર્શક અને વિશ્વસનીય બનાવીને તેમને નવું જીવન આપશે. ટેક્નોલોજી, ડિજિટલ બેંકિંગ, સાયબર સુરક્ષા, ડિજિટલ ફોરેન્સિક્સ અને છેતરપિંડી તથા મ્યુલ એકાઉન્ટ્સની ઓળખ માટે મ્યુલહન્ટર જેવી એઆઈ આધારિત સિસ્ટમ્સના માધ્યમથી એનયુસીએફડીસી નાની બેંકોને પણ પરવડે તેવા ખર્ચે અદ્યતન બેંકિંગ ક્ષમતાઓ સુધી પહોંચવામાં સક્ષમ બનાવશે. આનાથી બેંકિંગ સિસ્ટમની સુરક્ષા વધુ મજબૂત થશે, થાપણદારોનો વિશ્વાસ વધશે અને શહેરી સહકારી બેંકોને વધુ મજબૂત પાયા પર સ્પર્ધા કરવા માટે તૈયાર કરવામાં આવશે."એનયુસીએફડીસીના ચેરમેન શ્રી જ્યોતિન્દ્ર એમ. મહેતાએ શહેરી સહકારી બેંકિંગ ક્ષેત્રને મજબૂત બનાવવા અંગે વાત કરતાં જણાવ્યું હતું કે: "શહેરી સહકારી બેંકોની પાયાના સ્તરે મજબૂત હાજરી છે અને સમુદાયો, ઉદ્યોગસાહસિકો તથા સ્થાનિક અર્થતંત્રને સહયોગ આપવામાં તેઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારત વધુ ટેક્નોલોજી આધારિત અને સમાવેશી નાણાકીય વ્યવસ્થા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે, યુસીબીને વિકાસ કરવા, નવીનતા લાવવા અને વધુ કાર્યક્ષમતા તથા આત્મવિશ્વાસ સાથે તેમના ગ્રાહકોને સેવા આપવા માટે સજ્જ કરવી મહત્વપૂર્ણ છે.

# અમરનાથ યાત્રા અનિશ્ચિતકાળ માટે મોકૂફ

(એજન્સી) કાશ્મીર | તા 10



ઉત્તર કાશ્મીરના બાલતાલ અને દક્ષિણ કાશ્મીરના પહલગામ-બંને રૂટ પરના ટ્રેક ક્ષતિગ્રસ્ત થવાને કારણે તથા હવામાન વિભાગની પ્રતિકૂળ આગાહીને પગલે અમરનાથ યાત્રા (SANJY-2026) અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરી દેવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, બેઝ કેમ્પ તરફ જતા બંને રસ્તાઓને પહોંચેલા નુકસાનનું સમારકામ કરવામાં લાંબો સમય લાગશે. આથી યાત્રિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસ અને બેઝ કેમ્પમાં રહેલા તમામ શ્રદ્ધાળુઓને પોતપોતાના ઘરે પરત ફરવાની વિનંતી કરવામાં આવી છે. યાત્રા સ્થગિત થતાં જ આ વર્ષ માટેનું નવું રજિસ્ટ્રેશન પણ તાત્કાલિક અસરથી બંધ કરી દેવાયું છે. હવે શ્રદ્ધાળુઓને કાશ્મીર ઘાટી તરફ આગળ વધવા દેવામાં આવશે નહીં, પરંતુ પરંપરાગત પહલગામ માર્ગેથી ભગવાન શિવની પવિત્ર 'છડી મુબારક' ગુફા મંદિર પહોંચશે અને 28 ઓગસ્ટે યાત્રાનું વિધિવત સમાપન થશે. આ ઉપરાંત, હાલ જમ્મુ-કાશ્મીરમાં માત્ર ઘાટીમાંથી યાત્રિકોને સુરક્ષિત રીતે પરત લાવતા વાહનોના કન્વોયને જ મંજૂરી આપવામાં આવી રહી છે.3 જુલાઈથી શરૂ થયેલી 57 દિવસીય અમરનાથ યાત્રા દરમિયાન અત્યાર સુધીમાં 4.80 લાખથી વધુ શ્રદ્ધાળુઓ સમુદ્ર સપાટીથી 3880 મીટરની ઊંચાઈએ આવેલા પવિત્ર ગુફા મંદિરમાં બાબા બરફાનીના દર્શન કરી ચૂક્યા છે. હિમાલયની પહાડીઓમાં સ્થિત આ પવિત્ર ગુફામાં બરફનું શિવલિંગ (સ્ટેલેગ્માઈટ) બને છે, જે ચંદ્રની કળા સાથે ઘટે અને વધે છે. ભક્તોમાં એવી ગાઢ આસ્થા છે કે બરફનું આ શિવલિંગ ભગવાન શિવની દિવ્ય અને અલૌકિક શક્તિઓનું પ્રતીક છે. હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન જમ્મુ-કાશ્મીરમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. પવિત્ર ગુફા અને પહાડી વિસ્તારની ભૌગોલિક સ્થિતિને જોતાં ખરાબ હવામાનના કારણે બંને રૂટ પર જોખમ વધી શકે છે. ઉલ્લેખનીય છે કે, સુરક્ષા કારણોસર આ વર્ષે બેઝ કેમ્પથી આગળનો વિસ્તાર 'નો ફ્લાય ઝોન' જાહેર કરાયો હોવાથી હેલિકોપ્ટર સેવા પણ ઉપલબ્ધ નહોતી.

# કે.વી. વિદ્યામંદીર ગારિયાધાર મા"વિશ્વ સિંહ દિવસ"ની તાલુકાકક્ષાની ઉજવણી થઈ



કે.વી. વિદ્યામંદિર, વી.ડી. વાઘાણી વિદ્યાસંકુલ (સ્કૂલ & કોલેજ), ગારીયાધાર ખાતે આજે "વિશ્વ સિંહ દિવસ"ની તાલુકાકક્ષાની ઉજવણી ખૂબ જ ઉત્સાહપૂર્ણ, પ્રેરણાદાયી અને વન્યજીવ સંરક્ષણનો સંદેશ આપતા વાતાવરણમાં કરવામાં આવી હતી.આ પ્રસંગે નાયબ મામલતદારશ્રી ત્રિવેદી સાહેબ, જિલ્લા કો-ઓર્ડિનેટરશ્રી તખુભાઈ સાંડસુર,વન અધિકારીશ્રી દેવેન્દ્રસિંહ પરમાર, સહિત અધિકારીઓ, તાલુકા કો-ઓર્ડિનેટરશ્રી રવિભાઈ સાંડસુર, CRCશ્રી ભાવેશભાઈ કાસેલ, CRCશ્રી દીપકભાઈ, સંસ્થાના ટ્રસ્ટીશ્રી હિમાંશુભાઈ વાઘાણી તેમજ શાળાના આચાર્યશ્રી કલ્યાણભાઈ સોરઠીયા સહિતના મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.વિશ્વ સિંહ દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ રચનાત્મક અને જનજાગૃતિસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેમાનો તથા વિદ્યાર્થીઓએ પોતાના વક્તવ્યો દ્વારા સિંહનું પ્રકૃતિ અને પર્યાવરણમાં મહત્વ, સિંહ પ્રત્યે આપણી ફરજો તથા તેના સંરક્ષણ માટે સમાજની જવાબદારી અંગે ઉપયોગી અને પ્રેરણાદાયી માહિતી રજૂ કરી હતી.

# જુલાઈ 2026 દરમિયાન ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેએ માલસામાનના લોડિંગમાં 18.1% વૃદ્ધિ નોંધાવી

માલીગાંવ | આવશ્યક ચીજવસ્તુઓ માટે સમયસર પરિવહન અને માલસામાન ટ્રેનોના કાર્યક્ષમ સંચાલન પ્રત્યેની તેની સતત પ્રતિબદ્ધતાને અનુરૂપ, ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેએ જુલાઈ 2026 દરમિયાન માલસામાનના લોડિંગમાં પ્રોત્સાહક વૃદ્ધિ નોંધાવી છે. ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેએ મહિના દરમિયાન કુલ 1.105 મિલિયન ટન માલસામાનનું લોડિંગ નોંધાવ્યું છે, જે ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં 18.1% નો વધારો દર્શાવે છે.જુલાઈ 2026 દરમિયાન ઘણી મુખ્ય ચીજવસ્તુઓના લોડિંગમાં નોંધપાત્ર વધારો નોંધવામાં આવ્યો હતો. સિમેન્ટ લોડિંગમાં 89.6% નો નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો, જ્યારે ડોલોમાઈટ લોડિંગમાં ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં 42.9% નો વધારો થયો હતો. મહિના દરમિયાન કન્ટેનર લોડિંગમાં પણ 45.5% નો વધારો થયો હતો, જ્યારે પેટ્રોલિયમ તેલ અને લુબ્રિકન્ટ્સ (POL) લોડિંગમાં 3.6% નો વધારો થયો હતો. વધુમાં, જુલાઈ 2026 દરમિયાન 'અન્ય સામગ્રી' શ્રેણી હેઠળ વિવિધ માલસામાનના લોડિંગમાં 10.0% નો વધારો થયો. જુલાઈ 2026 સુધીમાં સંચિત નૂર લોડિંગ 4.135 મિલિયન ટન પર પહોંચ્યું, જે ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં 6.9% નો વધારો દર્શાવે છે.નૂર લોડિંગમાં આ સતત વધારો ઉત્તરપૂર્વ અને આસપાસના પ્રદેશોમાં વધતી જતી આર્થિક અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓને પ્રતિબિંબિત કરે છે. આ સતત વૃદ્ધિએ માત્ર પ્રાદેશિક સપ્લાય ચેઈન નેટવર્કને મજબૂત બનાવ્યું નથી પરંતુ ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેની આવકમાં પણ નોંધપાત્ર ફાળો આપ્યો છે.ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે આગામી મહિનાઓમાં વિશ્વસનીય પરિવહન અને નૂર ચળવળમાં સતત વૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે તકનીકી પ્રગતિ, કાર્યકારી કાર્યક્ષમતા અને ગ્રાહક-કેન્દ્રિત નૂર સેવાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.



# જાફરાબાદ શ્રી બ્રાંચ પ્રાથમિક શાળા શાળા દ્વારા વિશ્વ સિંહ દીવસની ઉજવણી કરવામાં આવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ જાફરાબાદ તાલુકાની શ્રી બ્રાંચ પ્રાથમિક શાળામાં આજ રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સિંહોના સંરક્ષણ અને લોકોમાં સિંહ પ્રત્યે જાગૃતિ વધે તે હેતુથી શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ વિવિધ જાગૃતિ પ્રવૃત્તિઓ યોજી હતી.આ પ્રસંગે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ સિંહનો મોહરો પહેરીને રેલી યોજી હતી. રેલી દરમિયાન વિદ્યાર્થીઓએ "સિંહ બચાવો" સહિતના જાગૃતિભર્યા સૂત્રોચ્ચાર કરી લોકોમાં સિંહોના સંરક્ષણનો સંદેશો પહોંચાડ્યો હતો. વિદ્યાર્થીઓએ રેલી દ્વારા સિંહ આપણા સૌનું ગૌરવ છે અને તેના સંરક્ષણની જવાબદારી દરેક નાગરિકની છે તેવો સંદેશ આપ્યો હતો. શાળાના શિક્ષકો દ્વારા પણ વિદ્યાર્થીઓને સિંહોના મહત્વ, જંગલ અને વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# મહીસાગર જિલ્લામાં આશા અને આંગણવાડી કાર્યકર બહેનો માટે વિશેષ 'આયુષ્માન કાર્ડ ઝુંબેશ'

જગદીશ ત્રિવેદી | મહીસાગર



રાજ્યના નાગરિકોને ગંભીર બીમારીઓ સામે આરોગ્ય સુરક્ષા કવચ પૂરું પાડવા માટે સરકારશ્રી દ્વારા આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY - 'પી.એમ. જેવાય') ચલાવવામાં આવી રહી છે. આ મહત્વાકાંક્ષી યોજના અંતર્ગત લાભાર્થી પરિવારોને વાર્ષિક ૧૦,૦૦,૦૦૦ (દસ લાખ રૂપિયા) સુધીની વિનામૂલ્યે તબીબી સારવારની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. છેવાડાના માનવી સુધી આરોગ્ય સેવાઓ પહોંચાડવામાં અહર્નિશ સેવારત એવી મહીસાગર જિલ્લાની આશા બહેનો, આંગણવાડી કાર્યકરો અને તેડાગર (હેલ્પર) બહેનોના સ્વાસ્થ્યની ચિંતા કરી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા એક વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. મહીસાગર જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC) ખાતે હાલમાં આ વિશેષ 'આશા આયુષ્માન કાર્ડ ઝુંબેશ' પૂરજોશમાં ચાલી રહી છે. જે અંતર્ગત આશા વર્કર, આંગણવાડી કાર્યકર તેમજ આંગણવાડી હેલ્પર બહેનો અને તેમના પરિવારના જે સભ્યોના આયુષ્માન કાર્ડ કાઢવાના હજુ પણ બાકી હોય, તેમને સત્વરે શોધીને આ યોજનાનો લાભ અપાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આરોગ્ય અને મહિલા-બાળ વિકાસ વિભાગના પાયાના અને મહત્વના અંગ સમાન આ બહેનો રાત-દિવસ લોકોની સેવામાં કાર્યરત રહે છે. ત્યારે આ બહેનો અને તેમના પરિવારજનો કોઈપણ આકસ્મિક બીમારી સમયે મોટી સારવારના આર્થિક બોજથી સંપૂર્ણપણે મુક્ત રહે તે આ વિશેષ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય છે.જિલ્લાના તમામ પીએચસી (PHC) પર આ કાર્ડ કાઢવાની કામગીરી ચાલી રહી છે.

# મહીસાગર જિલ્લામાં "હર ઘર તિરંગા અભિયાન " અને "તિરંગા યાત્રા" ની ભવ્ય ઉજવણી સંદર્ભે કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

આગામી ૧૫મી ઓગષ્ટ, સ્વાતંત્ર્ય દિન-૨૦૨૬ નિમિત્તે મહીસાગર જિલ્લામાં 'હર ઘર તિરંગા' અભિયાનની શાનદાર ઉજવણી કરવા માટે આજરોજ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને એક અગત્યની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠક દરમિયાન જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ પ્રત્યક્ષ રીતે ઉપસ્થિત રહ્યા હતા અને તાલુકાના તમામ અધિકારીઓ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.રાજ્ય સરકારની સૂચના મુજબ આગામી તા. ૦૯/૦૮/૨૦૨૬ થી તા. ૧૭/૦૮/૨૦૨૬ દરમિયાન સમગ્ર ગુજરાતમાં વંદે માતરમના ૧૫૦ વર્ષની થીમ આધારિત 'હર ઘર તિરંગા' અભિયાનની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત મહીસાગર જિલ્લામાં તા. ૧૩/૦૮/૨૦૨૬ ના રોજ કલેક્ટર કચેરીથી આઝાદ મેદાન સુધી એક ભવ્ય 'તિરંગા યાત્રા' યોજાનાર છે અને વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ ૧૪/૦૮/૨૦૨૬ ના રોજ લુણાવાડા પી એન પંડ્યા કોલેજ ખાતે યોજાશે. આ યાત્રા અને અન્ય કાર્યક્રમોના સુચારૂ આયોજન તેમજ સંચાલન માટે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા વિવિધ અધિકારીઓને ચોક્કસ કામગીરી સુપ્રત કરવામાં આવી હતી.આ બેઠકમાં 'તિરંગા યાત્રા' માં પૂરતો પોલીસ બંદોબસ્ત, પોલીસ બેન્ડ અને રૂટ પર ટ્રાફિક વ્યવસ્થા જાળવવા અંગે સૂચનાઓ આપવામાં આવી હતી. યાત્રામાં NCC કેડેટ્સ, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, સામાજિક સંગઠનો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સખી મંડળોની વિશાળ જનભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે. આ ઉપરાંત, શાળા અને કોલેજ કક્ષાએ વંદે માતરમ, રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રીય એકતા અને સ્વાતંત્ર્ય સંગ્રામ આધારિત રંગોળી તેમજ ચિત્રકામ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.

# લુણાવાડાની પોલન સ્કૂલ ખાતે અર્બન હેલ્થ સેન્ટર દ્વારા 'રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી

જગદીશ ત્રિવેદી | મહીસાગર



મહીસાગર જિલ્લાના લુણાવાડા સ્થિત પોલન સ્કૂલ ખાતે આજરોજ અર્બન હેલ્થ સેન્ટર, લુણાવાડા દ્વારા 'રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (CDHO), RCHO શ્રી અને તાલુકા આરોગ્ય અધિકારીશ્રી (THO) ના સીધા માર્ગદર્શન હેઠળ આ જાગૃતિ અને અમલીકરણ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત શાળાના તમામ વિદ્યાર્થીઓને આરોગ્ય વિભાગની ટીમની પ્રત્યક્ષ દેખરેખ હેઠળ કૃમિનાશક 'આલ્બેન્ડાઝોલ' (Albendazole) ની ગોળી ખવડાવવામાં આવી હતી. આ દવાનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોના શારીરિક અને માનસિક વિકાસને અવરોધતા કૃમિના સંક્રમણથી તેઓને સંપૂર્ણ રક્ષણ આપવાનો છે.

ગોળી આપવાની કામગીરી સાથે-સાથે અર્બન હેલ્થ સેન્ટરની આરોગ્ય ટીમ દ્વારા ઉપસ્થિત બાળકો અને શિક્ષકગણને રાષ્ટ્રીય કૃમિનાશક દિવસનું આરોગ્યલક્ષી મહત્વ વિગતવાર સમજાવવામાં આવ્યું હતું. આરોગ્ય કર્મીઓએ માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, શરીરમાં કૃમિ હોવાને કારણે બાળકોમાં એનીમિયા (લોહીની ઉણપ) અને કુપોષણ જેવી ગંભીર સમસ્યાઓ સર્જાય છે. આ સમસ્યાઓથી બચવા અને બાળકના સર્વાંગી વિકાસ માટે નિયમિતપણે કૃમિનાશક ગોળી લેવી ખૂબ જ આવશ્યક છે.આ ઉપરાંત, બાળકોને વ્યક્તિગત સ્વચ્છતા જાળવવા અંગે પણ વિશેષ માહિતગાર કરવામાં આવ્યા હતા. જેમાં ભોજન કરતા પહેલાં અને શૌચાલયના ઉપયોગ બાદ અચૂક સાબુથી હાથ ધોવા, તેમજ બીમારીઓથી બચવા નખ નિયમિત રીતે કાપીને ટૂંકા રાખવા જેવી આરોગ્યપ્રદ ટેવો રોજિંદા જીવનમાં કેળવવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

# આવાસ યોજનાના ત્રીજા હપ્તા માટે ₹10,000ની લાંચ લેતા એન્જિનિયર જયેશ પટેલ અને વચેટિયો મહીસાગર ACBના છટકામાં રંગેહાથ ઝડપાયા

દિપક રાવલ દાહોદ લીમખેડા

ઝાલૌદ નગરપાલિકા સંલગ્ન 'એફોરડેબલ હાઉસિંગ મિશન' (AHM) માં કરાર આધારિત એન્જિનિયર તરીકે ફરજ બજાવતા જયેશકુમાર જયંતીલાલ પટેલ અને તેમના સહયોગી/વચેટિયા મનુભાઈ ચંદુભાઈ વસૈયાને 10,000ની લાંચ લેતા મહીસાગર એન્ટી કરપ્શન બ્યુરો (ACB) ની ટીમે રંગેહાથ ઝડપી પાડ્યા છે.પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજના હેઠળ ફરિયાદ નિવારણ/હપ્તાની કામગીરી દરમિયાન, ફરિયાદીના ખાતામાં પ્રથમ બે હપ્તા બાદ ત્રીજો 1.50 લાખનો હપ્તો જમા થયો હતો. આ હપ્તાની રકમ ચુકવવાના સંદર્ભમાં AHMના એન્જિનિયર જયેશ પટેલ દ્વારા ફરિયાદી પાસે 10,000ની લાંચની માંગણી કરવામાં આવી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે મહીસાગર ACBનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે ACBની ટીમે તાત્કાલિક લાંચનું છટકું (Trap) ગોઠવ્યું હતું.ટ્રેપ દરમિયાન મુવાડા ચોકડી, ઝાલૌદ પોલીસ ચોકી નજીક આવેલા પાન-મસાલાના ગલ્લા પાસે લાંચની રકમ સ્વીકારવા માટે એન્જિનિયર જયેશ પટેલે પોતાના વચેટિયા મનુભાઈ વસૈયાને આગળ કર્યો હતો.

# સાપુતારા ખાતે મોન્સૂન ફેસ્ટિવલમાં સોમવારે પણ પ્રવાસીઓની ચિક્કાર ભીડ,ગરબા-ડાન્સની રમઝટથી ડોમ બન્યો રંગીન

ડાંગ | રાજ્યના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે ચાલી રહેલા મોન્સૂન ફેસ્ટિવલમાં સોમવારે પણ પ્રવાસીઓની ચિક્કાર ભીડ જોવા મળી હતી.ગુજરાત પ્રવાસન વિભાગ ગાંધીનગર દ્વારા આયોજિત મોન્સૂન ફેસ્ટિવલના ડોમમાં યોજાતા વિવિધ કાર્યક્રમો પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.મોન્સૂન ફેસ્ટિવલના ડોમમાં એન્કર જીગ્નેશ પાટીલ દ્વારા પ્રવાસીઓની ફરમાઈશ અનુસાર ગરબા અને ડાન્સની રમઝટ બોલાવવામાં આવી રહી છે.સંગીતના તાલે પ્રવાસીઓ પણ ગરબે ઘૂમતા જોવા મળતાં સમગ્ર ડોમમાં ઉત્સાહ અને આનંદનો માહોલ છવાઈ રહ્યો છે. વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રવાસીઓની સાપુતારા મુલાકાતને યાદગાર બનાવી રહ્યા છે.

સામાન્ય રીતે શનિ-રવિ દરમિયાન સાપુતારામાં પ્રવાસીઓની વધુ ભીડ જોવા મળે છે, પરંતુ હાલ મોન્સૂન ફેસ્ટિવલના પગલે સોમવાર જેવા ચાલુ દિવસે પણ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. જેના કારણે સાપુતારામાં યોજાઈ રહેલા મેઘ મલ્હાર પર્વને પણ સારી એવી સફળતા મળી રહી છે.મોન્સૂન ફેસ્ટિવલના ડોમમાં ઉમટેલી પ્રવાસીઓની ચિક્કાર ભીડ અને ગરબા-ડાન્સની રમઝટથી સાપુતારામાં ઉત્સવનો માહોલ સર્જાયો હતો.આ દ્રશ્યો તસવીરોમાં પણ સ્પષ્ટપણે જોવા મળી રહ્યા છે.

# છોટાઉદેપુર જિલ્લામાં આગામી ૧૫મી ઓગસ્ટે ૭૯માં સ્વાતંત્ર્ય પર્વની મુખ્ય ઉજવણી સંખેડા તાલુકાની શ્રી ડી.બી.પારેખ હાઈસ્કૂલ ખાતે કરવામાં આવશે. આ રાષ્ટ્રીય પર્વની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

આ ઉજવણીની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને છોટાઉદેપુર જિલ્લા સેવા સદનના વીસી હોલમાં એક સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં તમામ વિભાગોના અધિકારીઓને તેમની જવાબદારીઓ સોંપવામાં આવી હતી.કલેક્ટર ગાર્ગી જૈને કાર્યક્રમ સ્થળે મેદાન તૈયાર કરવા, સ્ટેજ, શામિયાણો, ટેન્ટ અને સાઉન્ડ સિસ્ટમની સુવ્યવસ્થિત ગોઠવણી કરવાના આદેશ આપ્યા હતા. VVIP અને મહાનુભાવો માટે વિશેષ બેઠક વ્યવસ્થા ગોઠવવા તેમજ આમંત્રણ કાર્ડની કામગીરી પણ સોંપવામાં આવી હતી.વધુમાં, ૧૪ અને ૧૫ ઓગસ્ટે જિલ્લાની તમામ સરકારી કચેરીઓને આકર્ષક રોશનીથી શણગારવાનો નિર્દેશ અપાયો હતો. કાયદો અને વ્યવસ્થા જાળવવા, બેન્ડ, ફ્લેગમાર્ચ, પરેડ અને ટ્રાફિક નિયમનની કામગીરી માટે પોલીસ વિભાગને ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી.શિક્ષણ વિભાગ દ્વારા દેશભક્તિ ગીતો, ગરબા, યોગ નિદર્શન તેમજ શાળાઓમાં નિબંધ, વક્તૃત્વ અને ચિત્ર સ્પર્ધાઓનું આયોજન કરાશે. ઉજવણીના ભાગરૂપે રક્તદાન અને મેડિકલ કેમ્પ પણ યોજાશે. ધ્વજવંદન બાદ વન વિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવશે.આ પ્રસંગે જિલ્લામાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર અધિકારી-કર્મચારીઓ, રમતગમતમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર ખેલાડીઓ અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. સાથે જ, જિલ્લા કક્ષાના નવા વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ પણ કરવામાં આવશે.આ બેઠકમાં પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખ, નિવાસી અધિક કલેક્ટર શૈલેષ ગોકલાણી, મદદનીશ કલેક્ટર મુસ્કાન ડાગર સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# વિદ્યાર્થી સન્માન સમારંભ ગાંધીનગરના સ્વામી સચ્ચિદાનંદ બ્રહ્મભવન ખાતે કરવામાં આવ્યું




જગદીશ ત્રિવેદી | મહીસાગર

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા બ્રહ્મ સમાજના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા તથા સમાજમાં એકતા અને સંગઠનની ભાવના ને મજબૂત બનાવવાના હેતુથી વિદ્યાર્થી સન્માન સમારંભ ગાંધીનગરના સ્વામી સચ્ચિદાનંદ બ્રહ્મભવન ખાતે કરવામાં આવ્યું હતું. સમારંભના મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મહાનગર ભાજપ પ્રમુખ આશિષકુમાર દવે રાજસભાના સભ્ય રાજેશકુમાર શુક્લ ગાંધીનગર ના ધારાસભ્ય રીટાબેન પટેલ તથા ગાંધીનગર ના મેયર મીરાબેન પટેલ હાજર રહ્યા હતા કાર્યક્રમમાં અતિથિ વિશેષ ગાંધીનગર મહાનગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ગૌરાંગભાઈ વ્યાસ બ્રહ્મ અગ્રણી પિનાકીન રાવલ નિશિત વ્યાસ ખાસ ઉપસ્થિત હતા આ કાર્યક્રમમાં બ્રહ્મ સમાજના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું ગાંધીનગર બ્રહ્મ સમાજના પ્રમુખ કમલેશ ઉપાધ્યાય એ સ્વાગત પ્રવચન કરી પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મંત્રી મુકેશ શુકલ તથા મિતુલ જોશી એ ભારે જેહેમત ઉઠાવી હતી.

# ખેતી બેંક ચાણસ્માની ચૂંટણી પહેલાં ભાજપ પ્રેરિત.6 ઉમેદવારો બિનહરીફ થતાં કેશરીયો લહેરાયો

નિતીન ઠાકર ચાણસ્મા

ખેતી બેક ચાણસ્મા શાખા ના 5 પ્રતિનિધિ અને 1 સભ્ય માટે અગામી સમયમાં ચૂંટણી યોજાવાની હતી ત્યારે ચાર દિવસ પહેલાં ઉમેદવારોએ ઉમેદવારી માટે 14 ઉમેદવારો ચૂંટણી જંગમાં હતા ઉમેદવારીપત્રો પરત ખેંચવાની. અંતિમ તારીખે હરીફ ઉમેદવારો એ તેમના ઉમેદવારી પત્રો પરત ખેંચતા. પાંચ પ્રતિનિધિઓ અને એક સભ્ય પ્રતિનિધિઓ બિનહરીફ જાહેર થતાં જિલ્લા ભાજપ અધ્યક્ષ રમેશભાઈ સિંધવ તાલુકા ભાજપ પ્રમુખ કિરણ ભાઈ જાની ખરીદ વેચાણ સંઘના પ્રમુખ કૌશિકભાઈ પટેલ સહિત ચાણસ્મા શહેર ભાજપના આગેવાનોએ બિહરીફ.પદાધિકારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. વિન હરીફ વિજેતા

પ્રતિનિધિ ઓ

(૧) પટેલ લાલજીભાઈ નારણભાઈ - ચાણસ્મા

(૨) દેસાઈ મહેન્દ્રભાઈ કરમશીભાઈ - દેલમાલ

(૩) દેશાઈ વિષ્ણુભાઈ કરમશીભાઈ કંબોઈ

(૪) ચૌધરી દિનેશભાઈ નાનજીભાઈ - કમાલપુર

(૫) ચોધરી રાજેશકુમાર દલસુંગ ભાઈ સભ્ય

(૬) પટેલ રાજેશકુમાર કાશીદાસ રામગઢ

# સંખેડા તાલુકાના આકાખેડા ગામ પાસે આવેલા વિંધ્યવાસિની ડુંગરી માતાજીના મંદિરના ગેટ સામેના નાળામાં તાજેતરના વરસાદ બાદ ભુવો પડ્યો

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાના આકાખેડા ગામ પાસે આવેલા વિંધ્યવાસિની ડુંગરી માતાજીના મંદિરના ગેટ સામેના નાળામાં તાજેતરના વરસાદ બાદ ભુવો પડ્યો છે. આ કારણે દર્શનાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.ડુંગર પર આવેલું હોવાથી આ મંદિર 'ડુંગરી માતાજી' તરીકે પણ ઓળખાય છે. આસો મહિનાની અને ગુપ્ત નવરાત્રિ દરમિયાન અહીં મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવે છે. હાલ નાળામાં ભુવો પડવા ઉપરાંત તેની પેરાફિટને પણ નુકસાન થયું છે.આ નુકસાનને કારણે વાહનો તેમજ પગપાળા આવતા ભક્તોને અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે. સ્થાનિક લોકોએ તાત્કાલિક રોડ રિપેર કરવા અને જવાબદાર અધિકારીઓ સ્થળની તપાસ કરી સમારકામ હાથ ધરે તેવી માંગ કરી છે.

# છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શરૂ કરાયેલી 'સશક્ત દીકરી - કલેક્ટર ઇન ક્લાસ રૂમ'

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા | છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શરૂ કરાયેલી 'સશક્ત દીકરી - કલેક્ટર ઈન ક્લાસ રૂમ' પહેલ અંતર્ગત સંખેડાની સાર્વજનિક હાઈસ્કૂલ અને જેતપુરપાવીની વીઆર શાહ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓએ કલેક્ટર કચેરીની મુલાકાત લીધી.કલેક્ટર ગાર્ગી જૈન સાથેના પરામર્શ બાદ આ મુલાકાત ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન વિદ્યાર્થીનીઓને જિલ્લા વહીવટીતંત્રની કાર્યપદ્ધતિ, વિવિધ શાખાઓની કામગીરી અને નાગરિકલક્ષી સેવાઓ વિશે પ્રત્યક્ષ માહિતી આપવામાં આવી.

### દિલ્હીમાં ગુજરાત ભાજપની 'મહાબેઠક' : સાંસદો સાથે મહત્વની બેઠક

અમદાવાદ | ગુજરાત ભાજપના સંગઠન અને સરકાર માટે મહત્વપૂર્ણ ગણાતી બેઠકોનો દોર દિલ્હીમાં શરૂ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દિલ્હી પહોંચ્યા છે. તેમની સાથે ભાજપના તમામ મહામંત્રીઓ પણ દિલ્હી પહોંચ્યા છે.દિલ્હીમાં ગુજરાતના ભાજપના તમામ સાંસદો સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં રાજ્ય સરકાર, સંગઠન અને કેન્દ્ર વચ્ચેના સંકલન સહિત વિવિધ મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થવાની શક્યતા છે.

### વૃદ્ધને ઠગવાની સાયબર ઠગોની ચાલ ઊંધી પડી

ગાંધીનગર | ડિજિટલ એરેસ્ટ સામે સાઈબર ક્રાઈમ અંગેની જાગૃતિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતો કિસ્સો સામે આવ્યો છે. નકલી પોલીસ અને ઇ.ડી.ના અધિકારી બનીને સાઈબર ઠગોએ એક વૃદ્ધને સતત છ દિવસ સુધી ઘરમાં જ ડિજિટલ એરેસ્ટ રાખી રૂ.2.01 લાખ પડાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ઠગોની ચાલ સમજી ગયેલા ચતુર વૃદ્ધે સમયસૂચકતા વાપરીને માત્ર 201 રૂપિયા જ ટ્રાન્સફર કર્યા હતા. તેમની આ નાનકડી પણ ચતુર ચાલે ગાંધીનગર સ્થિત સાઈબર સેન્ટર ઓફ એક્સેલન્સને આંતરરાજ્ય સાઈબર ગેંગના રૂ.40 લાખથી વધુના કાળા કારોબારનો પર્દાફાશ કરવામાં મદદ કરી છે.

# અમદાવાદમાં ઝરમર વરસાદ



# અરવલ્લી-મહીસાગરમાં અતિભારેની આગાહી : અંબાલાલે કહ્યું-13મી સુધીમાં સારો વરસાદ થશે, જાણો ઓગસ્ટ શરૂઆતમાં કેમ ઓછો વરસાદ પડ્યો

અમદાવાદ | 10 ઓગસ્ટ અમદાવાદ-ગાંધીનગરમાં ઝરમર વરસાદી માહોલ જામ્યો છે. હવામાન વિભાગે આજે અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે, જ્યારે વાવ-થરાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ અને દાહોદમાં છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરાયું છે. આવતીકાલે(11 ઓગસ્ટ) 5 જિલ્લામાં યલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે કહ્યું કે, ઓગસ્ટ શરૂઆતમાં વરસાદ ઓછુ થવાનું કારણ પેસેફિક મહાસાગરનું એક વાવાઝોડુ બન્યું હતું, તે વાવાઝોડુ હવે દક્ષિણ ચીન તરફ જશે. ત્યારબાદ બંગાળ ખાડીમાં ફરી સિસ્ટમ બનવાની શક્યતા રહેશે. આ વાવાઝોડુ અરબસાગર-બંગાળ ખાડીનો ભેજ ખેંચી જતું હતું એટલે સારો વરસાદ થવામાં અંતરાય ઉભો થયો હતો. પરંતુ 13મી ઓગસ્ટ સુધીમાં ફરીથી સારો વરસાદ જોવા મળશે.

અંબાલાલ પટેલે જણાવ્યું કે, આજથી રાજ્યના ઘણા ભાગોમાં વરસાદ થવાની શક્યતા છે. 13 ઓગસ્ટ સુધી મહિસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, વડોદરા, અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા તેમજ દક્ષિણ, સૌરાષ્ટ્રના વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. આ ઉપરાંત પાટણ, સમી અને હારીજના કેટલાક ભાગોમાં પણ વરસાદી માહોલ રહેશે, જેમાં સાબરકાંઠા અને અરવલ્લીના ભાગોમાં ખાસ કરીને વધુ વરસાદ થવાની શક્યતા છે.

લો પ્રેશર સિસ્ટમ બનશે અને બાદમાં વરસાદી ઝાપટાંનું પ્રમાણ વધશે

અંબાલાલ પટેલે કહ્યું કે, 14 ઓગસ્ટ બાદ બંગાળના ઉપસાગરમાં લો પ્રેશર સર્જાશે, જેની મુખ્ય અસર પૂર્વ ભારતના ભાગોમાં જોવા મળશે. ત્યારબાદ 17, 18 અને 19 ઓગસ્ટે રાજ્યના વાતાવરણમાં ફરી પલ્ટો આવશે અને કેટલાક ભાગોમાં વરસાદ થશે. 22 અને 23 ઓગસ્ટથી ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે. 31 ઓગસ્ટ પૂર્વ ફાલ્ગુની નક્ષત્રના બેસવાને કારણે વરસાદ થવાની શક્યતા છે, જોકે આ નક્ષત્રના વરસાદનું પાણી સારું ગણાતું નથી. આ પછી બીજી અને સાતમી સપ્ટેમ્બરે પણ હવામાનમાં પલટો આવશે અને સમગ્ર સપ્ટેમ્બર મહિના દરમિયાન રાજ્યના વિવિધ ભાગોમાં ભારે વરસાદ થવાની શક્યતા રહેલી છે.

### સામાન્ય કરતા 9 ટકા વધુ વરસાદ નોંધાયો

રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ 491.2 mm વરસાદ નોંધાયો છે. જોકે રાજ્યમાં 450.5 mm વરસાદ સામાન્ય હોવો જોઈએ. એટલે કે રાજ્યમાં સામાન્ય કરતા 9 ટકા વધુ વરસાદ નોંધાયો છે. અને સૌરાષ્ટ્રમાં 13 ટકા ઓછો વરસાદ નોંધાયો છે. અમરેલી જિલ્લામાં ભારે વરસાદી માહોલ જામ્યો છે.

જ્યાં શહેર સહિત સમગ્ર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ વરસાદી ઝાપટાં શરૂ થયાં છે. આ સિવાય બાબરા તાલુકાના લુણકી અને ઈંગોરાળા સહિતના આસપાસના ગામોમાં પણ ધીમી ધારે વરસાદી ઝાપટાં પડતાં સમગ્ર પંથકમાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે અને સર્વત્ર મેઘાવી માહોલ છવાયો છે. 10 દિવસના લાંબા વિરામ બાદ મહીસાગર જિલ્લામાં મેઘરાજાએ ફરી એન્ટ્રી કરી છે. સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો અને બપોર બાદ લુણાવાડા, ખાનપુર સહિત જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ઝરમર વરસાદ શરૂ થયો છે.

## અમદાવાદ ખાતે ઝોનલ સ્તરીય ઈંગ્લીશ મીડીયમ સંત સમાગમ (EMS) નું સફળ આયોજન'




અમદાવાદ | અમદાવાદમાં સંત નિરંકારી સત્સંગ ભવન, ઇન્ડિક્વિપ ખાતે રવિવાર ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૩.૦૦ દરમિયાન ઇંગ્લીશ માધ્યમ સમાગમ (EMS- English Medium Samagam) નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાષા નો આધાર લઈ અમદાવાદ ઝોન ની મણીનગર, બોપલ, સુરેન્દ્રનગર, ઓઢવ, ચાંદખેડા, સરદારનગર, લાંભા અને નાના ચિલોડા ની બ્રાંચના શ્રદ્ધાળુ ભક્તો દ્વારા સતગુરુ ના વચનો, નિરંકારી મિશન ની હરદેવ અને અવતાર વાણી ને આવરી લઈ સ્પીચ, સ્કીટ, લઘુ નાટિકા, એક્ટ, કવિતાઓ અને ગીતો વિગેરે ખૂબ સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મુંબઈથી ખાસ પધારેલ પ્રચારિકા બહેન નિહારિકા ચૌધરીનું સ્વાગત કરતાં, અમદાવાદ ઝોનના ઝોનલ ઇન્ચાર્જ શ્રી ધર્મપાલ મોટવાણીએ જણાવ્યું હતું કે, સદ્‌ગુરુ માતા સુદીક્ષા જી મહારાજથી પ્રેરિત થઈને EMS જેવા કાર્યક્રમો નિઃશંકપણે યુવાનોને ભવિષ્યના પડકારો માટે તૈયાર કરવાનું માધ્યમ બની રહ્યા છે. પોતાના સંબોધનમાં પ્રચારક બહેને જણાવ્યું કે સદ્‌ગુરુ માતાજી 'બ્રહ્મજ્ઞાન' દ્વારા માનવ સમાજને એક કરી રહ્યા છે. પરમ પિતા સર્વશક્તિમાન નો અંશ દરેક જીવમાં વિદ્યમાન છે. તેથી, દરેક વ્યક્તિમાં ઈશ્વરીય રૂપ ને ઓળખીને સૌની સાથે હૃદયપૂર્વક આદરભાવથી વર્તવું જોઈએ. આપણા જીવનમાં જે કંઈ પણ બને તેને ઈશ્વરની ઈચ્છા માનીને સ્વીકારી લેવું એ જ સાચા સુખ અને કલ્યાણનો માર્ગ છે. આપણે સૌએ 'બ્રહ્મજ્ઞાન'ના દિવ્ય પ્રકાશથી આપણા જીવનને પ્રકાશિત કરવું જોઈએ અને સમાજ માટે આદર્શ બનવું જોઈએ અને આ જ જીવનનો મૂળભૂત સાર છે. સમાગમ ના સમાપન સમયે, અમદાવાદના ઝોનલ ઇન્ચાર્જે આ સભામાં સહભાગી થયેલા ભક્તો, મહેમાનો અને સ્વયંસેવકોનો હૃદયપૂર્વક આભાર માન્યો.

### સુરત સિવિલ ડોક્ટર આત્મહત્યા કેસ: ૨૪ કલાકમાં તપાસ પૂર્ણ; ૪ સીનિયર ડોક્ટરો સસ્પેન્ડ, HODને 'શો-કોઝ' નોટિસ

સુરત | સુરત નવી સિવિલ હોસ્પિટલમાં પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડોક્ટરની આત્મહત્યાની દુઃખદ ઘટનાને રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ અત્યંત ગંભીરતાથી લીધી છે. ઘટનાની ગંભીરતા જોઈને તેમણે તાત્કાલિક ધોરણે પેનલ તેમજ ફોરેન્સિક પીએમ (PM) કરાવવાના આદેશો જારી કર્યા હતા. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની કડક સૂચના બાદ રચાયેલી વિશેષ તપાસ કમિટીએ રાત-દિવસ એક કરીને માત્ર ૨૪ કલાકમાં જ તપાસ પૂર્ણ કરી હતી. કમિટીના અહેવાલમાં રેગિંગ અને માનસિક ત્રાસની પુષ્ટિ થતાં જ જવાબદાર ચાર સીનિયર ડોક્ટરોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ સાથે જ, આ પ્રકારની ઘટના રોકવામાં નિષ્ફળ રહેવા બદલ નવી સિવિલ હોસ્પિટલના સંબંધિત વિભાગના HOD અને ટીચિંગ સ્ટાફને 'શો-કોઝ' નોટિસ પાઠવવામાં આવી છે. મંત્રીશ્રીના આ કડક વલણથી રેગિંગ કરનારા તત્વો સામે સ્પષ્ટ સંદેશ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવ્યો છે.

## 'ઝેન ઝી સે ડર ગયા બૂમર મોદી':નવરંગપુરામાં સરકારી હોર્ડિંગ પર PM મોદીના પોસ્ટર પર વિવાદીત સ્ટીકર ચોંટાડતા FIR...

અમદાવાદ | નવરંગપુરામાં રેલવે ફાટક નજીક આવેલા એક સરકારી હોર્ડિંગ પર પીએમ નરેન્દ્ર મોદીની જાહેરાતવાળા પોસ્ટર પર કેટલાક અજાણ્યા શખ્સોએ વિરોધ દર્શાવતા અને વિવાદાસ્પદ સૂત્રો લખેલા સ્ટીકર લગાવ્યા હતા. ખાનગી હોર્ડિંગ પર આ પ્રકારના પોસ્ટર લાગતા કોન્ટ્રાક્ટ ધરાવતી કંપનીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. જોકે હાલ આ પોસ્ટર હટાવી દેવામાં આવ્યા છે.

સેલવેલ મીડિયામાં એડમિન મેનેજર કામ કરતા 48 વર્ષીય ચિરાગ ભાવસારે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, નવરંગપુરા રેલવે ફાટક પાસે આવેલા સાશ્વત બિલ્ડિંગની આગળના ભાગે કોર્નર પર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેન્ડરથી ભાડે આપવામાં આવેલું હોર્ડિંગ આવેલું છે. આ હોર્ડિંગનો ત્રણ વર્ષનો લીઝ કોન્ટ્રાક્ટ આંબાવાડી સ્થિત સેલવેલ મિડિયા સર્વિસીસ પ્રા.લી. પાસે છે. ગત 5મી ઓગસ્ટ, 2026ના રોજ સાંજે અરસામાં કંપનીના ધ્યાન પર આવ્યું હતું કે હોર્ડિંગ પર લાગેલી પીએમ સૂર્યઘર યોજનાની સોલાર પેનલની જાહેરાતવાળા અને પીએમ મોદીના ફોટાવાળા પોસ્ટર પર કોઈએ વિરોધ કરતા વિવાદાસ્પદ સ્ટીકર ચોંટાડી દીધા છે.

આ સ્ટીકરમાં 'છાત્રો કા ખૂન મોદી કે હાથ', 'ઝેન ઝી સે ડર ગયા બૂમર મોદી', 'સંઘી બૂમરને ઝેન ઝી કો મરવા દિયા' અને 'મોદીને મરવા દિયા' જેવા સૂત્રો લખવામાં આવ્યા હતા. અજાણ્યા શખ્સે




સરકારી મિલકત સમાન હોર્ડિંગની ફ્રેમ, લાઈટિંગ અને અસલ પોસ્ટરને નુકસાન પહોંચાડ્યું છે. જેમાં ફ્રેમ અને લાઈટિંગ અને ઓરિજિનલ પોસ્ટર સહિત કુલ રૂપિયા 26,500નું નુકસાન થયું છે. હાલમાં વિવાદિત પોસ્ટર હટાવી લેવામાં આવ્યા છે. પોસ્ટર અંગે નવરંગપુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સચિવાલયના બ્લોક નં-9ના બેઝમેન્ટમાં શોર્ટ સર્કિટથી આગ : ધુમાડાના ગોટેગોટાથી અફરાતફરી, કોઈ જાનહાનિ નહીં; મોટી હોનારત ટળી

ગાંધીનગર | ગાંધીનગર સચિવાલયના બ્લોક નંબર 9ના બેઝમેન્ટ ભાગમાં અચાનક જ આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં બેઝમેન્ટમાંથી કાળા ધુમાડાના ગોટેગોટા બહાર નીકળવા લાગતા સમગ્ર પરિસરમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટના સમયે બ્લોકમાં ઉપસ્થિત કર્મચારીઓમાં ક્ષણભર માટે દોડધામ મચી ગઈ હતી. જોકે ફાયર બ્રિગેડની સમયસૂચકતાથી આગને કાબૂમા લઈ મોટી હોનારત ટાળી દેવાઈ હતી.

આ બનાવની જાણ થતાં જ સ્થળ પર તહેનાત સુરક્ષાકર્મીઓએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. સચિવાલય જેવા સંવેદનશીલ સ્થળે આગ લાગી હોવાના સમાચાર મળતા જ ફાયર ફાઈટરોનો કાફલો વાહનો તથા લાઈફ સેવિંગ સાધનો સાથે ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

ફાયર ફાઈટરોએ બેઝમેન્ટમાં ધુમાડા વચ્ચે સાવચેતીપૂર્વક અંદર પ્રવેશ કરીને સતત પાણીનો મારો ચલાવ્યો હતો. આગને ટૂંક જ સમયમાં અન્ય વિસ્તારો કે ઉપરના માળ સુધી પ્રસરે તે પહેલાં જ સંપૂર્ણપણે કાબૂમાં લેવામાં



આવી હતી. પ્રાથમિક તપાસ અને અધિકારીઓના અનુમાન મુજબ, બેઝમેન્ટમાં આવેલા ઈલેક્ટ્રિકલ વાયરિંગ અથવા પાવર પેનલમાં થયેલા શોર્ટ સર્કિટના કારણે આ હોનારત સર્જાઈ હોવાની શક્યતા છે. સદનસીબે, આ સમગ્ર દુર્ઘટનામાં કોઈ પણ વ્યક્તિને જાનહાનિ કે શારીરિક ઈજા પહોંચી નથી, જેનાથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

## રાષ્ટ્રપતિ ભવન માટે અમદાવાદ NIDએ સ્વતંત્રતા દિવસ ઈન્વિટેશન કિટ બનાવી : 220થી વધુ સભ્યોની ટીમની ચાર મહિના મહેનત, ચાર રાજ્યોની પરંપરાગત હસ્તકળાનો અનોખો સંગમ

ગાંધીનગર | નવી દિલ્હી સ્થિત રાષ્ટ્રપતિ ભવન ખાતે 15 ઓગસ્ટ, 2026ના રોજ ભારતનો 80મો સ્વતંત્રતા દિવસ ધામધૂમથી ઉજવાશે. આ ઐતિહાસિક પ્રસંગે ઉપસ્થિત રહેનારા મહાનુભાવો માટે અનોખી 'ઈન્વિટેશન કિટ' ડિઝાઈન કરવાનો મોકો નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NID), અમદાવાદને મળ્યો છે. માર્ચ 2026માં શરૂ કરાયેલા આ વિશેષ પ્રોજેક્ટમાં NID અમદાવાદના ડાયરેક્ટર ડો. અશોક મંડલના નેતૃત્વ હેઠળ ફેકલ્ટી, પૂર્વ વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીઓ અને 220થી વધુ સભ્યોની ટીમે ચાર મહિના સુધી સખત મહેનત કરી છે. આ કિટમાં ભારતની પરંપરાગત લોકકળા, પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ જીવનશૈલીની ઝાંખી રજૂ કરવામાં આવી છે.

લગભગ 100 જેટલા સ્થાનિક કારીગરો અને NID ટીમ દ્વારા તૈયાર થયેલી આ નિમંત્રણ પત્રિકામાં મુખ્યત્વે ભારત દેશના ચાર રાજ્યો છત્તીસગઢ, ગોવા, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રની સમૃદ્ધ હસ્તકળા અને પર્યાવરણીય પદ્ધતિઓને આવરી લેવામાં આવી છે.



છત્તીસગઢ: બસ્તરના કારીગરો દ્વારા નિર્મિત પ્રાચીન 'ઢોકરા' મેટલ કાસ્ટિંગ કળાથી પવિત્ર જંગલોના સંરક્ષણને દર્શાવવામાં આવ્યું છે. આ સાથે જ વેસ્ટ લોખંડમાંથી બનેલી 'લોહ-શિલ્પ' ઘંટડી અને ડિસ્પ્લે ફ્રેમ કિટનો ભાગ છે.

ગોવા: ગોવાની પરંપરાગત 'અઝુલેજો' ટાઈલ્સ આર્ટ દ્વારા દરિયાકાંઠાના પર્યાવરણને જાળવતી પ્રાચીન 'ખાઝાન' સિસ્ટમ દર્શાવાઈ છે.

મધ્ય પ્રદેશ: મધ્ય પ્રદેશની પ્રસિદ્ધ 'ભીલ આર્ટ' અને બાગ પ્રિન્ટની કવર થેલીનો ઉપયોગ થયો છે. આ ચિત્રકળા દ્વારા બીજ સંરક્ષણની પરંપરા ઉજાગર કરવામાં આવી છે.

મહારાષ્ટ્ર: મહારાષ્ટ્રની પ્રાચીન 'વારલી આર્ટ' દ્વારા છત્રપતિ સંભાજીનગરમાં ખામ નદીના પુનરુદ્ધાર માટે કરાયેલા પ્રયાસોની સુંદર ઝાંખી આપવામાં આવી છે.

અતિથિઓના સ્વાગત માટે 'સેરેમોનિયલ સ્ટોલ' તૈયાર કરાયો

આ ઉપરાંત, કાર્યક્રમમાં હાજર રહેનારા તમામ અતિથિઓનું સ્વાગત કરવા માટે મહેશ્વરમાં રેશમ અને કપાસના તાંતણાથી ખાસ વણાયેલો 'સેરેમોનિયલ સ્ટોલ' તૈયાર કરવામાં આવ્યો છે. આ સ્ટોલમાં પણ ચારેય રાજ્યોની વણાટ શૈલી જેવી કે મહારાષ્ટ્રની કારવટ કાઠી, ગોવાની કુણબી, મહેશ્વરની કાંગરા અને છત્તીસગઢની ચિંતા ચોક બોર્ડરનો સમન્વય જોવા મળે છે.

## ટ્રક ચાલકે બાઈકને અડફેટે લેતા આધેડનું મોત:પત્ની અને પૌત્રને ઈજા, સંબંધીના ઘરેથી પરત ફરતાં હતા

અમદાવાદ | અમદાવાદના હાથીજણ સર્કલ પાસે ટ્રક ચાલકે બાઈકને અડફેટે લેતા આધેડ દંપતી અને પૌત્ર રોડ પર પટકાયા હતાં. જેમાં આધેડ પર ટ્રકનું ટાયર ફરી વળતા ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે ઈજાગ્રસ્ત પત્ની અને પૌત્રને સારવાર માટે હોસ્પિટલ ખસેડયા હતા. આ અંગે ટ્રાફિક પોલીસે ફરાર ટ્રક ચાલક સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

ઘોડાસરમાં રહેતા મેલાભાઈ ચૌહાણ ખેતીકામ કરતા હતા. ગત 9 ઓગસ્ટે પત્ની રંજનબેન અને 10 વર્ષીય પૌત્રને બાઈક લઈને હાથીજણ સર્કલ પાસે સંબંધીના ઘરે ગયા હતા. ત્યાંથી પરત ઘરે જતા હતા ત્યારે હાથીજણ સર્કલ પાસે રિંગરોડ પર મામાદેવ ધાબાની સામે કટ પાસેથી પસાર થતા હતા.

આ દરમ્યાન પુરઝડપે આવી રહેલ ટ્રકે બાઈકને અડફેટે લેતા આધેડ દંપતી અને પૌત્ર રોડ પર પટકાયા હતા. જ્યારે ટ્રકનું ટાયર મેલાભાઈ ફરી વળતા તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

અકસ્માતને પગલે આસપાસના લોકો ભેગા થતા



ચાલક ટ્રક મૂકીને નાસી ગયો હતો. જ્યારે ઈજાગ્રસ્ત રંજનબેન અને પૌત્રને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. આ અંગે મૃતકની પત્નીએ ટ્રક ચાલક સામે જે ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...